
કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક
સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઈ રાવત

વર્ષ ૫૭મું · અંક ૧લો · જાન્યુઆરી ઈ. સ. ૧૯૮૦ · સળંગ અંક ૬૭૩મો



નાગદમન · લોકશૈલીથી પ્રભાવિત એક સુંદર સાંપ્રત ચિત્રસંયોજન · કલાકાર : બલવન્ત જોષી (જુઓ આ અંકમાંની 'કલાવાર્તા')



વિરહોત્કંઠિતા (કલાકાર - સોમાલાલ શાહ)



કુમાર

જાન્યુઆરી ૧૯૮૦ • અંક ૬૭૩

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે હોતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૨૪·૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬·૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

'કુમાર'માંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

વાચકો લખે છે...

બગીચાનું પુસ્તક–૧

'વિનોદની નજરે' માટે વિનોદભાઈને તેમ જ તમને અભિનંદન. 'પુષ્પમાળા' ખૂબ જ ગમી છે. અને ઉત્કૃષ્ટ મુખપૃષ્ઠો માટે ય અભિનંદન.

અંક ૬૬૬માં મુરબ્બી શ્રી નરોત્તમભાઈએ 'બગીચાનું પુસ્તક'નો 'વાચકો લખે છે'માં ઉલ્લેખ કરેલો છે. તો આ વિષયની વધારે માહિતી નીચે પ્રમાણે છે:

'ફળઝાડ તથા શાકભાજી વાવવાની રીતનું બગીચાનું પુસ્તક': લે. દુર્લભરામ સી. અંજારિયા (લીંબડીના રહેવાસી), આ પુસ્તક ઈ. ૧૯૦૬-માં બહાર પડેલું. મારી પાસે તેની ચોથી આવૃત્તિ છે જે ઈ. સ. ૧૯૩૩માં બહાર પડેલી છે. આ પુસ્તક ત્યારના રાજસ્થાન ગોંડળના મહારાજા શ્રી ભગવતસિંહજી બહાદુરને અર્પણ થએલું છે. પ્રસ્તુત પુસ્તકમાં શાકભાજી–ફળઝાડના મોટા પાયા પરના (ધંધાદારી રીતના) વાવેતરનું ઉત્તમ જ્ઞાન સમાએલું છે. આમાં કેટલી જમીનમાં કેટલો ખર્ચ તેમ જ આવક ઉપરાંત નફો પણ આપેલ છે, જે મારા ધારવા પ્રમાણે અત્યાર સુધીના કોઈ પણ પુસ્તકમાં આપવામાં આવેલ નથી.

આ ઉપરાંત આ જ લેખકનાં બીજાં પુસ્તકો જે ઈ. સ. ૧૯૩૩ પહેલાં લખાયાં છે તે નીચે પ્રમાણે છે: ૧) માળીનો ભોમીઓ ઊર્ફે ફ્લાવર ગાર્ડન; ૨) હિન્દની જરાયતી ખેતી (કપાસ, શેરડી વગેરેની સંપૂર્ણ માહિતી); ૩) ખેતીના ધંધામાંથી પૈસા કમાવાની કૂંચી (ખાતરોની હકીકત સાથે; ૪) ફળઝાડ, શાકભાજીમાં રહેલાં તત્ત્વોની હકીકત; ૫) ખેતીવાડીની પાઠમાળા ભાગ ૧ અને ૨.

આ ઉપરાંત ઈ. ૧૯૧૦માં શરૂ થએલું 'ખેતીવાડી વિજ્ઞાન' નામનું માસિક પણ આ જ વિષયનું છે, જે તેના નામ પરથી ખબર પડે છે. આ માસિક હજી ચાલુ છે કે નહિ તેની ખબર નથી.

આ ઉપરાંત બગીચાનું ગુજરાતી ભાષામાં રા. બ. ગણેશ ગોવિંદ ગોખલે નામના એક સદ્‌ગૃહસ્થે પુસ્તક બહાર પાડેલું છે. આ પુસ્તક ઈ. સ. ૧૯૦૦ની આસપાસ બહાર પડ્યું હોય એવું લાગે છે. મારા ધારવા પ્રમાણે ફળ ઝાડ ઉપરનું પ્રથમ ગુજરાતી પુસ્તક આ હોય એવું લાગે છે. (કદાચ આ પુસ્તક ઈ.સ. ૧૯૦૦ પહેલાં પણ પ્રકાશિત થયું હોય.) જો કે આ વિષયની વધારે માહિતી જરૂરી છે.

(પુણે) --ચંપક નંદુ

શ્રી પલાણના પત્રના અનુસંધાને

૧) ફળઝાડનો બગીચો (૧૯૨૯): અનુવાદક માર્તંડ શિ. પંડ્યા, મૂળ મરાઠી લેખક હરિ પુરુષોત્તમ પરાંજપે.

૨) અમૃત ફળો (૧૯૫૦): લે. મોહનલાલ જ. પાઠક, બાલવિનોદ કાર્યાલય–મુંબાઈ.

૩) બાગાયત (વિ. સં. ૨૦૧૩): લે. ઈશ્વર કૃષિકાર, કૃષિ પ્રકાશન મંદિર, મુ. બારેજા,

૪) ફળઝાડની વાડી (૧૯૪૭): લે. સોમાભાઈ કિશીભાઈ પટેલ.

૫) ગુજરાતની ફળવાડીની ખિલવણી (૧૯૨૦): લે. અંબાલાલ મોતીભાઈ પટેલ.

૬) ગુજરાતનો ફૂલબાગ: લે. મગનલાલ ગુલાબભાઈ દેસાઈ.

૭) ગુજરાતનો ફળબાગ: લે. ઉપર મુજબ

૮) ગુજરાતની વનસ્પતિ–કાઠિયાવાડ, કચ્છ સાથે–(૧૯૩૫): લે. સુરેશ દીક્ષિત, મુંબાઈ.

૯) વનસ્પતિસૃષ્ટિ (ચાર મોટા ખંડોમાં): લે. ગોકુલદાસ ભાંભડાઈ–માંડવી કચ્છ.

૧૦) આંગણનો બગીચો: ઈસ્માઈલભાઈ નાગોરી.

૧૧) બાગનાં ફૂલો: લે. વિષ્ણુ સ્વરૂપ, નૅશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા–ન્યૂ દિલ્હી.

૧૨) સામાન્ય વૃક્ષો: લે. ડૉ. એચ. સંતપાલ.

(પોરબંદર) —એક વાચક

આ માસ ઇતિહાસમાં

અર્વાચીન ગુજરાતી સાહિત્યના આસ્વાદનો લાભ હવે મુ. પ્રો. ડૉ. મધુસૂદન પારેખ તરફથી માણવાનો મળશે, આનંદ થયો.

'આ માસ ઇતિહાસમાં' વિભાગ ખૂબ જ રસપદ, માહિતીસભર ને ઉપયોગી છે. પણ જો 'આગામી માસ ઇતિહાસમાં' તરીકે એક માસ આગળથી આ માહિતી રજૂ થાય તો શાળા–મહાશાળાઓને વધુ ઉપયોગી બની રહેશે.

(કૃષ્ણપુર–પનાર) --હરિભાઈ દા. ટંડેલ

પૌત્ર ફરકે

'કુમાર' સપ્ટે. '૭૯માં 'પૌત્ર ફરકે' એ પંક્તિ વિષે શ્રી ડોલર ઓઝાનો પત્ર સારો ન લાગ્યો. શ્રી બહાદુરશાહ પંડિત વિષે શ્રી ઓઝા અકારણ આવા આળા કેમ બની ગયા? સાહિત્યને તો બધાં જ શાસ્ત્રો સાથે લાગેવળગે છે, એમાં આવી ચર્ચા મને તો અસ્થાને લાગતી નથી!

શ્રી બહાદુરશાહ એક વિદ્યાપ્રેમી, અધ્યયનનિષ્ઠ ને જીવંત અધ્યાપક છે. 'કુમાર'માં વિચારવિશેષ ઉપરાંત ગ્રંથાવલોકનો તેમ જ અન્યત્ર ગ્રંથાવલોકનો અને બાળકો વિષે લખે છે. ગુજરાત પાસે આટલું લખતા-વાંચતા ગુજરાતીના અધ્યાપકો કેટલા? શ્રી બહાદુરશાહ પંડિત અને શ્રી ડોલર ઓઝા પણ ગુજરાતી સાહિત્યમાં માનપૂર્વક બોલાતાં નામો છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

પ્રત્યેક શાળા, કૉલેજ, પુસ્તકાલય અને ગૃહ પુસ્તકાલયોએ અચૂક વસાવવા જેવાં શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ ટાઈલ્સવાળા ગ્રંથમાળાનાં શિષ્ટ ને પ્રેરક પુસ્તકો

• મુકુન્દ પી. શાહ

જીવનમાં સફળતા મેળવવી છે? ૨–૫૦

જીવનમાં આગળ વધવું છે? ૧–૫૦

જીવનમાં સુખી થવું છે? ૨–૫૦

જીવનમાં સમૃદ્ધ થવું છે? ૨–૫૦

સુખ, શાંતિ અને સફળતા ૨–૫૦

જીવન જીવવાની કલા (અનુવાદ) (પાકું પૂઠું) ૪–૦૦

હાસ્યવિનોદ (રમૂજી ટુચકાઓ) ૧–૫૦

હાસ્યતરંગ (હાસ્યવાર્તાઓ) ૨–૫૦

જીવનપંથ (ટૂંકી વાર્તા) ૨–૫૦

• શ્રી. આંપશી વિ. ઉદેશી

જીવનઘડતર (૬ઠ્ઠી આવૃત્તિ) ૨–૫૦

જીવનમાંગલ્ય (૪થી આવૃત્તિ) ૨–૫૦

જીવનવિકાસ (૨જી આવૃત્તિ) ૨–૫૦

• રવીન્દ્રકુમાર પટેલ

સમૃદ્ધિવર્ધક સુવિચારો ૨–૫૦

મહાન બનો (પ્રેરક-રોચક પ્રસંગો) ૨–૫૦

• કોર્ટની ડી. ફાર્મર

જીવનમાં સફળ કેમ થશો? ૩–૦૦

• ગણેશ મુનિ શાસ્ત્રી

વિચારરેખા (સુવાક્યો–પા. પૂ.) ૮–૦૦

• ડૉ. હરકિશનદાસ ગાંધી

પાચનતંત્રનાં દર્દોમાં કુદરતી ઉપચાર ૪–૦૦

આપના બુકસેલર પાસે માગો અથવા લખો

કુસુમ પ્રકાશન

'નવચેતન' ૬૧ એ નારાયણનગર, સરખેજ રોડ (જયભિખ્ખુ માર્ગ)

અમદાવાદ–૩૮૦ ૦૦૭

તરસનદી / જયન્ત પાઠક

· શિખરિણી-સૉનેટ ·

હતું મેં માન્યું કે અવર નદી શી તું પણ નદી:
પ્રવાસી કો લાંબા પથ વિકટનો, કંઠ લઈને
તૃષાના શોષોની થલ તવ તટે આવી વિરમે
ઘડી બે ને ખોબે ગટક જલ પી તૃપ્ત થઈને
પળે પંથે, લાંબા પથ વિકટમાં હામ લઈને;
અહો! કેવો લાંબો પથ, ધધખતો રેતરણનો
પગોને ઊંચે લૈ જત હરણનો (કે પરણનો!)
—તહીં વચ્ચે, ઊભા રણની, પતલી ધાર તું નદી!

હતું મેં માન્યું કે અવર નદી શી તું પણ નદી—
અરે, કિન્તુ તું તો તરસનદી! ક્યાં તું જલ નદી!
તૃષા શાની ઠારે! પીઉં ત્યમ તૃષા જાય વધતી;
હું આખો ધારામાં પડું પશુ તણી પ્યાસી જીભથી
તને પીવા માંડું: અગન પીધી હો એમ ફરતી
શિરાઓમાં મારી, તરસનદી તારી લય–ગતિ.

નહિ શકો / કરસનદાસ લુહાર

· ગઝલ ·

લીલાશ આંખમાંથી ઊતરડી નહિ શકો,
મુજ સ્વપ્નને સિમેન્ટમાં તરડી નહિ શકો.
હું છું સદૈવ રેશમી વિસ્તાર ઘાસનો,
ડામરના રંગથી મને ખરડી નહિ શકો.
પથરાળ ભીંતથી તરુ ઢાંકાય ત્યાં સુધી,
કરવતથી જંગલોને ઊઝરડી નહિ શકો.
આવ્યો છું આ નગરમાં લઈને હું નોળવેલ,
હે સર્પ આસ્ફાલ્ટના! કરડી નહિ શકો.

શ્રાવણની મધરાતે / ધીરુ પરીખ

· ગાન ·

અમે અચાનક જાગી ઊઠયાં શ્રાવણની મધરાતે!

દાદુરના દેકારા વચ્ચે અંધારાનો નાચ,
મેઘ તણા પડઘાનો વારે વારે ફૂટે કાચ,
નળિયેથી નીતરતી ધારો ફળિયે વળતી વાતે.
અમે અચાનક જાગી ઊઠયાં શ્રાવણની મધરાતે!

અહીં ઓરડે કદંબ ડાલે બંસી રહી રહી બોલે,
ભયી રાધિકા સૂની સૂની યમુના અખિયન છોળે,
અરે છોળતી અખિયન મધ્યે વ્હાણ ડૂબ્યાં અવ સાતે.
અમે અચાનક જાગી ઊઠયાં શ્રાવણની મધરાતે!

◧ તરસનદી: ચૌદ પંક્તિમાં અખંડ ચાલ્યા જતા આ સૉનેટમાં જાણે તરસ રૂપી નદીનું પ્રવાહસાતત્ય પરખાવવાની યોજના કરાઈ છે. આમ તો કાવ્યનાયકે માની લીધું કે આ તરસ રૂપી નદી અન્ય નદી જેવી જ કોઈ નદી છે, જે તૃષા છીપવે. પરંતુ અનુભવની વાત તો જુદી જ નીકળી. એ તરસનદી વળી તૃષા શાની ઠારે? જેમ જેમ એનો અનુભવ થાય છે તેમ તેમ તૃષા વધતી જાય છે! અને તેની તીવ્રતાની ટોચ છેલ્લી ત્રણ પંક્તિઓમાં સધાય છે. કોઈ તૃષાર્ત્ત પશુની જેમ જાણે કે કાવ્યનાયક તરસનદીમાં ઝંપલાવી જીભથી પાણી (તરસનું સ્તો!) પીએ છે અને શિરાએ શિરામાં જાણે તરસ નદી દોડી રહે છે! ◧ નહિ શકો: ગ્રામ અને નગર સંસ્કૃતિના વિરોધને ઉપસાવતી આ ગઝલમાં કાવ્યનાયક—કહો કે ગ્રામમનુજ—શહેરી સંસ્કૃતિના આક્રમણ સામે ઝીંક ઝીલે છે તેની ખૂંખાર અભિવ્યક્તિ અહીં ભારોભાર અસરકારક નીવડેલી જણાશે. છેલ્લા શે'રમાં એની ચરમ સીમા છે. આસ્ફાલ્ટના સાપ સામે નગરમાં આવેલો ગ્રામજન ગ્રામવારસાની નોળવેલથી જીવી જશે તેની બાંગમાં એક બળકટ ભાવનાભૂતિનો ધક્કો માણી શકાશે. —ધી. પ.

નિષ્ફળતા

બહાદુરશાહ પંડિત

વિખ્યાત લેખક એમિલ ઝોલા નાનો બાળક હતો ત્યારે એના પિતા એના કુટુંબને સાવ બેહાલ દશામાં મૂકી અવસાન પામ્યા હતા. આશાવાદી કિશોર ઝોલાએ વિજ્ઞાની થવા માટે અભ્યાસ કર્યો. પણ એ નાપાસ થયો. એ પછી એણે જાતજાતના ધંધા કર્યા પણ એ દરેકમાં નિષ્ફળ ગયો. ભાગ્ય એના પર રૂઠ્યું હોય એમ વર્ષો સુધી એને અનેક મુશ્કેલીઓ વેઠવી પડી. આખરે એને એક જગ્યાએ કારકુનની નોકરી મળી ત્યારે એને થોડી રાહત થઈ, પણ એ નોકરી પણ ટૂંક સમયમાં જ પૂરી થઈ ગઈ!

આખરે એણે વીર નર્મદની જેમ કલમના ખોળે માથું મૂક્યું. જીવનમાં મળેલી અનેક નિષ્ફળતાઓએ એને દુનિયાભરનું ડહાપણ શીખવાડ્યું હતું અને એને એક જ ભવમાં સાત જિંદગીઓ જીવ્યા જેટલા અનુભવ થયા હતા. આ બધા અનુભવો અને ડહાપણ એણે પોતાની કલમ દ્વારા અભિવ્યક્ત કરવા માંડયાં અને એ દુનિયાના અગ્રણી લેખકોમાં સ્થાન પામ્યો. જો ઝોલાને એના એકાદ નાના વ્યવસાયમાં સફળતા મળી હોત તો દુનિયાને આટલો મોટો લેખક અને લડવૈયો ક્યાંથી મળવાનો હતો?

આમ નિષ્ફળતા હમેશાં માણસને કચડી નાખે છે એ ખયાલ ખોટો છે. નિષ્ફળતા ખરેખર તો જીવનનો એક ઉત્તેજક અને પ્રોત્સાહક અનુભવ છે. એ માનવીના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. નિષ્ફળતાએ જગતના કેટલાયે મહાપુરુષોનાં ભવિષ્યનું ઘડતર કર્યું છે. એક ક્ષેત્રમાં મળેલી નિષ્ફળતા બીજા ક્ષેત્રમાં સફળ થવા માટેની પ્રેરણા બની રહે છે. આપણા જીવનના ઘણા ગૂંચવાડાભર્યા પ્રશ્નોનો ઉકેલ કોઈ વાર નિષ્ફળતા દ્વારા મળી રહે છે. આમ છતાં આપણા કેટલાક ભ્રામક ખયાલોને કારણે આપણે નિષ્ફળતા મળતાં હતાશ અને લાચાર બની જઈએ છીએ. ખરેખર તો નિષ્ફળતાઓ સફળતાની સીડીનાં પગથિયાં છે. દરેક નિષ્ફળતા તમને બાહ્ય સ્થૂલ દૃષ્ટિએ નુકસાનકારક લાગે છે પણ આંતરિક રીતે એ તમારા મનને મજબૂત બનાવે છે. આત્માને અડીખમ ઊભો રહેવાની શક્તિ આપે છે.

વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર બેન જૉન્સન ૨૧ વર્ષનો હતો ત્યારે એના પિતા એના માટે ૨૧ પાઉન્ડ વારસામાં મૂકી મૃત્યુ પામ્યા હતા. શિક્ષક થવા ઇચ્છતા જૉન્સને શાળામાં અરજી કરી પણ એને જવાબ મળ્યો કે, 'તમે એટલા કદરૂપા છો કે બાળકો તમારાથી ડરીને ભાગી જાય.' આમ છતાં અનેક પ્રયાસો કરવાથી એને શિક્ષક થવાની તક તો મળી પણ શિક્ષક તરીકે એ સફળ ના થયો. પછી એણે કલમ ઉપાડી મનમાં આવ્યું એ લખવા માંડ્યું અને પ્રકાશકની શોધમાં નીકળ્યો, પણ લંડનના એક પ્રકાશકે એ વાંચીને એને કહ્યુ: 'મજૂરી માટેનું લાયસન્સ કઢાવી બિસ્તરા ઉપાડવા માંડો!'

આટલા મોટા અપમાન છતાં જૉન્સને ભૂખ્યા પેટે લખવાનું કામ જારી રાખ્યું અને અંતે એણે ઇંગ્લૅન્ડના સુપ્રસિદ્ધ લેખક તરીકે વિશ્વભરમાં નામના મેળવી.

નિષ્ફળતાથી નિરાશ થાય એ કદી આગળ વધી શકે નહિ. પણ 'કરતાં જાળ કરોળિયો'ની પેલી જાણીતી કવિતા યાદ રાખીને જે પ્રયત્નો ચાલુ રાખે એ નિષ્ફળતાના પર્વત પર ચડીને સાફલ્યના આકાશને આંબી શકે છે. જે નિષ્ફળતાઓના ખાતર દ્વારા સફળતાના છોડને વિશાળ વટવૃક્ષમાં ફેરવવા ઇચ્છતો હોય એણે ધીરજ રાખવી જોઈએ અને પ્રત્યેક નિષ્ફળતાને હસી કાઢવાની એનામાં અદમ્ય તાકાત હોવી જોઇએ.

ઑનૉરે ડી બાલ્ઝાકમાં આવી અદ્ભુત શક્તિ હતી. એ પ્રત્યેક નિષ્ફળતાને હસતે મુખે સહન કરી લેતો. કારકિર્દીના આરંભમાં એણે કાયદાનો અભ્યાસ કરી વકીલ બનવા કમર કસી પણ થોડા જ સમયમાં એને ખયાલ આવ્યો કે એ કાયદામાં કાબેલ નહિ નીવડે. પછી એણે વેપારમાં ઝંપલાવ્યું, પણ ત્યાં એ ગોળ કાણામાં ચોરસ ખીલો સાબિત થયો. એ પછી ચિત્રકાર, પુસ્તક વિક્રેતા અને બીબાં ઢાળનાર થવાના એના પ્રયાસોમાં પણ એ નિષ્ફળ નીવડતો ગયો. એક વિવેચકના શબ્દોમાં કહીએ તો બાલ્ઝાક એવો ગબડતો પથ્થર હતો કે એ લીલ એકઠી કરતો નહોતો. જો કે એણે દેવું ઘણું એકઠું કર્યું હતું. અને આ દેવું ભરપાઈ કરવા માટે એણે સાહિત્યના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. એમાં પણ એને તાત્કાલિક તો નિષ્ફળતા જ મળી, પરંતુ એ ક્ષેત્રમાં થોડાં તરફડિયાં માર્યાં પછી એણે 'ધ હ્યુમન કૉમેડી' નામે નવલકથાઓની એક અદ્ભુત હારમાળા શરૂ કરી. વિશ્વ સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન મેળવનાર આ નવલશ્રેણીએ એને સફળતા અને કીર્તિના સર્વોત્તમ શિખરે બેસાડી દીધો.

માત્ર સાહિત્યમાં જ નહિ જીવનના દરેક ક્ષેત્રમાં ઝળહળતી કીર્તિ પ્રાપ્ત કરનારા નરપુંગવો આરંભમાં તો નિષ્ફળતાની એકાદ લપડાક ખાઈ ચૂક્યા હોય જ છે, પણ એ લપડાકથી એ બેભાન થઈ જતા નથી કે આપઘાત પણ કરતા નથી. નિષ્ફળતાની એકાદ લપડાક એમને નવા કાર્યારંભની પ્રેરણા પૂરી પાડે છે.

ડબ્લ્યુ. એસ. ગિલ્બર્ટ નામના એક વકીલે ચાર વર્ષ સુધી કોર્ટનાં પગથિયાં ઘસ્યાં. એના પહેલા કામના બદલામાં એક ઉત્સાહી ફ્રેન્ચ અસીલે એના બે ગાલે સ્નેહભર્યાં ચુંબન ભર્યાં પણ ફી ના આપી, અને પછી જેના બચાવ માટે એ દલીલો કરતો હતો એવી એક મહિલાએ એને ચપલ ફટકારી! આમ વકીલ તરીકે નિષ્ફળતા મળતાં એ ક્ષેત્ર છોડી દઈ ગિલ્બર્ટે રંગભૂમિમાં પ્રવેશ કર્યો, અને થોડા જ સમયમાં એ અભિનેતા તરીકે ઝળહળતી કીર્તિ પ્રાપ્ત કરી શક્યો.

જૉન કીટ્સ આરંભમાં દવા અને સર્જરીના ધંધામાં પડ્યો હતો. પણ એમાં એ સફળ ના થયો. બાવીસની વયે એણે કવિતા લખવાની શરૂ કરી ત્યારે વિવેચકોએ એની કવિતાની કડક ટીકા કરી અને એને એના અસલ ધંધામાં જોડાઈ જવાની સલાહ આપી. પણ કીટ્સે કવિતા લખવાનું ચાલુ રાખ્યું પરિણામે એક નિષ્ફળ સર્જન જગતનો મહાન રૉમૅન્ટિક કવિ બન્યો. એણે પાછળથી લખ્યું હતું કે 'દવા ને સર્જરીના ધંધામાં હું આટલો જલદી નિષ્ફળ ના નીવડ્યો હોત તો હું ભાગ્યે જ મહાન કવિઓ વચ્ચે બેસી શકત.'

આમ પ્રત્યેક સફળ આદમીના હૈયામાં ઉત્સાહનો આતશ જલાવ્યો હોય છે એને મળેલી નિષ્ફળતાએ. એની નિષ્ફળતા એની સફળતાના છોડનું મૂળ બની રહે છે. એથી સૌએ નિષ્ફળતાને આવકારવી જોઇએ. □

રૂડું જીવન

શાન્ત રીતે વહી જતી નદી જોતાં મનમાં અનેક વિચારો આવે છે. રાત ને દિવસ, થંભ્યા વિના, અડખેપડખેનાં ખેતરો ને વૃક્ષોને પોષણ આપતી ને માનવકુળને તૃપ્ત કરતી કેવી શાન્ત એ વહ્યા કરે છે! એના જીવનમાં વિરામની કોઈ વાત નથી. અનેકનાં જીવનને સતત પોષવા છતાં અહંકારનો કોઈ ઉધમાત નથી. રે કેવું રૂડું જીવન! ને તેથી જ એ સાગર પાસે પહોંચે છે ત્યારે સાગરરાજ પૂરા વહાલથી તેને વધાવી લઇને પોતામાં સમાવી લે છે ને? તેથી તો સાગરરાજ બને છે ને?

આપણી જીવનસરિતા પણ અડખેપડખેનાંને તૃપ્ત કરતી, સતત સેવારત રહીને, ક્યાય અહંકાર કે ઉધમાત વિના પ્રભુના ચરણસાગરમાં પહોંચી જાય તો કેવું સારુ? આપણી જીવનસરિતા પણ પરમાત્મારૂપી સાગરમાં ભળી જઇને સ્વયમ્ સાગરરૂપ ધારણ કરે ને?

નિષ્ફળતા

બહાદુરશાહ પંડિત

વિખ્યાત લેખક એમિલ ઝોલા નાનો બાળક હતો ત્યારે એના પિતા એના કુટુંબને સાવ બેહાલ દશામાં મૂકી અવસાન પામ્યા હતા. આશાવાદી કિશોર ઝોલાએ વિજ્ઞાની થવા માટે અભ્યાસ કર્યો. પણ એ નાપાસ થયો. એ પછી એણે જાતજાતના ધંધા કર્યા પણ એ દરેકમાં નિષ્ફળ ગયો. ભાગ્ય એના પર રૂઠ્યું હોય એમ વર્ષો સુધી એને અનેક મુશ્કેલીઓ વેઠવી પડી. આખરે એને એક જગ્યાએ કારકુનની નોકરી મળી ત્યારે એને થોડી રાહત થઈ, પણ એ નોકરી ય ટૂંક સમયમાં જ પૂરી થઈ ગઈ!

આખરે એણે વીર નર્મદની જેમ કલમના ખોળે માથું મૂક્યું. જીવનમાં મળેલી અનેક નિષ્ફળતાઓએ એને દુનિયાભરનું ડહાપણ શીખવાડયું હતું અને એને એક જ ભવમાં સાત જિંદગીઓ જીવ્યા જેટલા અનુભવ થયા હતા. આ બધા અનુભવો અને ડહાપણ એણે પોતાની કલમ દ્વારા અભિવ્યક્ત કરવા માંડયાં અને એ દુનિયાના અગ્રણી લેખકોમાં સ્થાન પામ્યો. જો ઝોલાને એના એકાદ નાના વ્યવસાયમાં સફળતા મળી હોત તો દુનિયાને આટલો મોટો લેખક અને લડવૈયો ક્યાંથી મળવાનો હતો?

આમ નિષ્ફળતા હમેશાં માણસને કચડી નાખે છે એ ખયાલ ખોટો છે. નિષ્ફળતા ખરેખર તો જીવનનો એક ઉત્તેજક અને પ્રોત્સાહક અનુભવ છે. એ માનવીના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. નિષ્ફળતાએ જગતના કેટલાયે મહાપુરુષોનાં ભવિષ્યનું ઘડતર કર્યું છે. એક ક્ષેત્રમાં મળેલી નિષ્ફળતા બીજા ક્ષેત્રમાં સફળ થવા માટેની પ્રેરણા બની રહે છે. આપણા જીવનના ઘણા ગૂંચવાડાભર્યા પ્રશ્નોનો ઉકેલ કોઈ વાર નિષ્ફળતા દ્વારા મળી રહે છે. આમ છતાં આપણા કેટલાક ભ્રામક ખયાલોને કારણે આપણે નિષ્ફળતા મળતાં હતાશ અને લાચાર બની જઈએ છીએ. ખરેખર તો નિષ્ફળતાઓ સફળતાની સીડીનાં પગથિયાં છે. દરેક નિષ્ફળતા તમને બાહ્ય સ્થૂલ દૃષ્ટિએ નુકસાનકારક લાગે છે પણ આંતરિક રીતે એ તમારા મનને મજબૂત બનાવે છે. આત્માને અડીખમ ઊભા રહેવાની શક્તિ આપે છે.

વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર બેન જૉન્સન ૨૧ વર્ષનો હતો ત્યારે એના પિતા એના માટે ૨૧ પાઉન્ડ વારસામાં મૂકી મૃત્યુ પામ્યા હતા. શિક્ષક થવા ઇચ્છતા જૉન્સને શાળામાં અરજી કરી પણ એને જવાબ મળ્યો કે, 'તમે એટલા કદરૂપા છો કે બાળકો તમારાથી ડરીને ભાગી જાય.' આમ છતાં અનેક પ્રયાસો કરવાથી એને શિક્ષકથવાની તક તો મળી પણ શિક્ષક તરીકે એ સફળ ના થયો. પછી એણે કલમ ઉપાડી મનમાં આવ્યું એ લખવા માંડયું અને પ્રકાશકની શોધમાં નીકળ્યો, પણ લંડનના એક પ્રકાશકે એ વાંચીને એને કહ્યું: 'મજૂરી માટેનું લાયસન્સ કઢાવી બિસ્તરા ઉપાડવા માંડો!'

આટલા મોટા અપમાન છતાં જૉન્સને ભૂખ્યા પેટે લખવાનું કામ જારી રાખ્યું અને અંતે એણે ઇંગ્લૅન્ડના સુપ્રસિદ્ધ લેખક તરીકે વિશ્વભરમાં નામના મેળવી.

નિષ્ફળતાથી નિરાશ થાય એ કદી આગળ વધી શકે નહિ. પણ 'કરતાં જાળ કરોળિયો'ની પેલી જાણીતી કવિતા યાદ રાખીને જે પ્રયત્નો ચાલુ રાખે એ નિષ્ફળતાના પર્વત પર ચડીને સાફલ્યના આકાશને આંબી શકે છે. જે નિષ્ફળતાઓના ખાતર દ્વારા સફળતાના છોડને વિશાળ વટવૃક્ષમાં ફેરવવા ઇચ્છતો હોય એણે ધીરજ રાખવી જોઈએ અને પ્રત્યેક નિષ્ફળતાને હસી કાઢવાની એનામાં અદમ્ય તાકાત હોવી જોઇએ.

ઑનૉરે ડી બાલ્ઝાકમાં આવી અદ્ભુત શક્તિ હતી. એ પ્રત્યેક નિષ્ફળતાને હસતે મુખે સહન કરી લેતો. કારકિર્દીના આરંભમાં એણે કાયદાનો અભ્યાસ કરી વકીલ બનવા કમર કસી પણ થોડા જ સમયમાં એને ખયાલ આવ્યો કે એ કાયદામાં કાબેલ નહિ નીવડે. પછી એણે વેપારમાં ઝંપલાવ્યું, પણ ત્યાં એ ગોળ કાણામાં ચોરસ ખીલો સાબિત થયો. એ પછી ચિત્રકાર, પુસ્તક વિક્રેતા અને બીબાં ઢાળનાર થવાના એના પ્રયાસોમાં પણ એ નિષ્ફળ નીવડતો ગયો. એક વિવેચકના શબ્દોમાં કહીએ તો બાલ્ઝાક એવો ગબડતો પથ્થર હતો કે એ લીલ એકઠી કરતો નહોતો. જો કે એણે દેવું ઘણું એકઠું કર્યું હતું. અને આ દેવું ભરપાઈ કરવા માટે એણે સાહિત્યના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. એમાં પણ એને તાત્કાલિક તો નિષ્ફળતા જ મળી, પરંતુ એ ક્ષેત્રમાં થોડાં તરફડિયાં માર્યાં પછી એણે 'ધ હ્યુમન કૉમેડી' નામે નવલકથાઓની એક અદ્ભુત હારમાળા શરૂ કરી. વિશ્વ સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન મેળવનાર આ નવલશ્રેણીએ એને સફળતા અને કીર્તિના સર્વોત્તમ શિખરે બેસાડી દીધો.

માત્ર સાહિત્યમાં જ નહિ જીવનના દરેક ક્ષેત્રમાં ઝળહળતી કીર્તિ પ્રાપ્ત કરનારા નરપુંગવો આરંભમાં તો નિષ્ફળતાની એકાદ લપડાક ખાઈ ચૂક્યા હોય જ છે, પણ એ લપડાકથી એ બેભાન થઈ જતા નથી કે આપઘાત પણ કરતા નથી. નિષ્ફળતાની એકાદ લપડાક એમને નવા કાર્યારંભની પ્રેરણા પૂરી પાડે છે.

ડબ્લ્યુ. એસ. ગિલ્બર્ટ નામના એક વકીલે ચાર વર્ષ સુધી કોર્ટનાં પગથિયાં ઘસ્યાં. એના પહેલા કામના બદલામાં એક ઉત્સાહી ફ્રેન્ચ અસીલે એના બે ગાલે સ્નેહભર્યાં ચુંબન ભર્યાં પણ ફી ના આપી, અને પછી જેના બચાવ માટે એ દલીલો કરતો હતો એવી એક મહિલાએ એને ચપલ ફટકારી! આમ વકીલ તરીકે નિષ્ફળતા મળતાં એ ક્ષેત્ર છોડી દઈ ગિલ્બર્ટે રંગભૂમિમાં પ્રવેશ કર્યો, અને થોડા જ સમયમાં એ અભિનેતા તરીકે ઝળહળતી કીર્તિ પ્રાપ્ત કરી શક્યો.

જૉન કીટ્સ આરંભમાં દવા અને સર્જરીના ધંધામાં પડયો હતો. પણ એમાં એ સફળ ના થયો. બાવીસની વયે એણે કવિતા લખવાની શરૂ કરી ત્યારે વિવેચકોએ એની કવિતાની કડક ટીકા કરી અને એને એના અસલ ધંધામાં જોડાઈ જવાની સલાહ આપી. પણ કીટ્સે કવિતા લખવાનું ચાલુ રાખ્યું પરિણામે એક નિષ્ફળ સર્જન જગતનો મહાન રોમૅન્ટિક કવિ બન્યો. એણે પાછળથી લખ્યું હતું કે 'દવા ને સર્જરીના ધંધામાં હું આટલો જલદી નિષ્ફળ ના નીવડયો હોત તો હું ભાગ્યે જ મહાન કવિઓ વચ્ચે બેસી શકત.'

આમ પ્રત્યેક સફળ આદમીના હૈયામાં ઉત્સાહનો આતશ જલાવ્યો હોય છે એને મળેલી નિષ્ફળતાએ. એની નિષ્ફળતા એની સફળતાના છોડનું મૂળ બની રહે છે. એથી સૌએ નિષ્ફળતાને આવકારવી જોઇએ. □

રૂડું જીવન

શાન્ત રીતે વહી જતી નદી જોતાં મનમાં અનેક વિચારો આવે છે. રાત ને દિવસ, થંભ્યા વિના, અડખેપડખેનાં ખેતરો ને વૃક્ષોને પોષણ આપતી ને માનવકુળને તૃપ્ત કરતી કેવી શાન્ત એ વહ્યા કરે છે! એના જીવનમાં વિરામની કોઈ વાત નથી. અનેકનાં જીવનને સતત પોષવા છતાં અહંકારનો કોઈ ઉન્માદ નથી. રે કેવું રૂડું જીવન! ને તેથી જ એ સાગર પાસે પહોંચે છે ત્યારે સાગરરાજ પૂરા વહાલથી તેને વધાવી લઇને પોતામાં સમાવી લે છે ને? તેથી તો સાગરરાજ બને છે ને?

આપણી જીવનસરિતા પણ અડખેપડખેનાંને તૃપ્ત કરતી, સતત સેવારત રહીને, ક્યાંય અહંકાર કે ઉન્માદ વિના પ્રભુના ચરણસાગરમાં પહોંચી જાય તો કેવું સારું! આપણી જીવનસરિતા પણ પરમાત્મારૂપી સાગરમાં ભળી જઇને સ્વયમ્ સાગરરૂપ ધારણ કરે ને?



લૉર્ડ લૂઈ માઉન્ટબૅટન

દુનિયાને મન જેઓ બ્રિટિશ નૌકાસૈન્યના ઍડમિરલ, અનેક માન-અકરામોથી વિભૂષિત અર્લ માઉન્ટબૅટન ઑવ બરમા તથા પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ, વિન્સ્ટન ચર્ચિલ, ચાર્લ્સ દ ગૉલ ને ગાંધીજી સમા ઇતિહાસસર્જક રાજપુરુષ હતા. ગ્રેટ બ્રિટન માટે જેઓ અગ્નિ એશિયાનાં સાથીદળોના સર્વોચ્ચ સેનાપતિ તથા બીજા વિશ્વયુદ્ધની સંયુક્ત ફોજી કારવાહીના યુદ્ધવીર ઉપરી અધિકારી, મહારાણી વિક્ટોરીઆની દુહિતાના દૌહિત્ર અને યુરોપનાં ઘણાં રાજકુટુંબોના સંબંધી, બ્રિટિશ સરકારના રાજપરિવારના અનુભવી પીઢ સલાહકાર તથા વ્યવહારચતુર માયાળુ વડીલ; અને હિંદીઓને મન જેઓ ભારતની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિમાં હમદર્દ આપ્તજન તથા નિસ્વાર્થ નેતા બની રહેનાર પોતાના લાડીલા 'પંડિત' હતા;—એ હિંદુસ્તાનના છેલ્લા વાઈસરૉય અને સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ

લેખક • પ્રો. જયન્ત પંડયા

અઠ્ઠાવીસમી ઑગસ્ટ, ૧૯૭૯ની સવારનાં છાપાં અર્લ માઉન્ટબૅટનના કરુણ અવસાનના ચોંકાવનારા સમાચાર લઇને પ્રકટ થયાં ત્યારે જગતની સંવેદનાએ એક તીવ્ર આઘાત અનુભવ્યો. આયર્લૅન્ડમાં સ્લિગો પરગણામાં આવેલો ક્લાસિબૉન કાસલ કે જ્યાં છેલ્લાં પાંત્રીસ વર્ષથી માઉન્ટબૅટન ઉનાળામાં આવીને વસતા ને સાગરની સોબતમાં દિવસો ગાળતા એ કિલ્લામાં જીવનની અંતિમ રાત એમણે ગુજારી હતી. તા. ૨૭મી ઑગસ્ટે સવારે સાડા અગિયાર વાગે સાતેક સહેલાણીઓનો કાફલો લઇને નીકળેલું એમનું નાનકડું વહાણ સાગરકાંઠો છોડે ન છોડે ત્યાં તો ૨૩ કિલોગ્રામના એક બૉમ્બ-ધડાકાએ એમની નૌકાના ફુરચેફુરચા ઉડાવી દીધા. અવાજને અનુસારે દોડી આવેલા લોકોએ વહાણના પ્રવાસીઓને કાંઠે આણ્યા તે વેળા બન્ને પગ ગુમાવી ચૂકેલા માઉન્ટબૅટનની આંખ સદાને માટે મિચાઈ ગઈ હતી; ચૌદ વર્ષની વયનો એમનો એક પૌત્ર નિકોલસ અને બીજો એક કિશોર પૉલ મૅક્સ્વેલ અવસાન પામ્યા હતા. જીવન થોડુંક જેમનામાં ધબકતું હતું એવાં માણસોમાં માઉન્ટબૅટનનાં દીકરી પૅટ્રિશિયાનાં સાસુ ડૉવેજર લેડી બ્રૅબર્ન ઘટનાને બીજે દિવસે મૃત્યુ પામ્યાં. માઉન્ટબૅટનના બીજા એક પૌત્ર ટિમોથીની બે આંખે ઓલવાઈ ગઈ. લેડી પૅટ્રિશિયા ગંભીર રીતે ઘાયલ થયાં અને તેમના પતિ લૉર્ડ બ્રૅબર્નને પણ આજીવન ઈજાઓ થઈ. આયરિશ ગેરિલાઓએ ફેલાવેલા આ આતંકમાં નિર્દોષ જીવો સહિત એક વિભૂતિનું ચેતન્ય સફેદ ચાદર હેઠળ કરમાઇને પોઢી ગયું.


સમગ્ર જીવનના વ્યાપને અતિક્રમી ગએલા એ મહાનુભાવનો જન્મ ઈ. સ. ૧૯૦૦ના જૂન માસની ૨૫મી તારીખે ઇંગ્લૅન્ડમાં વિંડસરના ફ્રૉગમોર હાઉસમાં, રાણી વિક્ટોરિયાની હૂંફવેલમાં થયો હતો. એ જ વર્ષે ૧૭મી જુલાઈના દિવસે નવજાત બાળકની નામાભિધાન-વિધિ કરવામાં આવી. વૃદ્ધ અને અશક્ત રાણીએ પ્રપૌત્રને પોતાના ખોળામાં લેવાનો આગ્રહ રાખ્યો ત્યારે તંદિયાળા દીકરાએ દાદીમાનાં ચશ્માં આંચકી લઈ માથાના વાળ ખેંચવા માંડ્યા હતા, તેમ છતાં છોકરો રૂપાળો અને ડાહ્યો છે એવું પ્રમાણપત્ર માજીએ આપ્યું હતું. એ બાળકનું નામ લૂઈ ફ્રાન્સિસ આલ્બર્ટ વિક્ટર નિકોલસ પાડવામાં આવ્યું. એમનું મિતાક્ષરી નામ નિકી રાખવાનો વિચાર હતો પરંતુ શિશુના માસા રશિયાના ઝાર નિકોલસ રાજપરિવારમાં નિકીને નામે ઓળખાતા હતા એટલે સમ્ભવિત ગૂંચવાડો ટાળવા બાળકનું ટૂંકું નામ ડિકી રાખવામાં આવ્યું અને અંગ્રેજ સમાજમાં લૉર્ડ લૂઈ માઉન્ટબૅટન ડિકી માઉન્ટબૅટન તરીકે ઓળખાયા.

રાણી વિક્ટોરિયાનાં નવ સંતાનોમાં બીજા પુત્રી રાજકુમારી ઍલિસ જર્મનીના લૂઈ ચોથાને પરણાવેલાં. એ દંપતીને બે પુત્રીઓ થઈ: એક વિક્ટોરિયા ઑવ હેસ અને બીજી ઍલિક્સ. વિક્ટોરિયા ઑવ હેસનાં લગ્ન બૅટનબર્ગના રાજકુમાર લૂઈ સાથે થયાં ને ઍલિક્સનાં નિકોલસ ઝાર સાથે. વિક્ટોરિયા ઑવ હેસ અને લૂઈ ઑવ બૅટનબર્ગ એ ડિકી માઉન્ટબૅટનનાં માતા-પિતા થાય. આ દંપતીનાં ચાર સંતાનોમાં ડિકી માઉન્ટબૅટન એ ચોથા અને સૌથી નાના હતા. એમની બે મોટી બહેનોમાંથી એક ઍલિસનાં લગ્ન ગ્રીસના રાજકુમાર ઍન્ડ્રુ સાથે અને બીજી બહેન લૂઈઝનાં લગ્ન સ્વીડનના છઠ્ઠા ઍડૉલ્ફ રાજા ગુસ્તાવની સાથે થયાં હતાં. બ્રિટનનાં વિદ્યમાન રાણી ઇલિઝાબેથના પતિ પ્રિન્સ ફિલિપ એ માઉન્ટબૅટનનાં ગ્રીસના રાજકુમાર સાથે પરણેલાં મોટાં બહેન ઍલિસના એકમાત્ર પુત્ર છે. આ સંબંધે લૉર્ડ માઉન્ટબૅટન પ્રિન્સ ફિલિપના મામા થાય તો બીજી બાજુએ રાણી ઇલિઝાબેથના દાદા થાય. આ સંબંધોને કારણે સમગ્ર રાજપરિવાર માઉન્ટબૅટનને 'અંકલ ડિકી' કહેતો. માઉન્ટબૅટનના મોટા ભાઈ જ્યૉર્જ ૧૯૩૮માં અવસાન પામ્યા જે પિતાના ઉમરાવ વારસાથી માર્કવિસ ઑવ મિલ્ફર્ડ હેવન તરીકે ઓળખાતા.

રાજકુટુંબમાં નૌકાશિક્ષણ એ રાજવી શિક્ષણ ગણાય છે. એ પરંપરામાં ૧૩ વર્ષની કુમાર વયે માઉન્ટબૅટન શાહી નૌકાદળમાં કડેટ તરીકે દાખલ થયા હતા અને ઑસ્બર્ન તથા ડાર્ટમથમાં એનું શિક્ષણ લીધું હતું. વચ્ચે થોડોક સમય કેમ્બ્રિજની ક્રાઇસ્ટ ચર્ચ કૉલેજમાં ભાવિ રાજવી છઠ્ઠા જ્યૉર્જની સાથે શિક્ષણ લીધા પછી પ્રિન્સ લૂઈ તરીકે ઓળખાતા માઉન્ટબૅટને આયુષ્યનાં લગભગ ૪૫ વર્ષોમાં કડેટમાંથી મિડશિપમૅન, સબ-લેફ્ટેનન્ટ, લેફ્ટેનન્ટ, લેફ્ટેનન્ટ કમાન્ડર, કમાન્ડર, કૅપ્ટન, ઍક્ટિંગ વાઈસ-ઍડમિરલ, ઍક્ટિંગ-ઍડમિરલ, ઍડમિરલ ઑવ



અર્લ માઉન્ટબૅટન ઑાવ બર્મા



ધ ફ્લીટ, ને છેવટે ફર્સ્ટ સી લૉર્ડ એમ સોપાન શ્રેણીનાં તમામ પગથિયાં સર કર્યાં અને ઉજાળ્યાં છે. જીવનના એકધારા પુરુષાર્થના ફલસ્વરૂપે પ્રાપ્ત થએલાં પારિતોષિકોની પણ એમના જીવનમાં લોપ નથી. યુદ્ધમાં કરેલા નોંધપાત્ર પ્રદાનને કારણે અમેરિકા, ફ્રાન્સ, ગ્રીસ, ચીન, નેપાળ, સિયામ, નેધરલૅન્ડ્ઝ ઈત્યાદિ દેશોના ગ્રાન્ડ ક્રૉસ ઉપરાંત યુદ્ધેતર સેવાઓ માટે સ્પેન, રુમાનિયા, પોર્ટુગલ, સ્વીડન, બર્મા, ડેન્માર્ક અને ઇથિયોપિયાનાં માન ચાંદ તેમને મળ્યાં છે. કદાચ તેથી જ જ્હૉન ડૅનિંગ જેવા લેખકે વર્તમાન જગતના એક સો મહાપુરુષોમાં અર્લ માઉન્ટબૅટનનો સમાવેશ કર્યો છે; અને વિશ્વવિખ્યાત વિભૂતિઓના 'હુ ઝ હુ'માં અન્ય કોઈ કરતાં અધિક, ૧૪૪ જેટલી નોંધો માઉન્ટબૅટનના નામ સામે જમા થએલી છે. ઈ. ૧૯૧૪ના પહેલા વિશ્વયુદ્ધ વેળા જર્મની અને જર્મન કુલોત્પન્ન લોકો સામે ખુમરાણ મચ્યું ત્યારે માઉન્ટબૅટનના પિતા સાગરાધ્યક્ષ—ફર્સ્ટ સી લૉર્ડ—હતા. જર્મન કુળના લોકો સામે અવિશ્વાસભર્યો કોલાહલો શમાવવા એમણે એ સ્થાનનો ત્યાગ કર્યો હતો અને રાજકુટુંબના અન્ય સભ્યો સાથે તેમની અટક જે બૅટનબર્ગ હતી તેનો અંગ્રેજી પર્યાય કરીને માઉન્ટબૅટનમાં ફેરવી હતી. લૉર્ડ માઉન્ટબૅટને પિતાએ મૂકી દીધેલું પદ મેળવ્યાનો વિક્રમ તો સર્જ્યો જ, પરંતુ બદલાએલી અટકને ય વિશ્વવિખ્યાત બનાવી મૂકી. પ્રિન્સ ફિલિપે માતૃકુળની અટક સ્વીકાર્યા પછી, રાણી ઇલિઝાબેથના વંશવારસો માઉન્ટબૅટન-વિંડસર વંશના રાજવીઓ તરીકે ઓળખાશે એ જોતાં અટક રાજવંશી બની ચૂકી છે.

ઈ. ૧૯૨૧માં પ્રિન્સ ઑાવ વેલ્સ-ભવિષ્યના આઠમા એડવર્ડ-સાથે એમણે ભારતની મુલાકાત લીધી તે પ્રસંગે લૉર્ડ માઉન્ટટેમ્પલનાં દીકરી એડવિના સિન્થિયા એનેટ એશ્લી સાથે તેમનો પરિચય થયો, જે ૧૯૨૨ માં લગ્નમાં પરિણમ્યો. એડવિનાના આગમન સાથે માઉન્ટબૅટનના જીવનમાં સ્વયં લક્ષ્મીનો પ્રવેશ થયો એમ જોઈ શકાય છે. માઉન્ટબૅટન પોતે ધનવાન ન હતા. એડવિનાની સાથે બ્રોડલૅન્ડ્ઝનું ઘર, ક્લાસિબૉન હિલ્લો અને બીજી સંપત્તિ તો આવી જ, પરંતુ તેથી વિશેષ તો માઉન્ટબૅટનની હૃદયસમૃદ્ધિ ને તેમની વિવિધ કામગીરીને રસાર્દ્ર કરનાર એક સન્નારીનો ઉમેરો થયો. એમના લગ્નની રજતજયંતી ૧૮ જુલાઈ, ૧૯૪૭ ના રોજ નવી દિલ્હીમાં ઊજવાઈ એ પણ એક આકસ્મિક સુયોગ હતો.

ફર્સ્ટ અર્લ, બૅરન રોમ્ઝી, વાઈકાઉન્ટ ઑાવ બર્મા, એડમિરલ ઑાવ ધ ફ્લીટ લૂઈ ફ્રાન્સિસ આલ્બર્ટ વિકટર નિકોલસ, કે. જી., પી. સી., જી. સી. બી., કે. સી. બી., સી. બી., ઓ. એમ., જી. સી. એસ. આઈ., જી. સી. વી. ઓ., એમ. વી. ઓ., એફ. આર. એસ., ડી. સી. એલ., એલ. એલ. ડી. (કેમ્બ્રિજ) ડી. એસસી. (દિલ્હી-પટણા) એ. એમ. આઈ. ઇ. ઇ., એ. એમ. આર. આઈ. એન.—નાં વળગણો વેંઢારીને ચાલતા માઉન્ટબૅટનના વ્યક્તિત્વમાં રાજવંશી દોરદમામ અને છટા પણ હતાં. સોહામણું વ્યક્તિત્વ, દૃઢ મનોબળ, સાહસવૃત્તિ, તીક્ષ્ણ મેધા અને એક અનોખી રંગદર્શિતા એમને વિશેષ પ્રભાવ અર્પતાં. રાજવંશી હોવા છતાં અલગારીપણું તેમના સ્વભાવમાં ન હતું. લોકસમુદાયમાં એક અભિનેતાની શૈલીથી એ ભળતા અને તેથી જ રોમ્ઝી જેવા નાનકડા ગામનાં બાળકો 'લૉર્ડી' કહીને એમને બોલાવતાં. એ ડિકી માઉન્ટબૅટનના જીવનમાંથી ત્રણ મુખ્ય પાસાં ઊપસી આવતાં જોઈ શકાય છે: યુદ્ધક્ષેત્રના તેજસ્વી સરસંચાલક, બ્રિટનના રાજપરિવારના મોભી ને માર્ગદર્શક દૂરદર્શી રાજનીતિજ્ઞ અને નિર્મમ વહીવટકર્તા.

બીજા વિશ્વયુદ્ધ વેળા લૉર્ડ માઉન્ટબૅટન વિનાશિકા 'કેલી'ના મુખ્ય સંચાલક હતા. કેલીને સજ્જ કરીને સાગરમાં તરતી મૂકવા શાહી જહાજવાડાએ ત્રણ અઠવાડિયાં પછીનો સમય મુકરર કર્યો હતો, પરંતુ એક સવારે લગભગ અઢીસો જેટલા ચુનંદા માણસોને ભેગા કરીને તેમણે કહ્યું: 'છાપાં તમે વાંચ્યાં હશે. જર્મનીના રીબિનટ્રોપે રશિયાના સ્ટાલિન સાથે 'યુદ્ધ નહિ'ના કરારની જાહેરાત કરી છે, એટલે યુદ્ધ આવતું હું જોઈ શકું છું. ત્રણ અઠવાડિયાંની વાત વાહિયાત છે. ત્રણ દિવસમાં જ કેલીને સજ્જ કરો અને હિટલરને તારથી ખબર આપો કે કેલી તૈયાર છે.' આ જ કેલી ઉપર ન્યૂકાસલ નજીક હુમલો થયો, એના શરીરનો અરધો ભાગ કપાઈ ગયો તો બાકીનું અડધિયું લઈને માઉન્ટબૅટને એને હંકાર્યે રાખી! ફરી નોર્વેના સાગરકાંઠે ક્રીટ નજીક એક જીવલેણ હુમલો થયો, કેલીએ જળસમાધિ લીધી. એના સરદાર અને સૈનિકો દરિયામાં ફેંકાઈ ગયા અને કલાકો પછી રાહત-ટુકડીઓ દ્વારા એ સહુને સાગરમાંથી બહાર કાઢવામાં આવ્યા. એક બુલંદ સાહસિકતા એમની રગોમાં રમી રહેલી હતી. દક્ષિણ-પૂર્વ એશિયામાં મિત્રરાજ્યોની સંયુક્ત સેનાના સરસેનાપતિ તરીકે એક ઊંચી કલ્પનાશક્તિ અને સાહસનો મેળ એમણે પ્રકટાવ્યો હતો અને જાપાનના પરાભવ પછી તેના સૈન્યના સરસેનાપતિએ શરણે આવીને પોતાની તલવાર માઉન્ટબૅટનને સુપરત કરી ત્યારે માઉન્ટબૅટને ખુદ સમ્રાટ હીરોહીટો પણ તલવારની સોંપણી કરે એવો આદેશ આપ્યો હતો. રંગૂનની જીત પછી યોજવામાં આવેલી વિજયકૂચને સંદેશો આપતાં છઠ્ઠા જ્યૉર્જે માઉન્ટબૅટનને તારથી વધાઈ આપતાં કહ્યું હતું કે: 'તમારો વિજય માત્ર જાપાન ઉપરનો વિજય નહિ પરંતુ આબોહવા, અંતર અને આંતર સ્થિતિ ઉપર પ્રાપ્ત કરેલો વિજય છે. શસ્ત્ર કૌશલ્યની એક અદ્‌ભુત સિદ્ધિ તરીકે ઇતિહાસમાં એ નોંધ પામશે.'

બ્રિટનના રાજગૃહ સાથેના આનુવંશિક સંબંધને કારણે ને માઉન્ટબૅટનની વિશિષ્ટ પ્રતિભાને કારણે એમનો પેઢી દર પેઢીનો સ્નેહભાવ સચવાએલો નજરે પડે છે. આઠમા એડવર્ડ અને છઠ્ઠા જ્યૉર્જ એ બંને રાજવીઓ એમના પિતરાઈ ભાઈઓ થાય. બંનેના અંગત સચિવની



◁ કિશોર માઉન્ટબૅટન શાહી નૌકાદળમાં પ્રિન્સ લૂઈ કેડેટ ઈ. ૧૯૧૩માં.



◁ પ્રિન્સ ઑવ વેલ્સ—ભવિષ્યના આઠમા એડવર્ડ—સાથે દૂર પૂર્વના દેશોના પ્રવાસ દરમિયાન લૉર્ડ માઉન્ટટેમ્પલનાં પુત્રી એડવિના ઍશ્લી સાથે માઉન્ટ બૅટનનો પરિચય થયો અને ઈ. ૧૯૨૨માં માઉન્ટબૅટન અને એડવિનાનાં લગ્ન થયાં. માઉન્ટબૅટનના જીવનમાં જાણે સ્વયં લક્ષ્મીનો પ્રવેશ થયો.

અને નૌકાસફરના સાથીની કામગીરી એમણે બજાવેલી છે. તે પછી રાણી ઇલિઝાબેથ, તેમના પતિ પ્રિન્સ ફિલિપ અને પુત્ર પ્રિન્સ ચાર્લ્સના રાહબર બનવાનું એમને ફાળે આવ્યું. ઈ. ૧૯૩૬ના ડિસેમ્બર માસમાં વૉલિસ સિમ્પસન સાથે લગ્ન કરવા માટે રાજા એડવર્ડ આઠમાએ ગાદીત્યાગ કર્યો ને છઠ્ઠા જ્યૉર્જને અનુગામી રાજવી જાહેર કરવામાં આવ્યા તે સાંજે વિંડસરના ફૉર્ટ બેલ્વેડિયરમાં ઊભા રહીને રાજા જ્યૉર્જ અને માઉન્ટબૅટન એડવર્ડની વિદાય નિહાળી રહ્યા હતા. તે વેળા ઊભરાતી આંખે નવા રાજાએ માઉન્ટબૅટનને કહ્યુ: 'ડિકી, આ અસહ્ય છે. આ રાજધુરા હું કેમ સંભાળી શકીશ? ડેવિડ, (આઠમા એડવર્ડ) તો રાજકાજની તાલીમ પામેલા હતા; જ્યારે હું તો એક નૌકાધિકારી તરીકે નૌકા વિષે જ માત્ર જાણું છું' 'અરે, એ તો કેવો વિચિત્ર યોગાનુયોગ!' માઉન્ટબૅટને જવાબ આપ્યો: 'મારા પિતાએ મને એક વાત કહેલી: જ્યારે ડ્યૂક ઑવ કલૅરન્સ ગુજરી ગયા અને રાજગાદી તમારા પિતાને શિરે આવી પડી ત્યારે તેમણે પણ આ જ શબ્દો કહ્યા હતા ને મારા પિતાએ ઉત્તર આપ્યો હતો કે જ્યૉર્જ, તમે ભૂલો છો. એક રાજવી માટે નૌકાશિક્ષણ જેવી સમુચિત બીજી કોઈ તાલીમ નથી.' એક વિશ્વાસુ અને માર્ગદર્શક આપ્તજનનો આવો સહારો રાજપરિવારને ડિકી માઉન્ટબૅટન તરફથી સદૈવ મળ્યા કર્યો છે અને તેથી જ શ્રીમતી રૂઝવેલ્ટના માનમાં યોજાએલો ભોજનસમારંભ હોય કે પ્રિન્સ ફિલિપના ઇલિઝાબેથ સાથેના વિવાહનો પ્રસંગ હોય, માઉન્ટબૅટન દંપતીની હાજરી એમાં અવશ્ય હોય જ. એ જ રીતે ડ્યૂક ઑવ વિંડસર (ભૂતપૂર્વ રાજા આઠમા એડવર્ડ)ના અવસાન પછી તેમનાં પત્ની ડચેસ ઑવ વિંડસરને દફનવિધિમાં લઈ જવા પ્રસંગે કે રાણી ઇલિઝાબેથના રાજ્યારોહણના રજતજયંતી ઉત્સવમાં બકિંઘમ પૅલેસની અટારીમાં માઉન્ટબૅટનની હાજરી નોંધપાત્ર રીતે વરતાય. હૅમ્પશિયર પરગણાના રોમ્ઝી ગામનું તેમનું નિવાસસ્થાન 'બ્રોડલૅન્ડ્ઝ' એ બહુ થોડાં સ્થાનોમાંનું એક છે કે જ્યાં રાજકુટુંબના ઉતારા-રહેતા હોય. રાણી ઇલિઝાબેથ ને પ્રિન્સ ફિલિપ લગ્ન પછી મધુરજની ગાળવા બ્રોડલૅન્ડ્ઝમાં જઇને વસ્યાં હતાં. ઈ. ૧૯૫૪માં રાણી અને તેમના પતિ સિલોન, એડન, યુગાન્ડા વગેરેના પ્રવાસે ગયાં હતાં ત્યારે તેમનાં સંતાનો રાજકુમાર ચાર્લ્સ ને રાજકુમારી ઍન માલ્ટામાં રહીને ભૂમધ્ય સમુદ્રના નૌકાકાફલાના સર્વોચ્ચ સેનાપતિની કામગીરી બજાવી રહેલા લૉર્ડ માઉન્ટબૅટનના ઘેર રહ્યાં હતાં. ઈ. ૧૯૬૫માં પ્રિન્સ ચાર્લ્સનું ભાવિ નક્કી કરવા રચવામાં આવેલી એક સમિતિમાં વડા પ્રધાન હૅરલ્ડ વિલ્સન, કૅન્ટરબરીના આર્ચબિશપ માઈકલ, ઉપકુલપતિઓના અધ્યક્ષ સર ચાર્લ્સ વિલ્સન સાથે માઉન્ટબૅટન પણ હતા. ચર્ચા દરમિયાન વિલ્સને રાણીને કહ્યુ: 'મેડમ, ડિકી માઉન્ટબૅટન હજુ કંઈ પણ બોલ્યા નથી. આપણે તેમનો અભિપ્રાય કેમ ન લઇએ?' માઉન્ટબૅટને ટૂંકો જવાબ દીધો: 'એના દાદાની જેમ ટ્રિનિટી કૉલેજ, પિતા અને પિતામહની જેમ ડાર્ટમથ, તે પછી નૌકાકાફલામાં સાગરને ખોળે ને અંતે નૌકાદળના સેનાપતિ તરીકે રાજકુમારે પોતાની કારકિર્દી ઘડવી જોઇએ' માઉન્ટબૅટનના અવસાન પ્રસંગે પ્રિન્સ ચાર્લ્સે જ્યારે એમ કહ્યું કે 'બીજા કોઈ કરતાં અંકલ ડિકીનો હું વિશેષ આદર કરતો રહ્યો છું.' ત્યારે એ ઉક્તિની યથાર્થતા સમજાય છે.

આ બધું હોવા છતાં અહીં માઉન્ટબૅટનના જીવનમાં શિરમોર સમી કામગીરી'એ તો ઈ. સ. ૧૯૪૭માં ભારતમાંથી બ્રિટિશ રાજ સંકેલી લેવાની છે. તેમના પુરોગામી લૉર્ડ વૅવલ એ કામમાં ટૂંકા પડે છે એવી પ્રતીતિ થતાં બ્રિટનના તે કાળના વડા પ્રધાન ક્લેમન્ટ ઍટલીએ ડરતાં ડરતાં રાજા જ્યૉર્જને કહ્યું કે ડિકી માઉન્ટબૅટનને ભારત મોકલીએ તો કેમ? રાજાએ ઉમળકો બતાવીને ઉમેર્યું કે જો ડિકીને મોકલવા હોય તો તેમણે શું કરવાનું છે તેની વિગતો સ્પષ્ટ લખીને આપો. માઉન્ટબૅટનની સંમતિ લેવામાં આવી; એમણે નિર્ણય કરવાની સ્વતંત્રતાની શરત મૂકી; કૅબિનેટે એ શરત પણ મંજૂર કરી. માઉન્ટબૅટન ભારત જાય છે તેની જાણ થતાં સર સ્ટૅફર્ડ ક્રિપ્સ તેમને મળવા ગયા ને વિનંતી કરી કે તેમનો સમાવેશ માઉન્ટબૅટનના રસાલામાં કરવામાં આવે. માઉન્ટબૅટનને લાગ્યું કે ક્રિપ્સને સાથે લઈ જવાથી નવા વાઈસરૉય ક્રિપ્સ મિશનની કોઈ નવી આવૃત્તિ લઇને આવે છે એવી છાપ ભારતમાં ઊભી થશે. આવી છાપ પાડવાની તેમની ઇચ્છા ન હતી એટલે બીજી મુલાકાતમાં તેમણે સર સ્ટૅફર્ડને કહ્યું કે 'તમારી શક્તિઓ મને વિશેષ ઉપયોગી નીવડે તે માટે તમે લંડનમાં રહીને સેક્રેટરી ઑવ સ્ટેઈટ ફૉર ઇન્ડિયાનું સ્થાન સંભાળો, અને તેમ કરવા હું ઍટલીને વિનંતી કરીશ.' ઍટલીએ આ વાત પણ સ્વીકારી લીધી. આ રીતે ૧૯૪૭ની ૨૨મી માર્ચે લૉર્ડ લૂઈ માઉન્ટબૅટન વાઈસરૉય તરીકે જ્યારે ભારત આવ્યા ત્યારે લગભગ સર્વાધિકાર સાથે, સોળ માસના સમયગાળામાં બ્રિટિશ રાજ ભારતમાંથી સંકેલી લેવાનું 'મિશન' લઇને આવ્યા હતા. કદાચ



બ્રિટિશ રાજના છેલ્લા વાઈસરૉય લૉર્ડ માઉન્ટબૅટન

તેથી જ શ્રી નેહરુ સાથેની પ્રથમ મુલાકાતમાં જ તેમણે કહી દીધું હતું કે 'બ્રિટિશ રાજને સંકેલી લેનારા છેલ્લા વાઈસરૉયમાં મારી ગણના ન કરશો; કરી શકો તો નૂતન ભારતના પ્રસ્થાન-માર્ગ ઉપર કદમ ભરનારા પ્રથમ વાઈસરૉય તરીકે કરજો.' ત્યારે મૈત્રીભર્યા સ્મિત સાથે નેહરુએ ઉત્તર આપ્યો હતો કે 'તમારુ લાલિત્ય ભયાનક છે એમ મેં સાંભળ્યું છે ખરું, પરંતુ તેનો મર્મ આજે સમજી શકું છું.'

એ જ લાલિત્ય અને એ જ પ્રભાવ ટૂંકા ગાળામાં કેવી ભૂરકી નાખી શકે છે તે ભારતની પ્રજાએ એ દિવસોમાં અનુભવ્યું હતું. સોળ માસની કામગીરી એમણે પાંચ મહિનામાં ઊંચે મૂકી દીધી હતી અને એમ કરવામાં બધા પ્રોટોકોલ પણ નેવે મૂકી દીધા હતા. પોતે, કાઉન્ટેસ એડવિના અને દીકરી પેમિલા એમ ત્રણે રાજદૂતોની ટુકડીએ મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, રાજાજી, ડૉ. રાજેન્દ્રપ્રસાદ વગેરેનાં દિલ જીતી લેવાની કામગીરી શરૂ કરી. કુમારી પેમિલા તો બીજે દિવસે ગાંધીજીની પ્રાર્થનાસભામાં હાજર થઈ ગયાં હતાં. માઉન્ટબૅટનની ભારતમાંની પ્રવૃત્તિનો વિગતવાર અહેવાલ તેમના જ અંગત મદદનીશ 'ઍલન કૅમ્પબેલ-જોન્સન'ના 'અ મિશન વિથ માઉન્ટબૅટન'માંથી મળી શકે, પરંતુ એ કામગીરીનું ભારતની પ્રજાએ આપેલું પ્રમાણપત્ર તો 'પંડિત માઉન્ટબૅટન કી જય'ના જયનાદોમાં પડેલું છે. સફળતા પ્રાપ્ત કરવાની ઉતાવળમાં ભારતના ભાગલા પડાવવાનો એક અપયશ કેટલાક વિવેચકો તેમને આપે છે ખરા, પરંતુ એ મુદ્દો



ગાંધીજી સાથે લાર્ડ અને લેડી માઉન્ટબટન

વિવાદાસ્પદ હોઈ શંકાનો લાભ પણ માઉન્ટબૅટનને મળી શકે તેમ છે. અંગ્રેજ રાજકર્તા અને ભારતની પ્રજાના હૃદય વચ્ચે સેતુ બાંધવાનું કામ એમને હાથે થયું. ગાંધીજીના અવસાન પ્રસંગે રાજઘાટ ઉપર ઊમટેલા માનવ મહેરામણમાં વ્યવસ્થા કરવાનું કામ, મેદનીના ધસારામાં કોઈ કચડાઈ ન મરે તે માટે સહુને બેસી જવાનું સૂચન કરવાનું કામ એમણે સહૃદયતાથી ઉપાડયાં હતાં. 'જ્યોતિ આજે બુઝાઈ ગયો'નું ઐતિહાસિક સંબોધન શ્રી જવાહરલાલ નેહરુએ રાષ્ટ્રને કર્યું ત્યારે રાષ્ટ્રને આશ્વાસન આપવાની જરૂરિયાત શૂન્યમનસ્ક બનેલા નેહરુને માઉન્ટબૅટને સમજાવી હતી. ગાંધીજીની વિદાય પછી મનમેળ કરીને એકરાગથી કામ કરવા એમણે પંડિતજી અને સરદાર સાહેબના મનમાં ઠસાવ્યું હતું. એમણે પ્રકટ કરેલી 'ભારતીયતા'એ સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ બનવાનું માન અપાવ્યું. એ જ રીતે અંગ્રેજોનાં હૃદય પણ સદ્‌ભાવનો ઉચિત પડઘો પાડી શકે એવાં રસાળ બનાવ્યાં. ઈ. ૧૯૪૮માં હાલનાં રાણી ઇલિઝાબેથનાં પ્રિન્સ ફિલિપ સાથે લગ્ન થયાં ત્યારે ગાંધીજીએ માઉન્ટબૅટનને પૂછ્યું કે 'હું વૈરાગી માણસ બીજું તો શું આપું, પણ હાથે વણેલી ખાદીનો ટુકડો એમને લગ્નભેટ તરીકે મોકલું?' માઉન્ટબૅટને હા પાડી. પરંતુ એ ટુકડો જ્યારે લંડન પહોંચ્યો ત્યારે તે જોઈને રાણીનાં દાદીમા ક્વીન મેરીને ભારે આઘાત લાગ્યો. આવો ટુકડો મોકલવાનો અવિનય તે કોઈ કરતું હશે? એવા છણકા પણ પરિણીત દંપતી સમક્ષ એમણે કર્યા. પરંતુ 'ગાંધી તો મહાપુરુષ છે' એવા એક વાક્યથી પ્રિન્સ ફિલિપે ડોશીને ચૂપ કરી દીધાં. રાજા છઠ્ઠા જ્યૉર્જ શરૂઆતમાં જવાહરલાલથી બહુ પ્રભાવિત થયા ન હતા. એ જ જવાહરલાલ ભારતના વડા પ્રધાન તરીકે રાષ્ટ્રસમૂહના દેશોના વડા પ્રધાનોની પરિષદમાં લંડન ગયા ત્યારે રાજા જ્યૉર્જે બકિંઘમ મહેલમાં એમને નિમંત્રણ આપ્યું. બંને વચ્ચે ઠીક ઠીક વાતો થઈ. મુલાકાતને અંતે રાજાએ માઉન્ટબૅટનને જાણ કરતાં કહ્યું: 'નેહરુને તમે જમવા નોતર્યા છો ખરું ને? એ ખરેખર સરસ માણસ છે.' ઉભય પક્ષે સ્નેહસંબંધો વિકસાવવામાં માઉન્ટબૅટનના અદીઠ હાથે કેવું કામ કર્યું હશે તેનો ખયાલ આવા નાનાનાના પ્રસંગોમાંથી મળી આવે છે. ભારત પ્રત્યેની એમની સદ્‌ભાવના ને પ્રીતિ કેવળ ઓપચારિક ન હતાં. નિવૃત્ત વયે બીજી ઘણી સંસ્થાઓ સાથેની નાળ કાપી નાખ્યા પછી પણ લંડનના ભારતીય વિદ્યાભવનના કેન્દ્રના ચીફ પેટ્રન થવાનું એમણે સ્વીકાર્યું હતું એટલું જ નહિ પણ ભારત સાથેના સંબંધોનું સ્મરણ સદા લીલું રહે તે માટે લેડી પેમિલાની એક દીકરીનું નામ 'ઇંડિયા' રાખવામાં આવ્યું છે.'

ભારતમાંથી વિદાય થયા પછી માઉન્ટબૅટન ફરી નૌકાદળમાં જોડાયા

હતા અને તેમાંથી નિવૃત્ત થવાની સંધ્યાએ તેના સાગરાધિપતિ—ફર્સ્ટ સી લૉર્ડ—હતા. શીલ, સાહસ, ઉદ્યમ અને ગૌરવના બ્રિટિશ ગુણો અર્લ માઉન્ટબૅટનના જીવનમાં સાક્ષાત ઊતર્યા હતા. એમના સાગરપ્રેમ અન્ય કુટુંબીજનોએ પણ પોતીકો ગણ્યો છે. ભારતમાં નિર્વાસિતો વચ્ચે ગળાબૂડ કામ કરનારાં લેડી એડ્વિના માઉન્ટબૅટન, સેન્ટ જ્હૉન ઍમ્બ્યુલન્સનાં ચીફ સુપરિન્ટેન્ડેન્ટની કામગીરી બજાવતાં, ઈ. ૧૯૬૦માં બોર્નિયોમાં અવસાન પામ્યાં ત્યારે તેમના મૃતદેહને તેમની ઇચ્છા મુજબ સાગરમાં તરતો મૂકવામાં આવ્યો હતો. ખુદ માઉન્ટબૅટન પણ જીવનના છેલ્લા પ્રસંગમાં સાગરને ખોળે પોઢી ગયા. ત્રાસવાદીઓના બૉમ્બે જે જીવનનું સમાપન કર્યું એ જીવન સાવ ક્ષણભંગુર ન હતું તેની પ્રતીતિ તેને જે અર્ઘ્ય આપવામાં આવ્યો તેમાંથી થાય છે.

માઉન્ટબૅટનના મૃતદેહને આયર્લૅન્ડના સાગરકાંઠેથી તેમના નિવાસસ્થાન બ્રોડલૅન્ડ્ઝમાં લાવવામાં આવ્યો હતો. મૃતદેહની અંતિમ વિધિ પહેલાં તા. ૫ સપ્ટેમ્બર ૧૯૭૯ના રોજ લંડનમાં એની વિધિસરની સ્મશાનયાત્રા યોજવામાં આવી હતી. સેન્ટ જેમ્સીઝ પૅલેસથી શરૂ થએલી અને ધ મૉલ, હૉર્સગાર્ડ પરેડ, સેનોટેફ, પાર્લમેન્ટ સ્ક્વેર થઇને વેસ્ટમિન્સ્ટર ઍબીમાં પહોંચેલી એ સ્મશાનયાત્રામાં શસ્ત્રગાડી ઉપર માઉન્ટબૅટનનો મૃતદેહ ગોઠવવામાં આવ્યો હતો. શબપેટી ઉપર ઍડમિલરની ફૂલફૂલ પ્રતીકધારી હૅટ, લંડન કૉર્પોરેશને ભેટ આપેલી તલવાર અને એક સુવર્ણ રાજદંડ મૂકવામાં આવ્યાં હતાં. મૃતદેહને ઉપાડવા માટે શાહી નૌકાદળમાંથી પાંચ અધિકારીઓ અને ૧૨૨ ગૌણ અધિકારીઓની એક ટુકડી રચવામાં આવી હતી અને લશ્કરી દળોમાંથી ૨૫૦૦ સ્ત્રી-પુરુષોનું એક દળ ગણવેશ ધરીને સ્મશાનયાત્રામાં જોડાયું હતું. શબવાહિનીની બરાબર પાછળ અર્લ માઉન્ટબૅટનના ચાર પૌત્રો અને જમાઈ ડેવિડ હિક્સ ચાલતા હતા. તેમની પાછળ શાહી ગણવેશમાં પ્રિન્સ ફિલિપ ને પ્રિન્સ ચાર્લ્સની સાથે બીજા ત્રણ રાજકુમારો—ડ્યૂક ઑવ ગ્લાઉસ્ટર, ડ્યૂક ઑવ કેન્ટ અને પ્રિન્સ માઈકલ ઑવ કેન્ટ ચાલતા હતા. લંડનની ફૂટપાથો ગ્લાનિભર્યા ચહેરાઓથી ઊભરાતી હતી. લશ્કરી સરઘસમાં ભારત સહિત પાંચ દેશોની લશ્કરી ટુકડીઓ, રૉયલ ઍર ફોર્સનું બૅન્ડ, અમેરિકાનું નૌકા અને સામુદ્રિક એકમ અને કૅનેડિયન લાઈટ ઈન્ફન્ટ્રીનો સમાવેશ થતો હતો. જેની ઉપર બેસીને રંગીન ગણવેશધારી ટુકડીઓની કવાયતને માઉન્ટબૅટન દોરતા તે અશ્વિની 'ડૉલી' અસવાર વિહોણી આ અંતિમયાત્રામાં ચાલતી હતી. એના પેગડામાં માઉન્ટબૅટનના બૂટ અવળા મૂક્યા હતા. વેસ્ટ મિન્સ્ટર ઍબીના પ્રાંગણમાં શબવાહિનીને ગાર્ડ ઑવ ઑનર આપવામાં આવ્યું. ઍબીના ગર્ભાગારમાં ૭૯ વર્ષની વયનાં રાજમાતા સાથે સમગ્ર રાજપરિવાર સહિત ૧૪૦૦ નિમંત્રિતોમાં માઉન્ટબૅટનના પિતરાઈ ને નૉર્વેના રાજા ઓલાવ, સ્પેનના રાજાના પ્રતિનિધિ કાઉન્ટ ઑવ બાર્સિલોના, બેલ્જિયમના રાજકુમાર આલ્બર્ટ, બલ્ગેરિયાના ભૂતપૂર્વ રાજા સાઈમન, ઈટાલીના અમ્બ્રેટો અને ગ્રીસનાં ભૂતપૂર્વ રાજા-રાણી કૉન્સ્ટન્ટાઈન અને મેરી, ભારતના ઉપપ્રમુખ શ્રી હિદાયતુલ્લા, શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત, બ્રિટનના ચાર ભૂતપૂર્વ વડા પ્રધાનો હીથ, વિલ્સન, મૅકમિલન, કૅલેહન તથા વર્તમાન વડાપ્રધાન માર્ગરેટ થૅચર ઈત્યાદિનો સમાવેશ થતો હતો. કૅન્ટરબરીના આર્ચબિશપ ડૉ. કૉગને માઉન્ટબૅટનને અંજલિ આપી હતી, અને પ્રિન્સ ચાર્લ્સે ૧૦૭મા સ્તોત્રનું પઠન કર્યું હતું. ઍબીની વિધિ પછી શબવાહિનીને વૉટર્લુ સ્ટેશનેથી રેલગાડી મારફતે લંડનની દક્ષિણે આવેલા રોમ્ઝી ગામમાં લઈ જવામાં આવી. બીજે દિવસે રાજપરિવાર અને આપ્તજનોની હાજરીમાં રોમ્ઝીના ચૅપલમાં એમની દફનવિધિ કરવામાં આવી. અહીં પણ માઉન્ટબૅટનના મૃતદેહને સાગરાભિમુખ રાખીને પોઢાડવામાં આવ્યો! એ દિવસે તેમની દીકરી પૅમિલાની જન્મતિથિ હતી!

આગલે દિવસે, વેસ્ટમિન્સ્ટર ઍબીમાં પ્રિન્સ ચાર્લ્સે જે સ્તોત્રપાઠ કર્યો હતો તેના શબ્દો હતા: 'ધે ધૅટ ગો ડાઉન ટુ ધ સી ઈન શિપ્સ...' કાળના મહાસાગરમાં માઉન્ટબૅટન જીવનનું એક નાનકડું વહાણ લઈને ગયા હતા. એ જીવન પોતે પણ સાગરથી રસાએલું હતું: સાગરાધિપતિને ઘેર જન્મ, સાગરને ખોળે જ શિક્ષણ, જિંદગીનાં અર્ધશતક જેટલાં વર્ષોમાં કેવળ સાગરી અભિયાન. અંતિમ સફર અને આયુષ્યની વિરતિ એ પણ સમુદ્રની સન્નિધિમાં,—સાગર જેવું ભર્યુંભર્યું જીવન એવા જ એક સાગર ઉપર નજર ઠેરવીને જંપી જાય એવો સુયોગ સ્વયં માઉન્ટબૅટને પણ કલ્પ્યો નહિ હોય. □

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૭૨ માટેનું 'રાજા મહેન્દ્રપ્રતાપ'ના લેખક અશોક હર્ષને મળે છે.

લઘુકથા

પેન-સેન્ટર

રાજેશ ભટ્ટ

ગ્રીષ્મની લાંબી બપોરો કિરાતને કંટાળો આપતી. બપોરે ઊંઘી જવાની તેને ટેવ ન હતી. વળી, બપોરે 'વિવિધ-ભારતી' પર તેની પસંદગીનાં ગીતો ય બહુ ન આવતાં. આ પણ એક એવી જ બપોર હતી—ગોકળગાય જેવી મંદગતિ! તે બેઠો હતો પગ પર પગ ચઢાવી અને એકાએક 'જૅક-ઈન-ધ-બૉક્સ' જેવી વિચાર-દાબડીનું ઢાંકણું ખૂલી જતાં ઊછળી આવી યાદ મિતાની, લગભગ વર્ષ થયું હશે મિતાને મળ્યે. તેનાથી છૂટા પડ્યે...કિરાત ફરી-ફરી એ બધું યાદ કરવા માગતો ન હતો.

માંડ પાંચેક વાગ્યા અને ઉદાસ ચહેરો લઈ, 'ભાભી! હું જરા બહાર ફરી આવું' કહી કિરાત નિરુદ્દેશે નીકળ્યો. કિરાતની ઉદાસી જોકે ભાભીથી છાની ન'તી રહી.

અરે! હજી તો સાડા-પાંચ થયા હશે અને આ શું? કિરાત પાછો ફર્યો?...બને, આટલો ખુશમિજાજ?! ભાભીને આશ્ચર્ય થયું, કિરાતે લગભગ દોડતા પોતાના ઓરડા ભણી જતાં બૂમ પાડીને ભાભીને એક કપ સરસ ચા બનાવી આપવા કહ્યું. ઓરડામાં પહોંચતાં જ એણે ખિસ્સામાંથી એક ચબરખી કાઢી અને તેની સામે પ્રેમથી તાકી રહ્યો.

...છેલ્લી વીસેક મિનિટોનું દૃશ્ય તેની આંખો સામે પુનઃ ચિત્રિત થયું...ઉદાસ મને તે ઘેરથી નીકળ્યો, 'ક્યાં જવું?'ની મૂંઝવણમાં અનાયાસે પગ પેન સેન્ટર તરફ વળ્યા. આગલે દિવસે સમારવા આપેલી પેન માગી. 'અફલાતૂન થઈ ગઈ, સાહેબ!' કહી દુકાનદારે પેન આગળ ધરી, તેને ચકાસી જોવા કિરાતે કાગળ માગ્યો અને તેને એક પૅડ અપાયું. તેના ઉપર એ લીટો તાણે તે પહેલાં......અરે! આ શું? પ્રિય મિતાના જ અક્ષરોમાં પહેલા જ કાગળ ઉપર 'કિરાત... કિરાત...કિરાત' અને...તેને ખાતરી થઈ કે વર્ષ પહેલાંના કલહ પછી યે પણ હજી મિતા તેને માટે ઝૂરી રહી છે! □

અરબી શીખવાનાં સુલભ સાધનો

લેખક · શશિકાન્ત ચી. જરદોસ



ઈસાઈ ધર્મ પછી દુનિયામાં વધુમાં વધુ—લગભગ ૪૭ કરોડ લોકો ઈસ્લામ ધર્મ પાળે છે. (ભારતમાં ૧૧ થી ૧૨ ટકા વસ્તી મુસલમાનોની છે.) એક કાળે સ્પેઈનના માર્ગે યુરોપમાં પણ તેનો પ્રવેશ થયો હતો, પણ ત્યાર પછીના રાજકીય પલટાઓમાં તેનાં વળતાં પાણી થયાં; છતાં આજે યે અમેરિકાને બાદ કરતાં બાકીની દુનિયાના આ નકશામાં દર્શાવેલા કાળા વિસ્તારમાં ઈસ્લામનું ચલણ છે, મધ્ય એશિયાના અરબ દેશોથી આરંભાઈને લગભગ સમગ્ર ઉત્તર આફ્રિકા ને તેની પૂર્વ કંઠાર તથા ઈશાન તરફ છેક મંગોલિયા સુધી ઈસ્લામ એક મુખ્ય ધર્મબળ છે. નાનાંમોટાં અનેક અરબ રાજ્યો ને અમીરાતો તેના થકી એકબીજા સાથે જોડાઈ રહ્યાં છે, એટલું જ નહિ, બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાના અનેક બનાવોમાં ઈસ્લામ એક બહુ જ પ્રભાવક બળ બની રહ્યું છે. એનો મુખ્ય ધર્મગ્રંથ કુરાન શરીફ અરબી ભાષામાં હોઈ સઘળા મુસ્લિમોને જોડતી એ ધર્મભાષા છે. જ્ઞાનવિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોના વિકાસ અને પ્રસારમાં અરબી ભાષાનો ફાળો બહુ જ મોટો હોઈ તેનું આગવું મહત્ત્વ છે, એટલું જ નહિ; આજે પણ એ ભાષાનો બહોળો વપરાશ હોઈ તેનો અભ્યાસ પણ એટલો જ અગત્યનો ને ઉપયોગી છે.

અરબી એ સિમિટિક ભાષાઓમાં સૌથી વધુ બોલાતી અને દુનિયાની એક મહત્ત્વની ભાષા છે. લગભગ દસ કરોડ લોકોની એ માતૃભાષા છે અને કુરાન શરીફમાં આસ્થા ધરાવતા લગભગ પચાસ કરોડ લોકોની એ ધર્મભાષા છે. બિતાલીસ જેટલા ઈસ્લામી દેશોમાં કેટલાક તદ્દન ટચૂકડા તો કેટલાક આધુનિક વિકાસની તમામ સવલતોથી સજ્જ-સમૃદ્ધ વિદ્યાવિભૂષિત અને પ્રગતિશીલ છે, અને તેમાંના ઘણા દેશોમાં અરબી ભાષાનું ચલણ છે. ભારતને એમાંના ઘણા દેશો સાથે ઘનિષ્ઠ સંબંધ છે. હજારો ભારતીય વેપારીઓ અને અન્ય લોકો અરબ દેશોમાં ઠરીઠામ થયા છે. હાલમાં તો હજારો ભારતીઓ અરબ દેશોમાં પોતાના નિર્વાહ અર્થે અરબ દેશોમાં નોકરી કે કામ મેળવવા મથી રહેલા જોવા મળે છે. ગઈ સદીમાં જેદ્દાહમાં દવા અને અત્તરની સૌથી મોટી દુકાન રાંદેરના એક મુસ્લિમ વતનીની હતી. ઓમાન-મસ્કતના સુલતાનના ખાસ વિશ્વાસુ અને એના રાજઆવાસમાં સર્વેસર્વા સમા એક કચ્છી લોહાણા હતા. આજે યે ભરત શાહ નામના મુંબાઈના એક હિંદુ નવયુવાન અરબસ્તાનના વેપારી મહાજનમાં સરતાજ સમું સ્થાન ધરાવે છે.

અલજીરિયા, સઉદી અરબ, સંયુક્ત અરબ અમીરાત, બિહરીન, ઇજિપ્ત, ઈરાક, જિબુટી, જોર્ડન, કતાર, કુવૈત, લૅબિનોન, લીબીઆ, મોરોક્કો, મોરીટાનિયા, ઓમાન, પૅલેસ્ટાઈન, સહરા, સીરિયા, સોમાલિયા, સુદાન, ટચુનીશીઆ, યમન, ઝાંઝીબાર વગેરે દેશોમાં અરબી ભાષાનું એક કડી રૂપ મહત્ત્વ છે. પ્રો. સી. એ. ફરગ્યુસનના કથન મુજબ સદીઓનો વિકાસ-ઇતિહાસ ધરાવતી અરબી ભાષામાં ફિલસૂફી, વિજ્ઞાન, ખગોળ, અંકશાસ્ત્ર, બીજગણિત, ભૂમિતિ, વૈદક, સાહિત્ય, કલા, શાયરી, વક્તૃત્વ વગેરે વિધવિધ ક્ષેત્રોમાં અરબી ભાષાએ મહાન સિદ્ધિઓ મેળવી છે. એના આ વિશાળ જ્ઞાનભંડારમાંથી યુરોપે ઘણુંઘણું પોતાના વિકાસમાં ઉતાર્યું છે. આમ, પુરાણી—ક્લાસિકલ ભાષા તરીકે અત્યંત રૂઢિચુસ્ત હોવા છતાં બીજી ભાષાઓમાંથીપણ ઘણું અપનાવવાથી અરબી ભાષા પ્રગતિશીલ પણ રહી છે. ઉદાહરણ તરીકે લઈએ તો અંગ્રેજી ભાષાના પણ ઘણા શબ્દો એણે અપનાવી લીધા છે એટલું જ નહિ, તેનું અરબીકરણ પણ કર્યું છે; જેમ કે 'ફિલ્મ'નું અરબી બહુવચન 'અફલામ', 'બૅંક'નું 'બુનૂક', 'માઈલ'નું 'અમયાલ' વગેરે. જુસ્સાદાર ખડતલપણું એ અરબી ભાષાની લાક્ષણિકતા છે, પણ તેનો મુખ્ય ગુણ તો તેનું લાઘવ છે. ટૂંકામાં ઘણું કહેવાની તેની આ વિશિષ્ટતા છતાં તેમાં ચોકસાઈ ને અસંદિગ્ધતા છે. કલ્પનાનાં ઉચ્ચતમ ઉડ્ડયનો અને ઊર્મિનાં સૂક્ષ્મતમ સંવેદનો વ્યક્ત કરવાની તેમાં પૂર્ણ ક્ષમતા છે. આ જીવંત ભાષામાં એક 'મુહાવરો' પ્રચલિત છે: ઉત્તમ ભાષા કઈ? અરબીમાં એનો જવાબ માત્ર બે જ શબ્દોમાં છે-'કલ્લ વ દલ્લ'' એટલે કે 'ટૂંકી અને તાર્કિક.'

એક સમય હતો કે જ્યારે ઘણા હિન્દુઓ—ખાસ કરી ગુજરાતી નાગરો ફારસી ભાષા બહુ સારી રીતે લખી-વાંચી જાણતા, અને સ્વાભાવિક રીતે જ એમાંના ઘણા અરબીના પણ જ્ઞાતા હતા. સંજોગો પલટાવા સાથે આજે તો હિંદુઓ ઉર્દૂ પણ ભૂલવા લાગ્યા છે. પણ હજી યે અરબી શીખવું અઘરું નથી. આજે યે ગુજરાતી ભાષામાં ડઝનબંધ અરબી શબ્દો રોજિંદા વહેવારમાં પ્રચલિત છે. મજકૂર—સદરહુ ભાષાના દસ-પંદર ટકા જેટલા અરબી શબ્દો આપણી અદાલતોની ભાષામાં આજે યે પ્રચલિત છે. એટલે અરબી શીખવામાં રસ હોય તો પ્રથમ અરબી લિપિનું જ્ઞાન મેળવી લીધા પછી લાગે છે તેટલું અઘરું એ કાર્ય નથી.

ઉર્દૂ, ફારસી અને અરબી આ ત્રણે ભાષાઓ અલગ હોવા છતાં તેમની લિપિમાં ખાસ કંઈ ફર્ક નથી. એટલે 'ઉર્દૂ કા કાયદા' કે 'હફતે મેં ઉર્દૂ' વગેરે જેવી પુસ્તિકાઓ દ્વારા એ લિપિનો પરિચય સરળતાથી મેળવી શકાય છે. અને લિપિનો ઉંબર ઓળંગ્યા પછી તો એક ભવ્ય સાહિત્યમંદિરમાં પ્રવેશ મળી જાય છે. આચાર્ય વિનોબા ભાવેએ કોઈ પૂર્વ પરિચય વિના, ચાળીસની ઉંમર પછી અરબી શીખી લીધી હતી. એટલે અભ્યાસની ચીવટ અને ઉત્સાહ હોય તો થોડા પ્રયાસે અરબી શીખી શકાય. લિપિ શીખવાથી આત્મવિશ્વાસ વધે છે અને અરબી લિપિ તો ટૂંકી અને સહેલી છે. ઉર્દૂમાં ચુમાળીસ અને ફારસીમાં ૩૨ મૂળાક્ષરો છે જ્યારે અરબીમાં તો માત્ર અઠ્ઠાવીસ વર્ણાક્ષર છે. એટલે અરબી લિપિ શીખવામાં એકાગ્રતા અનુસાર એકથી બે સપ્તાહ બસ થઈ પડે છે. 'લિંગ્વાફોન'ની રેકૉર્ડ દ્વારા અરબી ભાષાના ઉચ્ચારો શીખી શકાય છે. અને અંગ્રેજી આવડતું હોય તો તો અરબી ભાષા શીખવા માટે સામગ્રીનો ભંડાર આજે સુલભ છે.

થોડાં વર્ષો પહેલાં ઇજિપ્તના પ્રમુખ નાસરે અરબીને આંતરરાષ્ટ્રીય ભાષા બનાવવા અને તેને એક અગ્રગણ્ય વિશ્વભાષાનો દરજ્જો

અપાવવા એક મોટી યોજના કરી હતી. અરબીનો વ્યાપક પ્રચાર કરવાની અને અરબી શીખવવાની આ સુયોજિત કામગીરી એમણે યુનિવર્સિટીને નહિ પણ માહિતી પ્રસારણ ખાતાને સોંપી હતી તેથી 'ઍરેબિક બાય રેડિયો.' એવું નામ અપાએલું. એના મથકનું સરનામું પો. બૉ. નં. ૩૨૫, કેરો, ઇજિપ્ત (યુ. આર. ઈ.) છે. દુનિયાના કોઈ પણ ભાગના કોઈ પણ માણસને એ સરનામે પત્ર લખી અરબી શીખવા માટે પોતાનું નામ નોંધાવવાનું હોય છે. આ માટે કંઈ જ ફી ભરવાની હોતી નથી. નાસરની આ અત્યંત ઉપકારક યોજના હેઠળ અંગ્રેજી ભાષામાં અરબી વાચનમાળાના આઠ ભાગ તૈયાર કરવામાં આવ્યા છે. એના પહેલા ભાગમાં અરબી લિપિ શીખવવાથી માંડી આઠમા ભાગ સુધીમાં અરબી સાહિત્ય, ગદ્ય, કુરાન શરીફના ફકરાઓ વગેરે પ્રાચીન-અર્વાચીન કૃતિઓને આવરી લેવામાં આવી છે. ઊંચી જાતના કાગળ પર સુરુચિપૂર્ણ સચિત્ર કલાત્મક છપાઈવાળા, મબલખ ખર્ચે તૈયાર કરેલા આ આઠ ભાગનું સંપાદન નવ આંતરરાષ્ટ્રીય ભાષાશાસ્ત્રીઓની એક સમિતિએ કરેલું છે.

આ યોજનામાં જોડાયા પછી દર ત્રણ-ત્રણ મહિને આ વાચનમાળાનો એકએક ભાગ કૅરોથી તમને મોકલવામાં આવે છે. સાથોસાથ તમારો ઉત્સાહ જારી રહે તે માટે રંગબેરંગી ચિત્રોવાળી અરબી બાળકથામાળાની પુસ્તિકાઓ પણ મોકલાય છે. તેમાંની વણઝારો અને કૂતરો, હાથી અને ઊંટ, ઊડતો ઘોડો, જાદુઈ ચિરાગ, રાજકુમારી, એકદાંડિયો મહેલ વગેરે આપણને પણ પરિચિત લાગે તેવી વાર્તાઓ સરળ અરબીમાં મોટા ટાઈપમાં છપાએલી હોઈ સ્વાભાવિક રીતે જ આ પુસ્તિકાઓ હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન થતું નથી.

આમ, લગભગ બે વર્ષમાં આઠેય ભાગ તમને મોકલી દેવાયા બાદ પરીક્ષા આપવા ઈચ્છનારા ઉપર પ્રશ્નપત્રો પણ મોકલવામાં આવે છે, જેના ઉત્તરો લખીને આપણે એ ટપાલ દ્વારા કૅરો મોકલી આપવાના હોય છે. આ પ્રશ્નપત્રોમાં એક તરફ પ્રશ્નો છાપ્યા હોય છે ને તેની બાજુના કોરા ભાગમાં ઉત્તરો લખી મોકલવાના હોય છે, આમાંના બધા સવાલો વાચનમાળામાંના જ હોઈ યાદશક્તિથી ઉત્તરો ન લખી શકો તો વાચનમાળાનું પુસ્તક ખુલ્લું રાખીને યા જાણકાર મિત્રની મદદ લઇને પણ ઉત્તરો લખી શકે..

તમારા ઉત્તરો કૅરો મોકલ્યા પછી ત્રણ મહિનામાં તમારું 'રીઝલ્ટ' આવે છે અને તેમાં પાસ થાઓ તો અરબી અને અંગ્રેજીમાં સુંદર રીતે છાપેલું પ્રમાણપત્ર મોકલવા સાથે ઇજિપ્તની સરકારનો અભિનંદન પત્ર તથા પારિતોષિક રૂપે બીજાં વધુ અરબી પુસ્તકો પણ આવે છે.

અરબી શીખવા માટે જો આ યોજનાનો લાભ ન લઇ શકતા હો તો બીજાં અનેક દ્વાર ખુલ્લાં છે. રેવરન્ડ વેલ્સની અંગ્રેજી પાઠમાળા જેવું મુનશી ગુલાબસિંઘનું ઉર્દૂમાં લખાએલું અરબી વ્યાકરણ તમે ઘણાં મુસ્લિમ કુટુંબોમાંથી મેળવી શકો. 'મુદર્રિસ ઉલ અરબિયર' (અરબી ટીચર)ના ચાર ભાગ તથા 'અરબીકી પહલી કિતાબ', 'દુસરી કિતાબ' વગેરેના ચાર ભાગ, તેમની 'કલીદ' (માર્ગદર્શિકા) સાથે ઉર્દૂ પુસ્તક વિક્રેતાઓને ત્યાંથી મેળવી શકો.

અંગ્રેજી જાણનારાઓ માટે તો આથી યે વધુ સામગ્રી ઉપલબ્ધ છે. બગદાદ—ઈરાક જ્યારે અંગ્રેજી શાસન તળે હતું ત્યારે અંગ્રેજ સિપાહીઓને છએક માસમાં ખપજોગું અરબી શીખવવા માટે એક ચોપડી છાપવામાં આવી હતી: 'સ્પોકન ઍરેબિક ઈન ઈરાક'. સહેલામાં સહેલી અને ટૂંકામાં ટૂંકા રીતે જાડી બુદ્ધિના 'ટૉમી' સડસડાટ અરબી શીખી લે તેવી એ દોઢસો પાનાંની સરળ ચોપડી છે. આવી જ એક અંગ્રેજી-અરબી પુસ્તિકા 'એડન-ઍરેબિક' એડનમાં છપાએલી છે, જેમાં રોજિંદી બોલચાલનાં અરબી વાક્યો વિષયવાર આપવામાં આવ્યાં છે. કલકત્તા યુનિવર્સિટીના અગાઉના મૅટ્રિકનાં અરબી સિલેક્શનો, તથા કૉલેજનાં જુદાંજુદાં વર્ષોનાં અરબી સિલેક્શનો અંગ્રેજી તથા બંગાળી નૉટ્સ અને અર્થો સાથે છપાય છે તે પણ મળી શકે છે. આ ઉપરાંતનો, પ્રો. ઉસ્માન ગનીનું કલકત્તામાં અંગ્રેજીમાં છપાએલું અરબી વ્યાકરણ તથા તેમની જ 'ઍરેબિક સ્ટોરીઝ' અને 'ટ્રાન્સલેશન્સ ઍન્ડ રી-ટ્રાન્સલેશન્સ' પણ બહુ લોકપ્રિય બનેલાં પુસ્તકો છે. ઍરેબિક-ઇંગ્લિશ ડિક્શનરીઓ પણ ઘણી સહાયરૂપ બની શકે.

ઇજિપ્ત સરકારની માફક અરબસ્તાનની મદીના યુનિવર્સિટી પણ અરબીનો પ્રચાર કરે છે ને અરજી કરનારને વિનામૂલ્યે પુસ્તકો ભેટ મોકલે છે. મૂળે ચુસ્ત ઇસ્લામધર્મી છતાં આ મદીના યુનિવર્સિટી અરબી-પ્રચાર અને સાહિત્યસેવા પણ કરે છે અને ધર્મ કે મુલ્કના ભેદભાવ વગર તમારી ઇચ્છા અને જરૂરિયાત મુજબ વિનામૂલ્યે ને પૂરા વિનયથી તાકીદે મોકલી આપે છે.

આપણી યુનિવર્સિટીઓની કાર્યક્ષમતાનો જેમને અનુભવ હોય તેમને મદીના યુનિ૦ની કામગીરી આનંદ અને આશ્ચર્ય પમાડે એવી છે. તમારો પત્ર પહોંચ્યા પછી એકાદ અઠવાડિયામાં જ તમારે ત્યાં પુસ્તકો આવી જાય. આ ઉપરાંત, એની સાથે અરબી ભાષા શીખવા અંગે તમે દાખવેલા રસ બદલ અભિનંદન અને આભાર વ્યક્ત કરતો ત્યાંના રજિસ્ટ્રારનો પત્ર પણ આવે જ, અને આ ઉપરાંત પણ બીજી સેવા ફરમાવવાની વિનતિ પણ સાથે કરેલી હોય. એમનું સરનામું છે : રજિસ્ટ્રાર, ઈસ્લામિક યુનિવર્સિટી, મદીના, પબ્લિકેશન્સ ડિવિઝન, કિંગડમ ઑવ સઊદી અરેબિયા, પો. ઑ. બૉ. નં. ૧૭૦, મદીના.

'અલ કુવૈત', 'અલ અરબ' અને 'અલ બહરેન' એ ત્રણ આપણા 'ઇલસ્ટ્રેટેડ વીકલી' જેવાં સુંદર સુઘડ છપાઈવાળાં સચિત્ર અરબી માસિકો છે. જે તે અરબ દેશની સરકારી કચેરીઓ દ્વારા એ પણ મેળવી શકે.

રાતે ૧૧ થી ૧૨ ભારત બહારનાં રેડિયો સ્ટેશનો પરથી અરબી બ્રોડકાસ્ટ સાંભળી શકાય છે. કૅરોથી નિયમિત પ્રસારિત થતા ઍરેબિક બાય રેડિયોની યોજના હેઠળની ઉપર્યુક્ત વાચનમાળાના પાઠો પણ સાંભળી શકાય છે. ઑલ ઇન્ડિયા રેડિયોની ઉર્દૂ સર્વિસ પણ રોજ રાતે અરબીમાં સમાચાર પ્રસારિત કરે છે, જેમાં વઝીરે આઝમ કે વઝીરે દાખિલા વગેરેના દિવસ દરમિયાનના જાણીતા સમાચારો અરબીમાં સમજવાનો પ્રયત્ન પણ કરવા જેવો છે. આમ, સામાન્યતઃ અઘરી ગણાતી અરબી ભાષા, જો રસ હોય તો શીખવા માટે અનેક માર્ગ છે ને આ રસ કેળવવા જેવો છે. એનો પ્રયાસ એળે તો નહિ જ જાય. અરબ દેશોમાં જઈ પુષ્કળ પૈસા કમાઈ આવવાનાં સ્વપ્નો જોનારાઓ તથા અરબ સંસ્કૃતિમાં રસ ધરાવનારાઓ બંનેને તેમાં લાભ છે. □

અનુસંધાન] બાદશાહી અંગૂઠી [પૃષ્ઠ ૨૧ થી

ની પેટીમાં સવારે જોએલો ઝળકાટ હજી આંખ સામે તરવરી રહ્યો હતો. આ અંગૂઠીના કિસ્સામાં કેવા અદ્‌ભુત સાહસ સાથે ફેલુદાએ પોતાની જાતને સંડોવી દીધી હતી! એની પાછળ દેખાતા જોખમનો ખયાલ પણ મને દિઙ્મૂઢ કરી દેતો હતો. અને છતાં એ પણ ખરું જ કે જો ફેલુદા ન હોત તો કદાચ એ અંગૂઠી ખરેખર જ ચોરાઈ ગઈ હોત, અને એનો ચોર પકડાત પણ નહિ.

'કિટ્ટ્ટ્ટ...કિટ્ટ...કિટ્ટ...કિટ્ટ...કિટ્ટ્ટ્ટ...કિટ્ટ...' બાજુના ઓરડામાંથી જાણે બહુ દૂરથી આવતો હોય તેમ રૅટલ સ્નેકનો અવાજ આવ્યો. વનવિહારીબાબુએ એમનું પ્રિય સંગીત ચાલુ કર્યું લાગતું હતું. અને એ સાંભળતાં સાંભળતાં જ કદાચ મને ઊંઘ આવી ગઈ હતી. (ચાલુ)

દક્ષિણ આકાશના 'જય-વિજય' તારાના પ્રદેશ ઑસ્ટ્રેલિયાનો પરિચય આપતી લેખમાળાનો બીજો હપતો

ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપર



પ્રદેશે જય-વિજયના

લેખક - પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

વિમાનમાંથી ઑસ્ટ્રેલિયાનો પશ્ચિમ કિનારો દેખાવા લાગ્યો હતો. સમુદ્રના ઘેરા ભૂરા રંગનાં પાણીની પાસે વનસ્પતિથી આચ્છાદિત એ વર્તુળાકાર કંઠારનું દશ્ય શાંત ને રળિયામણું લાગતું હતું. થોડા કલાક નિદ્રા લઈને હું જાગ્યો હતો. બહાર તડકો ફેલાઈ ગયો હતો. સમયનું અંતર પડી ગયું હતું. ભારતમાં અત્યારે સાત વાગ્યા હશે જ્યારે અહીં ઑસ્ટ્રેલિયાના દસ વાગ્યા હતા. ઘડિયાળમાં તે પ્રમાણે ફેરફાર કર્યો. વિમાનમાં અપાએલાં ચા-પાણી પતાવી લઈ સજ્જ થયો. લગભગ સાડા અગિયાર થયા. અમે હવે પહોંચવા આવ્યાં હતાં.

ઑસ્ટ્રેલિયા પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં હોઈ ઉત્તર ગોળાર્ધના દેશો કરતાં એનું ઋતુચક્ર ઊલટું ચાલે છે. યુરોપ, ભારત કે જાપાનમાં જ્યારે સખત ઠંડી પડતી હોય ત્યારે અહીં ઉનાળો ચાલે, અને ઉત્તરમાં જ્યારે ઉનાળો હોય ત્યારે અહીં સખત ઠંડી પડે.

ઑસ્ટ્રેલિયા એટલે ટાપુ-ખંડ. એશિયા, યુરોપ, આફ્રિકા અને અમેરિકા એ દરેક ખંડમાં ઘણા દેશો અને અનેક ટાપુઓ છે. પરંતુ ઑસ્ટ્રેલિયા 'એક ખંડ, એક દેશ' (One Continent, One Nation) છે. ખંડ તરીકે તે દુનિયાનો નાનામાં નાનો ખંડ, દેશ તરીકે દુનિયાનો એક મોટો દેશ અને ટાપુ તરીકે તે દુનિયાનો મોટામાં મોટો ટાપુ છે. એનો દરિયાકિનારો લગભગ બાર હજાર માઈલ લાંબો છે. ઉત્તર અમેરિકા કરતાં જરા નાનો અને ભારત કરતાં લગભગ અઢીથી ત્રણ ગણો મોટો એવો વિશાળ દેશ હોવા છતાં તેની વસ્તી લગભગ દોઢ કરોડની જ છે. અને તેમાંનો મુખ્ય એ મોટો ભાગ કિનારા ઉપરનાં છ-સાત મોટાં શહેરોમાં વસેલો છે. ખંડની વચમાં તો મોટાંમોટાં રણ છે. સમુદ્રની સપાટીથી અહીંની ભૂમિની સરેરાશ ઊંચાઈ બીજા ખંડો કરતાં ઘણી જ ઓછી છે. અને તેમાં યે કેટલોક પ્રદેશ તો સમુદ્રની સપાટી કરતાં પણ નીચો છે. વળી પ્રાકૃતિક અને પ્રાગૈતિહાસિક દૃષ્ટિએ ઑસ્ટ્રેલિયા બધા ખંડોમાં સૌથી પ્રાચીન ખંડ ગણાય છે. પૃથ્વી ઉપર તેની ધરતી જૂનામાં જૂની મનાય છે. આ ધરતી ઉપર વસતાં-કાંગારુ, કોઆલા, પ્લેટિપસ વગેરે કેટલાંક પશુ-પક્ષીઓ-દુનિયામાં બીજે ક્યાંય નથી. અહીં એક પણ જ્વાળામુખી નથી. તેમ જ એવો પર્વત પણ નથી કે જેના ઉપર બારે માસ બરફ રહેતો હોય.

થોડી વારમાં વિમાન પર્થના ઍરપોર્ટ ઉપર આવી ઊતર્યું. માત્ર આઠ જ કલાકમાં ભારતની ધરતી ઉપરથી મારે માટે તદ્દન નવા એવા આ દેશમાં આવી પહોંચતાં હું વિસ્મય અને આનંદની અવનવી લાગણી અનુભવી રહ્યો હતો. અહીંના સમય પ્રમાણે ત્યારે બપોરના બાર વાગવા આવ્યા હતા. વિમાન થંભી ગયું. કૅપ્ટને સૂચના જાહેર કરી કે 'કોઈએ પોતાની બેઠક ઉપરથી ઊભા થવાનું નથી, કારણ કે ક્વૉરેન્ટાઈનના ઈન્સ્પેક્ટરો હમણાં આવે છે.' પરંતુ આદતના જોરે ઘણા ઊભા થઈ ગયા હતા. કૅપ્ટને ફરી જાહેર કર્યું કે 'જ્યાં સુધી સૌ બેસશે નહિ ત્યાં સુધી ક્વૉરેન્ટાઈનના ઈન્સ્પેક્ટર તપાસ નહિ કરે, અને ત્યાં સુધી તમને જવા દેવામાં નહિ આવે. આ કડક સૂચના છે અને તેનો દરેકે અમલ કરવો જ પડશે.' અંતે બધાં બેસી ગયાં પછી એક ડૉક્ટર આવ્યા. પૂછતા ગયા: 'કોઈને ઊલટી કે તાવ કે એવું કંઈ થયું છે?'

પૂછપરછ કરી ડૉક્ટર ગયા. પછી બીજા બે માણસો આવ્યા. ફરી સૂચના અપાઈ: 'વિમાનમાં બહારથી અને અંદરથી જંતુનાશક દવા છાંટવામાં આવી રહી છે. દરેકને કાગળનું નૅપકિન અપાય છે. એ મોઢે લગાડવું કે જેથી દવાની કંઈ અસર ન થાય.' પછી પેલા બંને જણ બન્ને હાથમાં પકડેલી બે પ્લાસ્ટિકની મોટી બાટલીઓમાંથી બંને બાજુ દવા છાંટતાંછાંટતાં એક છેડેથી બીજે છેડે પસાર થયા. કેટલાંકને ખાંસી આવી, કેટલાંકે જાણીજોઈને ખાધી. આ વધુ પડતું નાટક જોઈ વિમાનમાંના પ્રવાસીઓ હસવા લાગ્યા. ક્વૉરેન્ટાઈન અંગેની આવી ચીવટ દુનિયાના બીજા કોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકે ભાગ્યે જ રખાતી હશે. ચેપી રોગ માટે ઑસ્ટ્રેલિયા ઘણું સજાગ છે એમ દેખાયું.

કસ્ટમની તપાસ પણ અહીં જ થવાની હતી, એટલે બધા જ પ્રવાસીઓએ ઊતરવાનું હતું. આ માટે પર્થ શહેરમાં જનારા અને પર્થથી આગળ જનારા માટે જુદાજુદા વિભાગ હતા. હું પર્થમાં જનારાઓની લાઈનમાં જોડાયો. વિમાનમાંથી સામાન આવવા લાગ્યો. મારો સામાન છેક છેલ્લે આવ્યો. કદાચ મુંબાઈમાં બહુ વહેલો આપી દીધો હતો એટલે હશે! કસ્ટમની તપાસ ઘણી ઝડપી હતી. કસ્ટમના ફૉર્મમાં એક ખાનું ખાવાની ચીજો અંગેનું પણ હતું—ચેપી રોગો ન ફેલાય એટલા માટે. કેટલાક દેશોમાં ફળ, શાકભાજી કે ખાવાની ચીજો લઈ જવાની મનાઈ હોય છે. શાકાહારી ભોજનની બહુ સગવડ ન થાય તો તો કંઈ વાંધો ન પડે એટલા સારુ મેં ખાખરા, લાડુ, સેવગાંઠિયા વગેરે મારી સાથે લીધા હતા. ફૉર્મમાં મેં તે પ્રમાણે લખ્યું. સદ્ભાગ્યે કસ્ટમ ઑફિસરે તે લઈ જવા અંગે વાંધો લીધો નહિ. મારો સામાન પણ ખોલાવ્યો નહિ, અને ઑસ્ટ્રેલિયાની આંતરરાષ્ટ્રીય પરિષદ માટે ભારતીય પ્રતિનિધિ તરીકે હું આવું છું તે માટે પોતે આનંદ વ્યક્ત કર્યો.

સામાન લઈ હું ઍરપૉર્ટમાંથી બહાર નીકળ્યો. કદાચ ભાઈ પોગેશ જોગિયાને મારો તાર ન મળે યા તેઓ ઍરપૉર્ટ ઉપર ન આવી શકે તો હોટેલમાં ઊતરવાની વ્યવસ્થા માટે મેં મુંબાઈથી કોન્ટાસની ઑફિસ દ્વારા સૂચના આપી રાખી હતી. ઍરપૉર્ટ ઉપર લેવા આવેલા માણસોના

… … હું આવતો હતો. … ટોળામાંથી ભા-રતીય વ્યક્તિને ઓળખવી અઘરી નહોતી, તેવી જ રીતે પર્થ ઊતરનારાઓમાં પણ હું એકલો જ ભારતીય હતો. નજર મળતાં જ મેં પૂછ્યું: 'મિસ્ટર તેંગિયા ?'

'તમે જ છો… શાહ !'

'હા, હું પોતે. કેમ છો તમે ?' અને આમ પ્રાથમિક ઓળખ પતતાં સુધામાં તો હું નિશ્ચિંત બની ગયો. યોગેશ તેંગિયા સાથે તેમના એક મિત્ર સદીક ડાન પણ આવ્યા હતા. તેઓ ફિજીના વતની છે. યોગેશ સાથે વેપારમાં જોડાઈ કેટલાક સમયથી પર્થ આવીને રહ્યા છે.

એરપોર્ટથી પર્થ શહેર પાંચેક માઈલ દૂર છે ને યોગેશનું ઘર શહેરની બીજી બાજુ બીજા પાંચ માઈલ દૂર છે. એટલે દસ માઈલ દૂર જવાનું હતું. એમની જાપાનીઝ ગાડી 'કોરોના માર્ક ટુ'માં અમે ઊપડયા. થોડેક ગયા ત્યાં ગાડી થોભી પડવા લાગી. વધુ પેટ્રોલ આપવા છતાં તે વેગ પકડતી નહોતી. 'શું કરીશું, સદીક ?' યોગેશે પૂછ્યું.

'કોઈ પેટ્રોલ-પંપ પર બતાવી જોઈએ.'

એક પેટ્રોલ-પંપ પાસે ગાડી ઊભી રાખી. હું પણ નીચે ઊતર્યો. પણ ત્યાં તો એટલી બધી માખીઓ હતી કે સેકન્ડે સેકન્ડે હાથ હલાવીને તે ઉડાડવી પડતી. મેં કહ્યું: 'ઑસ્ટ્રેલિયામાં ક્વૉરેન્ટાઈન માટે આટલી બધી ચોકસી રખાય છે અને અહીં તો માખીઓનો પાર નથી!' અહીં ઉનાળામાં માખીઓનો ત્રાસ બહુ વધી જાય છે. રસ્તા પર ચાલતાંચાલતાં યે વારંવાર હાથ ઊંચો કરી માખીઓ ઉડાડવી જવી પડે. ક્યારેક સામેથી આવતા માણસ હાથ ઊંચો કરી તમને બોલાવતા કે સલામ ભરતો હશે એમ લાગે, પણ હકીકતમાં તો તે માખીઓ જ ઉડાડતો હોય. એટલા માટે, મોઢા ઉપરથી માખીઓ ઉડાડવી તે ઑસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય પ્રવૃત્તિ ગણાય છે: લોકો મજાકમાં એને 'The great Australian salute' 'ઑસ્ટ્રેલિયન સલામ' કહે છે.

પેટ્રોલ-પંપ ઉપર અમને તુરત ગાડી સમી કરી આપી. અલબત્ત, કામ તદ્દન નાનું હતું. યોગેશે પૈસા માટે પૂછ્યું, પણ તે માણસે પૈસા લેવાની ના પાડી. મને નવાઈ લાગી. આટલા કામ માટે આપણે ત્યાં પંદર વીસ રૂપિયા સહેજે પડાવી લે. ભારત કરતાં આ દેશનું જીવનધોરણ ઘણું ઊંચું છે અને સમયનું મૂલ્ય પૈસામાં અંકાય છે. પરંતુ યોગેશે કહ્યું: 'અહીંના લોકો, અને તેમાં પણ વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયનો વધુ ઉદાર હોય છે. બ્રિટિશો કરતાં ઑસ્ટ્રેલિયનો વધુ ઉદાર ગણાય છે.'


'પણ આ લોકો મૂળ તો બ્રિટિશો જ ને ? તો પછી તેઓમાં આવો ફરક કેવી રીતે થયો ? અહીંની ધરતીનો ગુણ હશે ?'

'ધરતીનો ગુણ તો ખરો જ. વળી, એનું કારણ ઑસ્ટ્રેલિયાનો ઇતિહાસ પણ છે. અહીંના લોકો હવે શુદ્ધ બ્રિટિશ બહુ રહ્યા નથી.' સદીકે કહ્યું. ઑસ્ટ્રેલિયાના ઇતિહાસ વિષે મેં કેટલુંક વાંચ્યું હતું. સદીકની એ વિષેની જાણકારી સારી છે એમ વાતચીત પરથી લાગ્યું. પછી તો અમે આ ખંડની શોધ કેવી રીતે થઈ, તેનું ઑસ્ટ્રેલિયા નામ કેવી રીતે પડ્યું ને અહીં વિદેશીઓનો વસવાટ કેવી રીતે થતો ગયો તેની વાત પર ચડી ગયા. અમારી ગાડી હવે તકલીફ વગર આગળ દોડી રહી હતી. (ચાલુ)

શતરંજ . . . . સુરેશ મોદી

આ અંકથી શરૂ થતી સ્પર્ધામાં પ્રથમ ૧૯૭૯-ની વર્ષની આંતરક્ષેત્રીય ટૂર્નામેન્ટમાં રમાએલી એક રમતમાંનું કૉમ્બિનેશન આપ્યું છે. અહીં સફેદની ચાલ છે અને તે થોડી જ ચાલમાં કાળાને મ્હાત કરી શકે તેમ છે. સ્પર્ધાની શરૂઆત આ એક બહુ સહેલા કૉમ્બિનેશનથી કરી છે. જવાબમાં સફેદ કેવી રીતે જીતે છે તે-વિકલ્પ હોય તો તેની સાથે બતાવવાનું છે.

કાળા



સફેદ

સફેદે રમવાનું અને જીતવાનું છે.

ઉકેલ ૨૦ ફેબ્રુઆરી ૧૯૮૦ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવો:

Shree Suresh Mody, H—6 Saraswati Society, Govandi Road, Chembur, Bomboy 400 041.

સાચો ઉકેલ તેમ જ ઉકેલ મોકલનારનાં નામ તથા તેમણે મેળવેલા ગુણ એપ્રિલ માસના અંકમાં આપવામાં આવશે.

રવિશેખર ફરી રાષ્ટ્રીય વિજેતા

હાલમાં વિજયવાડા ખાતે રમાએલી ૧૭મી રાષ્ટ્રીય શતરંજ ટૂર્નામેન્ટ જીતી ને મદ્રાસના રાજા રવિશેખર ફરી રાષ્ટ્રીય વિજેતા થયા છે. વાચકોને યાદ હશે કે રવિશેખર ૧૯૭૫માં નાની વયે રાષ્ટ્રીય વિજેતા થયા હતા. મૅન્યુઅલ ઍરોન આઠ વખત આ વિજેતાપદ મેળવ્યું છે, તેમના સિવાય કોઈ બે વખત પણ વિજેતા થયું ન હતું એટલે રવિશેખર એ બીજા જ ખેલાડીઓ છે જેમણે એકથી વધુ વખત આ વિજેતાપદ મેળવ્યું છે.

આ ટૂર્નામેન્ટમાં ૨૦ ખેલાડી હોય છે. દિલ્હીના કિશનબિહારી શ્રીવાસ્તવ અને મૅન્યુઅલ ઍરોન (જે હવે સંસ્થાકીય કામમાં ગરકાવ છે) રમ્યા ન હતા. બાકીના ૧૮ ખેલાડી વચ્ચે રમાએલાં ૧૭ રાઉન્ડની લીગ ટૂર્નામેન્ટમાં ૧૭માંથી રવિશેખરે ૧૪½ પૉઈન્ટ મેળવ્યાં હતાં અને અણનમ રહ્યા હતા. શરૂઆતથી જ સુંદર રમત દાખવી તેઓ આગળ રહ્યા હતા અને ત્રણ રાઉન્ડ રમવાનાં બાકી હતાં ત્યારથી જ તેમનું પ્રથમ સ્થાન નિશ્ચિત થઈ ગયું હતું. બીજું સ્થાન મેળવનાર મહમ્મદ હસ્સન કરતાં તેમણે પૂરાં ત્રણ પૉઈન્ટ વધુ મેળવ્યા તે જ દર્શાવે છે કે બાકીના ખેલાડીઓ કરતાં તેમની રમત આ વખતે કેટલી ઉત્કૃષ્ટ રહી હતી.

અનુભવી ખેલાડી મહમ્મદ હસ્સન (આંધ્ર પ્રદેશ) ૧૧½ પૉઈન્ટ સાથે બીજા સ્થાને આવ્યા હતા. અગાઉ પણ તેઓ બીજું સ્થાન મેળવી ચૂક્યા છે, પણ વિજેતાપદ મેળવવા અસમર્થ રહ્યા છે. ભૂતપૂર્વ રાષ્ટ્રીય વિજેતા રફીકખાન (મધ્ય પ્રદેશ) ૧૧ પૉઈન્ટ સાથે ત્રીજા સ્થાને આવ્યા. ૧૦½ પૉઈન્ટ મેળવનાર ત્રણ ખેલાડી મણિપુરના મીતેઈ, આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ રવિકુમાર અને મુંબઈના રવિ હેગડે ટાઈ બ્રેકિંગ (Tie-breaking) પદ્ધતિ અનુસાર અનુક્રમે ચોથે પાંચમે અને છઠ્ઠે સ્થાને આવ્યા હતા.

આ છ ખેલાડીઓ ૧૮મી રાષ્ટ્રીય શતરંજ ટૂર્નામેન્ટમાં સીધા રમી શકશે બાકીના ખેલાડીને રાષ્ટ્રીય 'અ' ટૂર્નામેન્ટમાં રમવાના હક્ક માટે ફરી રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટ રમવું પડશે. રવિશેખર પહેલા સ્થાને નિર્વિવાદ હતા, એટલે તે પછીનાં સ્થાન માટે તીવ્ર રસાકસી રહી હતી. જે હજીયે સબળ ખેલાડી ગણાય છે તે ભૂતપૂર્વ વિજેતા પરમેશ્વરન્ અને નાસીર અલી—પહેલા છમાં સ્થાન મેળવવામાં પણ નિષ્ફળ ગયા. નવા આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ અને છેલ્લી બે રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં જરા માટે વિજેતાપદ ચૂકી જનાર રવિકુમાર પણ છેક પાંચમે સ્થાને આવ્યા. જ્યારે બે નવા મીતેઈ અને રવિ હેગડેનો દેખાવ ઘણો સારો ગણાય.

પુષ્પમાળા-૧૧

લેખક - શંકરદેવ વિદ્યાલંકાર

મધુમાલતી



નયનરમ્ય લાલ પુષ્પોનાં ઝૂમખાંથી આસપાસના વિસ્તારને રંગભર્યું બનાવી દેતી મધુમાલતીની વેલ તો ઘણાએ જોઈ હશે. કોઈ પણ આધાર પર સારી ઊંચાઈએ ચડી જતી આ પુષ્પલતા બાગ-બગીચા ને આવાસોની શોભા વધારતી હોઈ સારી પેઠે લોકપ્રિય બનેલી છે. જો કે અસલ તો એ મલયદ્વીપ સમૂહ અને બ્રહ્મદેશ તરફની પણ, તેની શોભનક્ષમતા તથા ૧૦૦૦ ફૂટ સુધીની ઊંચાઈવાળા સમશીતોષ્ણ હવામાનવાળા બધા પ્રદેશોમાં સરળતાથી ઊગી શકતી હોઈ આપણા દેશમાં પણ સારો આદર પામી છે. અંગ્રેજીમાં 'રંગૂન ક્રીપર' (Rangoon Creeper) નામે ઓળખાતી આ વેલને આપણે ત્યાં પણ 'રંગૂન વેલ' કહે છે. એનાં પુષ્પની રતાશ પરથી તેને 'લાલચ મેલી' અને એને બારે માસ ફૂલ આવતાં હોઈ કેટલાક એને 'બાર માસી' નામે પણ ઓળખે છે. જો કે 'બારમાસી' નામે સફેદ અને ગુલાબી પાંચ પાંખડીવાળાં ફૂલનો છોડ પણ આપણે ત્યાં જાણીતો છે.

'ક્વિસકૉલિસ ઇન્ડિકા' (Quisqualis Indica) એ મધુમાલતીનું શાસ્ત્રીય નામ છે. ક્વિસકૉલિસનો અર્થ થાય છે: 'આ શું?' હોલૅન્ડના વનસ્પતિશાસ્ત્રી રમ્ફિયસે તેની લાક્ષણિકતા પરથી તેનું આ નામ પાડ્યું છે. મધુમાલતીનો નવો રોપ પ્રથમ છએક માસમાં સીધો ટટ્ટાર રહીને ઝડપથી વધે છે, અને પછી એનાં મૂળમાંથી નવી નવી શાખાઓ વિકસી આવે છે, જે મૂળ રોપ કરતાં વધુ મજબૂત અને વિકાસશીલ હોય છે. આ શાખાઓને કંઈ આધાર આપીને ચડવા દઈએ તો તેની વેલ ઠીકઠીક ઊંચે સુધી વધે છે. આથી પ્રવેશદ્વાર પરની પુષ્પમંડિત કમાનો, આવાસની દીવાલો કે લતામંડપ રચવામાં તે વિશેષ પસંદગી પામે છે, અને દર ચોમાસાના આરંભમાં કાટછાંટ કરી તેના વિકાસને પ્રમાણબદ્ધ રાખવામાં આવે તો ઘરઆંગણે છાયાદાર મંડપ વગેરે જેવી શોભા-સગવડ માટે તે ઉમદા પુષ્પલતા બની રહે છે.

મધુમાલતીનાં પાન ટોચે અણિયાળાં અને નીચલા છેડે સહેજ ખાંચદાર તથા પાંચથી છ ઇંચ પહોળાં હોય છે. રુવાંટીવાળી કૂમળી ડાળો પર એ ઉપરના ભાગમાં સામસામાં અને નીચેના ભાગમાં એક પછી એક એમ ગોઠવાએલાં હોય છે. મધુમાલતીનું થડ કઠણ અને તેની છાલ પાતળી તથા ભૂખરા રાખોડી રંગની હોય છે.

આમ તો મધુમાલતીનાં પુષ્પો બારે માસ ખીલતાં રહે છે, પરંતુ માર્ચથી ઑગસ્ટ દરમિયાન એ પૂર બહારમાં જોવા મળે છે. ખીલે ત્યારે આરંભમાં સફેદ લાગતાં મધુમાલતીનાં પુષ્પો અંતે લાલ રંગ ધારણ કરી લે છે. શાખાઓની ટોચ પર અને તેના મધ્ય ભાગમાં ઝૂમખાંમાં ખીલતાં આ પુષ્પો દાંડી રહિત હોય છે. પણ તેના વજની પાંચ લીલી પાંખડીઓ એકબીજી સાથે જોડાઈને લાંબી નળી જેવી બની જતી હોઈ એ ફૂલની દાંડી હોવાનો ભાસ આપે છે. ખૂબ ફેલાએલી વેલનાં હરિયાળાં પાનની વચ્ચે શ્વેત-ગુલાબી-લાલ પુષ્પોનાં ઝૂમખાંમાંની રંગ-સમૃદ્ધિ મધુમાલતીના દેખાવને અત્યંત મનોહર બનાવી દે છે.

મધુમાલતીનાં ફૂલનાં વજની લાંબી નળીના તળિયે સહેજ ઊપસેલા ભાગમાં તેની અંડગ્રંથિ હોય છે, જ્યાં તેનું એકાદ ઇંચ લાંબું, લીસું, પાંચ ખૂણિયાંવાળું ને કઠણ છાલવાળું ફળ બેસે છે. આ ફળમાં એક બીજ હોય છે. આપણે ત્યાં આ બીજમાંથી નહિ, પણ કાપકલમ વડે મધુમાલતી ઉગાડવામાં આવે છે. તેનાં બીજમાંથી ઉપયોગી તેલ પણ નીકળે છે.

મધુમાલતીના કેટલાક ઔષધીય ઉપયોગો પણ છે. તેનાં બીજ કૃમિનાશક ગણાય છે. 'ફાર્માકોપિયા ઇન્ડિકા'માં જણાવ્યા પ્રમાણે એનાં ચાર-પાંચ બી મધ અથવા ગોળ સાથે આપવાથી બાળકોના પેટમાં થતા ગોળ તથા અન્ય કૃમિ બહાર નીકળી આવે છે. ઉદરશૂળમાં મધુમાલતીનાં પાનનો ક્વાથ અસરકારક ગણાયો છે. ચીનમાં એનાં પાકાં બીજને શેકીને ઝાડા તથા તાવમાં અપાતાં હોવાના ઉલ્લેખો મળે છે.

ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની ખમીરવંતી લોકરમત સ્પર્ધાઓ

હરિ: ૐ આશ્રમની પ્રેરણાથી ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ દ્વારા દર વર્ષે યોજાતી સ્પર્ધાઓમાં યુવકો તથા યુવતીઓ માટે ચતુર્થ પાવાગઢ ચઢાણ સ્પર્ધા તા. ૧૯-૧-૧૯૮૦ને શનિવારે પાવાગઢ ખાતે યોજાશે. જ્યારે ૪૦ વર્ષથી મોટી ઉંમરનાં સ્ત્રી-પુરુષો માટે ચતુર્થ પાવાગઢની દ્વિતીય નરોત્તમદાસ પટેલ જલદ ચાલ સ્પર્ધા તેમ જ વ્યાયામ સંસ્થાઓ માટે ચતુર્થ વ્યાયામ નિદર્શન સ્પર્ધા તા. ૨૭-૧-૧૯૮૦ ને રવિવારે મહેસાણા ખાતે યોજાશે. આ સિવાય ભાઈઓ માટે ૪૨ કી. મી. તથા બહેનો માટે ૨૦ કી. મી. અંતરની આઠમી નાથાલાલ દેસાઈ મેરેથોન દોડ સ્પર્ધા તા. ૩-૨-૧૯૮૦ ને રવિવારે રાજપીપળા ખાતે યોજવામાં આવશે. ગુજરાત રાજ્યમાંથી કોઈ પણ હરીફ આ બધી સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે છે. ભાગ લેવા ઇચ્છનારે માહિતી તથા પ્રવેશપત્ર માટે, મંત્રી, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા, (જિ. ભરુચ) એ સરનામે સંપર્ક સાધવો.

અંગ્રેજી સાહિત્યનું આચમન કૉલેજિયનો અને સાહિત્યરસિકોનું આકર્ષણ બની રહેલી 'કુમાર'માં આવતી ડૉ. મધુસૂદન પારેખની આ લેખમાળાનું ગ્રંથસ્વરૂપ. કિં. રૂ. ૧૫, રજિ. પો. શ. ૨-૫૫ અલગ. લખો: **કુમાર કાર્યાલય લિ.**

સત્યજિત રાય રચિત એક ધારાવાહી રહસ્યકથા

અનુવાદક · સુકન્યા ઝવેરી

બાદશાહી અંગૂઠી

(ગતાંકથી ચાલુ)

ફિલ્મનિર્માણના ક્ષેત્રે અત્યંત ખ્યાતિ પામેલા સત્યજિત રાય જેમ ચિત્રકાર હોવા સાથે પશ્ચિમી સંગીતના અચ્છા જાણકાર તથા હિંદુસ્તાની સંગીતમાં પણ સારી સમજ ધરાવે છે તેમ તેઓ એક અચ્છા વાર્તાકાર પણ છે. કિશોરો-કુમારો માટે એમણે લખેલી વિજ્ઞાનવિષયક કલ્પનાકથાઓ અને તેના નાયક પ્રો. શંકુની જેમ એમની રહસ્યકથાઓ ને તેના નાયક ડિટેક્ટિવ ફેલુદાનું એમણે સર્જેલું પાત્ર પણ ભારતીય શેરલોક હોમ્સ બનવા જેટલી ક્ષમતા ધરાવતું હોઈ એવી જ ખ્યાતિ ને લોકપ્રિયતા પામ્યું છે. ફેલુદાની બે રહસ્યકથાઓ—'સોનાર કેલા' અને 'અગાઉ 'કુમાર'માં પ્રકટ થઈ ગએલી વાર્તા 'ગણેશમૂર્તિની ચોરી' પરથી 'જયબાબા ફેલુનાથ' નામે સત્યજિત રાયે બે ફિલ્મો પણ બનાવી છે. 'જયબાબા ફેલુનાથ'ને તો ગયા વર્ષે એ પ્રકારની ફિલ્મોમાં ઉત્તમતાનું રાષ્ટ્રીય પારિતોષિક પણ મળ્યું છે. ¶ 'કુમાર'ના પાછલા ચાર અંકોથી ચાલતી 'બાદશાહી અંગૂઠી'ની આ વાર્તા ડિટેક્ટિવ ફેલુદાની કારકિર્દીના આરંભકાળની એક રહસ્યકથા છે. દુર્ગાપૂજાની રજાઓના દિવસોમાં ફેલુદા અને તેનાં બધાં શોધ પરાક્રમોમાં સદાના સાક્ષી સમો તથા ફેલુદાની કથાઓને અક્ષરબદ્ધ કરનો તેનો માશીઆઈ ભાઈ 'તોપસે' લખનૌ ફરવા જાય છે ત્યાંથી કથાનો આરંભ થાય છે. કિશોરો-કુમારોને રુચે તેવી સરળ બાનીમાં જે તે સ્થળો તથા પ્રસંગોની વિશિષ્ટ લાક્ષણિકતાઓ દર્શાવતી અને વચ્ચે વચ્ચે હળવી ટીખળોવાળી કથા આગળ વધે છે. પોતાના યજમાન ધીરુકાકાને ત્યાંથી એમના મિત્ર ડૉ. શ્રીવાસ્તવે એમને સાચવવા આપેલી ઔરંગઝેબના સમયની એક મૂલ્યવાન રત્નજડિત વીંટી એકાએક ગુમ થાય છે. સ્વાભાવિક રીતે જ ફેલુદા આ ચોરીના બનાવમાં ઊંડો ને સક્રિય રસ લે છે. અને પછી એક અજાણ્યા સાધુ, ડૉ. શ્રીવાસ્તવને એ વીંટી ભેટ આપી જનાર સ્વ. પ્યારેલાલના અભિનેતા પુત્ર, લખનૌમાં હિંસક અને ઝેરીલાં પ્રાણીઓનો અજબ અનોખો સંગ્રહ કરનાર વનવિહારી બાબુ, અમુક અલ્પજ્ઞાત પાત્રો અને ખુદ ડૉ. શ્રીવાસ્તવ પર એ ચોરીનો શક પેદા કરી ઉત્તરોત્તર રહસ્યને વધુ ઘેરું બનાવવા સાથે વધતી વધતી કથા હવે તખ્તો બદલી લખનૌથી હરદ્વાર તરફ આગળ વધે છે. —સં.

હરદ્વાર જવું હોય તો દૂન એક્સપ્રેસમાં જવું પડે. લખનૌથી સાંજે ઊપડીને વહેલી સવારે સાડા ચાર વાગ્યે હરદ્વાર પહોંચાડે.

લખનૌ આવ્યા પહેલાં જ્યારે હરદ્વાર જવાની વાત થઈ ત્યારે મને ખૂબ મજા પડી હતી, કારણ જગન્નાથપુરી સિવાય મેં બીજું કોઈ તીર્થધામ જોયું નથી. પણ લખનૌ આવ્યા પછી આ અંગૂઠીનો બનાવ બની ગયા બાદ હવે તો એનું રહસ્ય ન ખૂલે ત્યાં સુધી મને લખનૌ છોડીને ક્યાંય જવાની ઇચ્છા જ થતી નથી.

પણ ફેલુદાનો ઉત્સાહ વધી ગયો લાગતો હતો. એ કહે: હરદ્વાર, હૃષીકેશ અને લક્ષ્મણઝૂલા આ ત્રણ સ્થળો એક પછી એક જોવાં એ બહુ ઈન્ટરેસ્ટિંગ લાગે છે, કારણ ત્રણ સ્થળે ગંગાનું સ્વરૂપ અલગ અલગ છે. જેમ જેમ ઉત્તરમાં જઇએ તેમ તેમ તેના પ્રવાહનો વેગ વધતો દેખાય છે, અને છેલ્લે લક્ષ્મણઝૂલા પાસે તો એ ધૂધવતી પહાડી નદી બની જાય છે. એના વહેતા પ્રવાહના ઘુઘવાટમાં, કંઈ વાતો કરીએ તો એ સંભળાય પણ નહિ.' 'તે તમે શું એ બધું જોયું છે?'

એ તો જ્યારે અહીં ક્રિકેટ રમવા આવ્યો હતો ત્યારે જ પતાવી દીધું હતું.'

ધીરુકાકા તો અમારી સાથે આવી શકે તેમ નહોતા, પણ પોતાની ગાડીમાં અમને વળાવવા અમારી સાથે સ્ટેશને આવેલા. હજી તો અમે ડબ્બામાં સામાન ચડાવ્યો ત્યાં ડૉ. શ્રીવાસ્તવ આવતા દેખાયા. મને લાગ્યું કે તેઓ પણ અમને વળાવવા આવ્યા હશે, પણ ત્યાં તો એમણે પાછળ આવેલા કુલીના માથા પરથી બૅગ ઊતરાવી. અમને સૌને અચંબો પામતાં જોઈ એ હસીને બોલ્યા, 'સર પ્રાઈઝ આપીને? ધીરુબાબુને મેં કહી રાખેલું કે એ તમને ન કહે કે હું પણ હરદ્વાર આવું છું.'

'બહુ સારું થયું, ચાલો.' ખુશ થતાં બાપુજીએ કહ્યું, 'મને એમ કે તમે કદાચ આવી શકો, નહિ તો હું જ તમને આવવાનું કહેત.'

પોતાની બૅગ મૂકી બાંકડાનો એક ખૂણો સાફ કરી બેસતાં શ્રીવાસ્તવ બોલ્યા: 'આ કેટલા ય દિવસથી બહુ વરીડ છું એ તો મારું મોં જોઇને યે કલ્પી શકતા હશો, પણ પ્યારેલાલે ભેટ આપેલી ચીજ આમ ખોઈ બેસતાં બહુ બેચેન બની ગયો છું. શહેર છોડી બેચાર દિવસ ફરી આવું તો કદાચ કંઈક શાંતિ વળે એમ ધારી મેં તમારી સાથે જોડાઈ જવા વિચાર્યું.' થોડી વાર પછી વનવિહારીબાબુ પણ આવી પહોંચ્યા. એમને સામાન એક વ્યક્તિને માટે જરા વધારેપડતો લાગ્યો. એ સામાન ડબામાં ચડાવતાં નમસ્કાર કરી હસતાં હસતાં કહે: 'હવે થોડી વારમાં મજા જોજો. પવિત્રાનંદ સ્વામી આ જ ગાડીમાં જવાના છે. એમના ભક્તો એમને વળાવવા એકઠા થશે. ભક્તોની એ ભીડ અને ધમાલ જોવા જેવી હશે.'

અને ખરેખર થોડા સમયમાં તો પછી પુષ્કળ લોકો હારતોરા લઇને એક હૃષ્ટપુષ્ટ ભગવાંધારી અને લાંબા કેશવાળા સંન્યાસી સાથે આવી ચડ્યા અમારી બાજુના ફર્સ્ટ ક્લાસમાં જ એમની બેઠક હતી. સ્વામીની સાથે બીજા પણ ચારપાંચ સાધુઓ હતા. ધીરેધીરે એ ડબા પાસે સારી એવી ભીડ જમા થઈ ગઈ. હારતોરા ને પ્રણામ. નમસ્કારનો દોર ચાલ્યો. લાગ્યું સ્વામીના ભક્તોની સંખ્યા બહુ મોટી હતી.

ગાડી ઊપડવાને પાંચેક મિનિટની વાર હતી. અમે સૌ ડબ્બામાં ચડી ગયા હતા. ધીરુકાકા બારી પાસે બહાર ઊભા રહી બાપુજી જોડે વાતો કરતા હતા. એવામાં અચાનક એક ભગવાંધારી સાધુ પોતાનો હાથ લંબાવતો ધીરુકાકા પાસે આવ્યો: 'ધીરેન ને? ઓળખાણ પડે છે?'

થોડી વાર તો ધીરુકાકા અવાચક બની જોઈ જ રહ્યા પછી અચાનક બોલી ઊઠ્યા: 'અરે! અંબિકા તો નહિ?' અને બોલતાં જ આગળ વધી એને ભેટી પડ્યા: બાપ રે! તેં વળી આ ભગવાં ક્યારથી ધારણ કર્યાં?' 'કેમ? એને તો સાત વર્ષ થવા આવ્યાં.' પછી ધીરુકાકાએ એમની ઓળખાણ આપતાં અમને કહ્યું: 'આ અંબિકા, મારો સ્કૂલનો દોસ્ત છે લગભગ પંદર વર્ષે આજ અમે અચાનક મળી ગયા.'

એવામાં ગાર્ડે સીટી મારી, ગાડી ચાલુ થઈ અને એના ખખડાટમાં પણ અમે સૌએ સાંભળ્યું કે અંબિકાબાબુ ધીરુકાકાને કહી રહ્યા હતા: 'અરે, તે દિવસે સાંજે ઘેર પણ આવ્યો હતો. તું ઘેર નહોતો એટલે તારી રાહ જોતો અર્ધોએક કલાક ત્યાં રોકાયો હતો. કેમ, તારા નોકરે તને કહ્યું નહોતું?' ધીરુકાકાએ શો જવાબ દીધો એ તો સંભળાયું નહિ, કારણ ગાડીએ વેગ પકડી લીધો હતો. હું નવાઈ પામી 'પહેલાં ફેલુદા અને પછી બાપુજી તરફ જોઈ રહ્યો. ફેલુદાનાં ભવાં ખાસ્સાં સંકોચાઈ ગયાં હતાં. બાપુજી પણ બોલી ઊઠ્યા: 'આ તો અજબ કહેવાય.'

'આ ભદ્ર આદમીને શું તમે બધાં અંગૂઠીનો ચોર માની બેઠેલા!'

'હવે તો એ સવાલ જ રહેતો નથી.' બાપુજીએ કહ્યું, 'પણ તો પછી અંગૂઠી કોણ ઉઠાવી ગયું હશે?'

આટલી વારમાં તો પ્લૅટફૉર્મ છોડી ગાડી સ્ટેશનની બહાર નીકળી ગઈ. અહીંથી લખનૌ સ્ટેશન પરનો ઘુમ્મટ બહુ સુંદર લાગતો હતો, પણ અત્યારે જાણે એ કશું દેખાતું નહોતું. મગજમાં ધમસાણ ચાલી રહ્યું હતું. ફેલુદા પણ જાણે આ માટે મનોમન તૈયાર નહોતા. જેની શોધમાં અમે લખનૌના સ્ટેશન સુધી ચક્કર મારેલું તે સંન્યાસી શું આ અંબિકાબાબુ હતા? પણ તો પછી સ્ટેશન પર પેલો ઍટચી કેઈસવાળો સાધુ કોણ હતો? આજે જેમને જોયા એ તો બનાવટી સાધુ નહોતા જ. ત્યારે સ્ટેશન પર જનાર સાધુ એ કોઈ બીજો જ માણસ હતો? ને એ પણ શું ધીરુકાકાના ઘર પાસે ચક્કર મારતો હતો? અને એમ હોય તો એ શા માટે? અંગૂઠી સિવાય બીજું કયું કારણ હોઈ શકે? અને ફેલુદા પર 'ખૂબ હોશિયાર' લખેલો કાગળ કોણે ફેંક્યો હશે, અને શા માટે? ફેલુદાના મગજમાં પણ અત્યારે આ જ બધા પ્રશ્નો ઘૂમતા હશે? કે એ કંઈ બીજું વિચારતા હશે? મેં એમની તરફ નજર ફેરવી. એ તો એમની ડાયરીમાં પેલી ઉટપટાંગ ગ્રીક લિપિમાં કરેલી નોંધ વાંચવામાં મગ્ન હતા. વચ્ચે વચ્ચે કંઈક બીજું યે ઉમેરણ કરતા જતા હતા. અચાનક વનવિહારીબાબુએ પ્રશ્ન કર્યો, 'અચ્છા, ડૉ. શ્રીવાસ્તવ, પ્યારેલાલ ગુજરી ગયા તે પહેલાં તમે જ એમને છેલ્લા મળ્યા હતા, ખરું ને?' પોતાની થેલીમાંથી સંતરાં બહાર કાઢી અમને સૌને એક એક આપતાં ડૉ. શ્રીવાસ્તવે કહ્યું: 'હું હતો, એમનાં વિધવા બહેન હતાં, એમનો બેરો અને બીજો એક નોકર પણ હતો.'

'હં.' પછી જરા ગંભીર બની વનવિહારીબાબુએ પૂછ્યું: 'એમને હાર્ટ ઍટેક આવ્યા પછી તમને તેડાવ્યા હતા, ખરું?' અને શ્રીવાસ્તવે હા પાડતાં ફરી પૂછ્યું: 'તમે શું હાર્ટની દવા પણ કરો છો?'

'હાડકાંની કરું છું એટલે હાર્ટની દવા ન જ કરાય એવું કંઈ નથી, વનવિહારીબાબુ. અને એમના ડૉક્ટર મૅહામ તે દિવસે શહેરમાં નહોતા એટલે મને બોલાવ્યો હતો.'

'કોણે બોલાવ્યા હતા તમને?' 'એમના બેરાએ.'

'બેરાએ?' વનવિહારીબાબુએ ભવાં સંકોચી આશ્ચર્ય પામતાં પૂછ્યું.

'હા, પ્રીતમસિંહ બેરાએ. એ એમને ત્યાં વર્ષોથી છે. બહુ જ વિશ્વાસુ, કામગરો અને બુદ્ધિશાળી માણસ છે.'

પાઈપ કાઢી, સંતરાની એક ચીર મોંમાં મૂકતાં વનવિહારીબાબુએ વળી પૂછ્યું: 'તમે કહેતા હતા કે પ્યારેલાલે પહેલો હાર્ટ ઍટેક આવ્યા પછી તમને અંગૂઠી આપી હતી, અને બીજા ઍટૅક પછી તમને બોલાવવામાં આવ્યા અને એ મરી ગયા.' 'હા, એમ જ થએલું.'

'અચ્છા, એમણે તમને અંગૂઠી આપી ત્યારે ત્યાં કોઈ હાજર હતું?'

'ક્યાંથી હોય? આવું કામ કોઈ બહારના માણસની હાજરીમાં કરે? અને ખાસ કરીને પ્યારેલાલ તો એવા માણસ નહોતા. એ કદાચ તમે પણ જાણો છો. ઢોલ વગાડીને નોબલ કામ કરનારા લોકો જેવા એ નહોતા જ. ખાનગીમાં એમણે કેટલાં દાન કર્યાં છે, ખબર છે? હૉસ્પિટલ અને અનાથાશ્રમ માટે એમણે લાખો રૂપિયા આપ્યા છે, પણ ક્યાંય કદી છાપામાં એનો ઉલ્લેખ સુધ્ધાં આવ્યો નથી.'

'હં.' બોલી વનવિહારીબાબુ ચૂપ થઈ ગયા. થોડી વાર સુધી એમની સામે તાકી રહી શ્રીવાસ્તવે પૂછ્યું: 'શું તમને મારી વાતમાં વિશ્વાસ પડતો નથી?'

'ના. હું એમ નથી કહેતો. પણ આ અંગૂઠી આપતી વખતે એકાદ સાક્ષી રાખ્યો હોત તો એ બુદ્ધિમાન જેવું કામ કર્યું ગણાત. આવી મૂલ્યવાન ચીજનો હાથબદલો થયો ને એની કોઈને ખબર પણ ન પડી!'

શ્રીવાસ્તવ જરા ગંભીર બની ગયા. પછી હસતાં હસતાં કહે: 'વાહ! વનવિહારીબાબુ, વાહ! મેં પ્યારેલાલની અંગૂઠી ચોરી, મેં જ એ ધીરેનબાબુને સાચવવા આપી, અને ફરી મેં જ એ એમને ત્યાંથી પણ ચોરી એમ તમે કહેવા માગો છો ને? વંડરફુલ?'

મોં પરના ભાવ લગીરે બદલ્યા વિના વનવિહારીબાબુએ કહ્યું: 'તમે તો આ અક્કલવાનનું કામ કર્યું. તમારી જગ્યાએ હું હોઉં તો હું યે એમ જ કરું, કારણ તમારે ત્યાં ધાડ પડી એટલે તમે ખરેખર ગભરાઈ ગયા અને અંગૂઠી ધીરેનબાબુને ત્યાં મૂકી. પછી ત્યાંથી ઉઠાવીને પાછી પોતાની પાસે લાવી મૂકી. એમ સમજીને કે એથી ચોરના લફરામાંથી છુટકારો મળી ગયો. શું કહો છો ફેલુ માસ્તર? મારી જાસૂસી શું સાવ નાખી દેવા જેવી છે?' ફેલુદાએ પોતાની નોંધપોથી બંધ કરી ને સંતરું હાથમાં લઈ એની છાલ ઉખેડતાં બોલ્યા: 'ડૉ. શ્રીવાસ્તવે મહાવીરને લગભગ અસાધ્ય માંદગીમાંથી બેઠો કર્યો એના સાક્ષીની કંઈ ખોટ છે?'

'ના, એની ખોટ તો નથી.'

'તો પછી હું માનું છું કે અંગૂઠી ભલે ગમે તેટલા લાખની હોય, પણ પોતાના એકમાત્ર પુત્રની જિંદગી કરતાં એની કિંમત વધુ નથી. ડૉ. શ્રીવાસ્તવે જો એ ચોરી હોય તો એમનો અપરાધ જરૂર છે, પણ હાલમાં એ અંગૂઠી પાછળ જે લોકો પડ્યા છે એમનો ગુનો તો એ કરતાં યે ઘણો વધારે છે. કારણ તેઓ તો ખરા ચોર છે અને તે પણ ડેન્જર જાતના ચોર.'

'સમજ્યો.' ગંભીર અવાજે વનવિહારીબાબુ બોલ્યા: 'તો પછી તમે એ અંગૂઠી શ્રીવાસ્તવ પાસે છે એમ નથી માનતા.'

'ના, નથી માનતો, કારણ મારી પાસે એનો પુરાવો છે.' આ સાંભળી અમે બધા નવાઈ પામી ફેલુદા ભણી જોઈ જ રહ્યા. થોડી વાર ચૂપ રહી ફરી વનવિહારીબાબુએ પૂછ્યું: 'શો પુરાવો છે એ પૂછી શકું?'

'જરૂર પૂછી શકો. પરંતુ જવાબ નહિ જાણી શકો, કેમ કે એનો હજી સમય પાક્યો નથી.' ફેલુદાને આમ ભારપૂર્વક વાત કરતાં મેં અગાઉ સાંભળ્યા નહોતા. વનવિહારીબાબુએ હવે મજાકના સૂરમાં કહ્યું: 'મારા જીવતાં સુધીમાં તો મને એ જવાબ મળશે ને?'

'આશા તો છે.' ફેલુદાએ કહ્યું: 'એક "સ્પાઈ"નું રહસ્ય ઉકલી જાય કે તુરત મળશે.'

'સ્પાઈ?' વનવિહારીબાબુ નવાઈ પામતાં બોલ્યા: 'એની વળી શી વાત છે?' શ્રીવાસ્તવે તેનો ઉત્તર આપ્યો: 'લાગે છે કે ફેલુબાબુ પ્યારેલાલના લાસ્ટ વર્ડની વાત કરે છે. મરતાં પહેલાં તેઓ બે વાર 'સ્પાઇ' શબ્દ બોલ્યા હતા.'

વનવિહારીબાબુનાં ભવાં સંકોચાઈ ગયાં. બોલ્યા: 'આશ્ચર્ય કહેવાય! લખનૌ શહેરમાં સ્પાઈ ક્યાંથી?' પછી થોડી વાર પોતાની પાઈપ હાથમાં લઈ ચૂપચાપ ડબ્બાની ભોંય ભણી તાકી રહ્યા પછી બોલ્યા: 'હોઈ શકે...એમ પણ બને...મને એક વાર જરા શક પડ્યો હતો ખરો.'

'શો શક?' શ્રીવાસ્તવે પૂછ્યું.

'ના, ના. કંઈ નહિ...આઈ મે બી રૉંગ.' લાગ્યું કે વનવિહારીબાબુ હવે એ વિષય પર વધુ કંઈ બોલવા ઇચ્છતા નહોતા. અને આમે યે ગાડી હરદોઈ સ્ટેશને આવી પહોંચી હોઈ એ વાતો ત્યાંથી જ બંધ થઈ ગઈ.

'જરા ચા પી લઈએ તો ખોટું નહિ.' કહી ફેલુદા સ્ટેશન પર ઊતરી પડ્યા. ગાડી સ્ટેશનમાં ઊભી રહે ત્યારે ડબામાં બેસી રહેવું મને યે ગમતું નથી એટલે હું પણ એમની પાછળ ઊભો થયો.

એ જ વખતે એક ભગવાંધારી સાધુ અમારા ડબ્બામાં ચઢ્યો. વનવિહારીબાબુએ અણગમો દર્શાવતાં એને કહ્યું: 'ડબ્બો રિઝર્વ છે. અહીં ક્યાંય જગ્યા નથી.'

પેલા સાધુએ અંગ્રેજીમાં કહ્યું: 'મહેરબાની કરી બરેલી સુધી બેસવા દો. પછી હું બીજા ડબામાં ચાલ્યો જઈશ. રાતના આપને સૂવાની

તકલીફ નહિ પડવા દઉં.' નછૂટકે વનવિહારીબાબુએ એને ચડવા દીધો.

'સંન્યાસીઓની બલામાંથી આપણે હજી છૂટી શકતા નથી.' ફેલુદાએ કહ્યું. અને પછી ચાવાળાને બૂમ પાડી. ચાવાળો દોડી આવતાં મને પૂછ્યું : 'તું ચા પીશે ને?' 'કેમ ન પીઉં?'

બીજા બધાને પણ પૂછ્યું પણ કોઈની ઇચ્છા નહોતી. પછી ચાની ગરમગરમ કુલડીને એક હાથમાંથી બીજા હાથમાં ફેરવતાં ફેરવતાં મેં કહ્યું : 'જો શ્રીવાસ્તવ ચોર હોય તો બહુ ખરાબ કહેવાય.'

ધુમાડા નીકળતી ચાનો ઘૂંટ લેતાં ફેલુદાએ પૂછ્યું : 'શા માટે?'

'કારણ એ માણસ મને ગમે છે, અને મને લાગે છે કે એ બહુ સારો માણસ છે.'

'બુધ્ધુ! તું ડિટેક્ટિવ ચોપડીઓ વાંચતો નથી ને, એટલે. જો વાંચે તો ખબર પડે કે એમાં જે માણસ સૌથી વધુ સીધોસાદો ને નિર્દોષ-શો લાગે ને, એ જ અંતે અપરાધી સાબિત થતો હોય છે.'

'આ બનાવ કંઈ ડિટેક્ટિવ નૉવેલની ઘટના નથી.'

'તો શું થયું? વાસ્તવિક ઘટનાઓમાંથી જ લેખકોને આઇડિયા મળે છે ને?'

મને ગુસ્સો ચડયો. મેં કહ્યું: 'તો પછી શ્રીવાસ્તવ પહેલી વાર જ્યારે આપણે ત્યાં બેસી વાતો કરતા હતા ત્યારે બહારથી ચારમિનાર સિગારેટ ફૂંકતું ફૂંકતું કોણ વૉચ કરતું હતું?'

'એ કદાચ ચોર-ટોળીનો માણસ હશે.'

'તો શું તમે એમ કહેવા માગો છો કે શ્રીવાસ્તવ પણ ખરાબ માણસ છે અને ચોર લોકો પણ નઠારા છે? શું બધા જ ખરાબ? ગણેશ ગુરુ પણ કહેતો હતો કે વનવિહારીબાબુ યે સારા માણસ નથી.'

ફેલુદાએ જવાબ દેવાને બદલે ચાનો ઘૂંટડો ભરવા કુલડી ઊંચી કરી. એવામાં એકાએક કયાંકથી ફેંકાએલા એક કાગળનો ડૂચો એના કપાળ પર અથડાઈ એ કુલડીમાં પડયો.

એક સપાટે એ ડૂચો ફેલુદાએ કુલડીમાંથી બહાર કાઢી પ્લૅટફૉર્મ પરની ભીડમાં નજર દોડાવી, પણ ત્યાં તો ગાર્ડની સીટી સંભળાઈ. હવે કોઇને શોધવા દોડવાનો કશો અર્થ ન હોઈ અમે ડબામાં ચડયા પણ એ પહેલાં એ ડૂચો ઉકેલી ફેલુદાએ તેના પર નજર ફેરવી લઈ મને એ બતાવીને ફરી તેનો ડૂચો કરી પ્લૅટફૉર્મ નીચે ગાડીના પાટા વચ્ચે ફેંકી દીધો. કાગળમાં લખેલું હતું : 'ખૂબ હોશિયાર.' અને જોયું કે આ વખતે પણ પાનના રસથી જ એ લખાએલું હતું. બાદશાહી અંગૂઠીનો રહસ્યમય બનાવ લખનૌ છોડીને અમારી સાથે સાથે જ આગળ વધી રહ્યો હતો.

સાંજ પડી ગઈ હતી. ડબાની બત્તીઓ પણ ચાલુ થઈ ગઈ હતી. ગાડી બરેલી ભણી દોડી રહી હતી. ડબામાં અમે કુલ સાત જણ હતા. હું અને ફેલુદા એક બાંકડા પર, બીજા પર બાપુજી અને શ્રીવાસ્તવ ને ત્રીજા પર વનવિહારીબાબુ અને પેલા સંન્યાસી. બાપુજીના બંક ઉપર વનવિહારીબાબુનો લાકડાનો એક પૅકિંગકેઈસ અને મોટો ટ્રંક હતો. અમારી ઉપરના પાટિયા પર એક આદમી પગથી માથા સુધી ચાદર ઓઢી ઊંઘતો હતો. લખનૌથી અમે ચડયા ત્યારથી એને આમ ચાદર ઓઢી ઘોરતો જોયો હતો. માત્ર એના પગ ખુલ્લા દેખાતા હતા.

વનવિહારીબાબુ પાટિયા પર પગ ઊંચા ચડાવી અસલ બાબુની અદાથી બેઠાબેઠા પાઈપ પીતા હતા. શ્રીવાસ્તવ 'ગીતાંજલિ' વાંચવામાં મગ્ન હતા. બાપુજી ભણી જોયું તો એમને ઝોકાં આવતાં લાગ્યાં. વચ્ચે વચ્ચે આંખો ચોળી એ ટટ્ટાર થઈ જતા હતા. સંન્યાસીને જાણે અમારી એકેય વાતમાં રસ ન હોય તેમ એક ચિત્તે એ કોઈ હિન્દી છાપાનાં પાનાં ફેરવતો હતો. ફેલુદા બારી બહાર જોતાં ગાડીના તાલે તાલે એક ગીત ગાતા હતા, તે યે પાછું હિંદી અને તેની યે બે લીટી જ—

'જબ છોડ ચલે લખનૌ નગરી, તબ હાય આદમ પર કયા ગુજરી...'
અને એથી આગળ એ હં...હં કરીને માત્ર ગણગણતા જ હતા. લાગ્યું કે એ પછીની લીટીઓ એને આવડતી નહોતી. અચાનક વનવિહારી બાબુએ પૂછ્યું : 'વાજિદ અલીશાહનું આ ગીત તમને કેવી રીતે આવડયું?'

'મારા એક મોટા કાકા એ ગાતા. તેઓ ઠુમરીના એક અચ્છા ગાયક હતા.' ફેલુદાએ કહ્યું.

પાઈપમાંથી એક ઊંડો ચસ લઈ સંધ્યાના રંગથી ઘેરાએલા આકાશ-ભણી જોતાં વનવિહારીબાબુ બોલ્યા : અજબ હતા એ નવાબ વાજિદ અલી. પંખીઓની જેમ એ ગીતોમાં મસ્ત રહેતા. ખુદ પણ શાયરી કરતા. હિંદુસ્તાનમાં પ્રથમ ઑપેરા એમણે જ લખેલો ને તે પણ અસલ પશ્ચિમી ઢબથી. પણ એને લડતાં ન આવડયું. જિંદગીનાં છેલ્લાં વર્ષો કલકત્તાના મિટીઆ બુરજમાં કાઢયાં. હાલમાં ત્યાં મુસલમાન દરજીઓ રહે છે. પણ વધુ ઈન્ટરેસ્ટિંગ બાબત શી છે તે જાણો છો? એ જમાનામાં વિખ્યાત ધનિક રાજેન મલ્લિકની સાથે મળીને એમણે એક પ્રાણીબાગ બનાવવાની પ્રથમ પરિકલ્પના કરી હતી.'

આટલું કહી એ ઊભા થયા. બંક પર રાખેલા પોતાના ટ્રંકમાંથી નાનકડા બૉક્સ જેવું કાઢી બાંકડા પર મૂકતાં કહ્યુ : 'તમને મારાં થોડાં પ્રિય ગીત સંભળાવું. આ છે મારું ટેઈપ રેકૉર્ડર. બૅટરીથી ચાલે છે.' અને એમણે એ બૉક્સ ખોલી હાર્મોનિયમના પરદા જેવી એક કળ દબાવી કે તુરત બૉક્સની અંદર કોઈ ચક્કર ફરવા લાગ્યું. વનવિહારીબાબુએ સૂચવ્યું : 'આ ગીતો જો માણવાં હોય તો બારી બહાર જોતાં જોતાં સાંભળો.'

મેં બહાર નજર નાખી. મોટાં ઊંચાં વૃક્ષોથી સાંજના ઘેરાતા જતા અંધકારને વધુ ગાઢ બનાવતા જગલ જેવા પ્રદેશમાંથી ગાડી પસાર થઈ રહી હતી. અને એ જંગલમાંથી જાણે વનબિલાડીનો ચિત્કાર સંભળાયો. વનવિહારીબાબુ કહે : 'વૉલ્યુમ જાણી જોઇએ ઓછું રાખ્યુ છે, જેથી સાંભળતાં લાગે કે દૂર જંગલમાંથી જ આ અવાજ આવે છે.'

એ પછી સંભળાયું હાઈનાનું હાસ્ય. આ એક અજબ અનુભવ હતો. અમે જંગલમાંથી પસાર થતા હતા અને જાણે એ જંગલમાં જ આ હાઈના હસી રહ્યું હતું. 'આ પછીનો અવાજ હજી ધીમો સાંભળવો ઉચિત છે. કારણ કે અસલમાં એ એટલો ધીમો જ હોય છે, પણ આ ગાડીના ધડધડાટમાં એ બરાબર સંભળાય એટલા સારુ જરા વધારીને સંભળાવું છું.'

'કિર્રર્ર...કિર્ર...કિર્ર...કિર્રર્ર...કિર્ર...કિર્ર...'

આ અવાજ જાણે મારી છાતી વહેરાતી હોય એવો લાગ્યો. પેલા સંન્યાસી ભણી નજર ગઈ. એ પણ અવાક્ બની આ સાંભળી રહ્યા હતા.

'રૅટલ સ્નેઈક.' વનવિહારીબાબુએ કહ્યું : 'આમ તો જંગલમાં આ અવાજ સાંભળતાં જ આપણે ગભરાઈ જઇએ, પણ અસલમાં આ સાપ પોતાની હાજરી દર્શાવવા સારુ જ આવો અવાજ કરે છે. એટલા માટે કે આસપાસથી પસાર થતું કોઈ ભારે પ્રાણી એને પગ તળે કચરી ન નાખે.'

'તો પછી અમસ્તાં તો એ માણસ પર હુમલો ન કરે, એમ જ ને?' બાપુજીએ પૂછ્યું.

'જંગલમાં હોય તો અમસ્તાં હુમલો ન કરે. બન આપણા દેશી ઝેરી સાપ પણ કયાં એમ ને એમ ઍટૅક કરે છે? હા, આને જો કૉર્નર કરવામાં આવે, મતલબ કે એનો માર્ગ રૂંધવામાં આવે તો ન છૂટકે હુમલો કરે. જેમ કે કોઈ નાના ઓરડામાં તમારી સાથે બાન પણ પૂરવામાં આવે તો એ ચોક્કસ કરડે. અને આની એક બીજી પણ લાક્ષણિકતા છે. આ સાપ અંધારામાં પણ સ્પષ્ટ જોઈ શકે છે.'

આ પછી વનવિહારીબાબુએ એમનું આ પ્રિય સંગીત બંધ કરતાં કહ્યું : 'દુ:ખની વાત એ છે કે મારી પાસેનાં આ બધા પ્રાણીઓમાંથી વીંછી અને કરોળિયો એ બંને મૂગાં છે. આ વખતે જો પેલો અજગર મળી જશે તો એનો ફુંફાડો હું આમાં ચોક્કસ ટેઈપ કરી લઈશ.'

'પણ આ અવાજો સાંભળીને તો ખરેખર ડર લાગતો હતો.' બાપુજી બોલ્યા.

'તમને સૌને લાગે જ. પણ મારા માટે તો આ શબ્દો સંગીતથી પણ વધુ કર્ણપ્રિય છે. બહારગામ જાઉં ત્યારે મારાં જાનવરોને તો સાથે ન લઈ જઈ શકું, એટલે એમના આ અવાજને સાથે રાખી મન મનાવું છું.'

બરેલી આવતાં પેલા સંન્યાસી ઊતરી ગયા. અહીં અમે સાંજનું ભોજન લીધું. પોતાની પ્લેટ સફાચટ કરી ફેલુદાએ મારી ડિશમાંથી મરઘીની ટાંગ ઉપાડી મોંમાં મૂકતાં કહ્યું : 'જ્યારે મગજને વધુ કસવાનું હોય છે ત્યારે મરઘી તેમાં બહુ મદદરૂપ બની રહે છે.'

'તે શું હું મગજનું કામ નથી કરતો ?'

'એ તારુ કામ નહિ. તારા માટે રમતગમત બસ છે.'

'તે તમે યે મગજ ચલાવીને શું ફળ મેળવ્યું એ કહેશો ?'

માત્ર હું જ સાંભળી શકું એટલા દબાતા અવાજે એમણે કહ્યું : 'પ્યારેલાલ કયા રુપાઈની વાત કહેવા માગતા હતા તેનો અંદાજ મને આવી ગયો છે.' આટલું કહી એ ચૂપ થઈ ગયા.

બરેલીથી ગાડી ઊપડી. બાપુજી કહે : 'મળસ્કે ચાર વાગ્યે ઊઠવાનું છે, એટલે તમે બંને હવે સૂઈ જાઓ.'

ફેલુદા માટે બાંકડાનો અર્ધો ભાગ રાખી મેં લંબાવ્યું. વનવિહારીબાબુ કહે કે 'મારે ઊંઘવું નથી. પણ તમે સૌ નિરાંતે લંબાવો. હરદ્વાર આવતાં હું બધાને બરાબર જગાડી દઈશ.' અને પછી એમણે ડબાની બત્તી બંધ કરી દીધી. બાપુજી અને શ્રીવાસ્તવે પણ અમારી જેમ બાંકડો વહેંચી લંબાવ્યું. ડબામાં બત્તી બુઝાતાં જ જોયું કે બહાર મઝાની ચાંદની ફેલાઈ ગઈ હતી, એટલું જ નહિ, મને તો બારીમાંથી ચંદ્ર પણ દેખાતો હતો. ચૌદશનો ચંદ્ર લાગતો હતો. અમારી સાથે એ પણ જાણે દોડતો હતો.

ચંદ્રને જોતાંજોતાં મનમાં થતું હતું કે હરદ્વારમાં કેવળ તીર્થસ્થાનનાં દર્શન જ નહિ થાય, બીજું પણ કંઈક બનશે; અથવા એવું પણ હોય કે મારું મન જ ઇચ્છતું હતું કે હરદ્વારમાં કંઈક બને. માત્ર ગંગા કે એના ઘાટ અને મંદિરો જોવાથી જાણે ત્યાં જવાનું સાર્થક નહિ થાય.

વળી, થયું કે ગાડીના આટલા ખડખડાટ અને હડદોલામાં પણ કઈ રીતે ઊંઘ આવતી હશે ? કલકત્તાના અમારા ઘર પાસે જો આવી ખડખડાતી ભીલતી હોય અને મારા ખાટલાને કોઈ હચમચાવતું હોય તો મને ઊંઘ આવે ખરી ? ફેલુદાને પૂછ્યું તો એણે કહ્યું : 'આવો કે આટલો અવાજ જો લાંબો સમય એકધારો ચાલ્યા કરે તો માણસના કાન થોડી વારમાં ટેવાઈ જાય અને પછી એ અવાજ ખલેલ કરતો ન લાગે. અને આ હડદોલા તો ઊંઘવામાં મદદ કરે છે. નાનાં બાળકોને પારણામાં હીંચોળીને નથી ઊંઘાડતા ? ઊલટું આ અવાજ અને આંચકા બંધ થાય ત્યારે ઊંઘમાંથી જાગી જવાય. તું ધ્યાન રાખીને જોજે, સ્ટેશન પર ગાડી ઊભી રહેશે ત્યારે ઊંઘમાંથી પણ કદાચ જાગી જવાશે.'

ઊંઘ આવવા માંડી ત્યારે લાગ્યું કે ઉપરના પાટિયા પર ચાદર ઓઢીને સૂતેલો માણસ જાણે નીચે ઊતર્યો અને એણે ડબામાં આંટો માર્યો. પછી કોઈના હસવાનો અવાજ સંભળાયો. એ અવાજ માણસના હસવાનો હોઈ શકે યા તો હાઈનાનો પણ હોય. પછી જાણે હું ભુલભુલૈયાંમાં રસ્તો ભૂલી જઈ પાગલની જેમ દોડાદોડી કરતો હોઉં, અને જ્યારે જ્યારે એ રસ્તાના એકએક છેડેથી પાછો ફરતો હોઉં ત્યારે ત્યારે એક મહાકાય રાક્ષસી કરોળિયો મારો માર્ગ રૂંધી પોતાની જબ્બર મોટી ચમકતી લાલ આંખો વડે મને ટગરટગર જોતી હોય એવો ભાસ થયો. અંતે અચાનક એ મારી સામે દોડી આવ્યો અને એનો જબરદસ્ત કાળોમેંશ પગ મારા ખભા પર પડ્યો—અને મારી ઊંઘ અને સ્વપ્ન બંને એકસાથે ઊડી ગયાં. મેં જોયું કે ફેલુદા મારા ખભા પર હાથ મૂકી મને હલબલાવીને કહેતા હતા : 'એઈ તોપસે, ઊઠ ! હરદ્વાર આવી ગયું.'

'પંડા જોઈએ બાબુજી, પંડા ?' 'બાબુજી કા શુભ નામ ?' 'કહાંસે આતે હો, બાબુજી ?' 'આ બાબુજી, ઈસ તરફ આઈયે, કીસ ધર્મશાલામેં ઠહરેંગે આપ ?' 'દક્ષેશ્વર કા દર્શન કરેંગેના બાબુજી ?'

પ્લૅટફૉર્મ પર હજી તો પગ જ દીધા ત્યાં તો આવા આવા પ્રશ્નો પૂછતા ત્યાંના પંડાઓ અમને ઘેરી વળ્યા. ફેલુદાએ અગાઉ કહેલું એમ જ થયું. વળી, એણે કહેલું કે આ બધા પંડાઓ પાસે મોટામોટા જબ્બર ચોપડાઓ હોય છે, જેમાં વર્ષો પહેલાં જ નહિ, દાયકાઓ પહેલાં આપણા કોઈ બાપદાદાએ ક્યારેકે ય હરદ્વારની યાત્રા કરી હોય ને આ પંડાને પનારે પડ્યા હોય તો એમનાં નામઠામ એના ચોપડામાંથી નીકળે જ. બાપુજી પાસેથી સાંભળેલું કે મારા દાદાના દાદા સાધુ થઈ ઘર છોડી નીકળેલા અને કેટલોક વખત હરદ્વારમાં રહ્યા હતા. કદાચ એમનું નામ પણ આમાંના કોઈ પંડાના ચોપડામાં હોય પણ ખરું !

પણ વનવિહારીબાબુએ મામલો સંભાળી લીધો. કહે : 'પંડાઓની જરૂર નથી. એમનાથી સગવડના બદલે ઉત્પાત જ વધુ થશે. ચાલો, મારી જાણીતી શીતલદાસની ધર્મશાળામાં. હું તમને ત્યાં લઈ જઉં. બધા સાથે રહીશું. જમવાનું યે ત્યાં ખરાબ નથી હોતું. અને એક દિવસની જ તો વાત છે. કાલે તો મોટર કરીને હૃષીકેશ ને લક્ષ્મણઝૂલા જવાનો કાર્યક્રમ છે ને ?'

કુલીની પાસે સામાન મુકાવી પાછલી રાતના અંધકારમાં અમે પાંચ જણ ત્રણ ટાંગામાં બેઠા. એકમાં હું અને ફેલુદા, બીજામાં વનવિહારીબાબુ અને ત્રીજામાં બાપુજી અને શ્રીવાસ્તવ. ટાંગા ઊપડતાં ફેલુદાએ કહ્યું : 'તીર્થસ્થાન એટલે ગંદુ શહેર. છતાં અહીં એક વાર ગંગાકાંઠે જઈને બેસવા મળે તો જોજે ખૂબ મજાનું લાગશે.'

ખડખડ કરતા અમારા ટાંગા ગલીકૂંચીઓમાં થઈને જતા હતા. દુકાનો હજી ખૂલી નહોતી. રસ્તાની બંને તરફ કામળા ઓઢી લોકો ખાટલા પર ઊંઘતા હતા. ક્યાંક ક્યાંક કેરોસીનનાં ફાનસ ટમટમતાં હતાં. પણ આટલા વહેલા મળસ્કામાં યે કેટલાક બુઢ્ઢા લોકો હાથમાં લોટા લઈ આવતા-જતા દેખાતા હતા. ફેલુદા કહે આ બધા ગંગાસ્નાન કરવા જાય છે. સૂર્યોદય થશે ત્યારે પાણીમાં ઊભા રહી સૂર્યનું સ્તવન કરશે અને અંજલિ આપશે. બાકીનું શહેર હજી ઊંઘતું હતું એમ જ કહી શકાય. વનવિહારીબાબુ સૌથી આગળ હતા. એક સફેદ બેઠા ઘાટના મકાન પાસે એમણે ટાંગો ઊભો રખાવ્યો. લાગ્યું કે આ જ શીતલદાસની ધર્મશાળા હશે.

ડેલામાંથી નજર નાખી જોયું તો અંદર મોટું ખુલ્લું ચોગાન અને એની ત્રણ બાજુ લાંબી ઓસરી અને ઓરડાઓની હાર દેખાઈ. ધર્મશાળાના નોકરે આવીને અમારો સૌનો સામાન ઉતાર્યો. એની પાછળ અમે અંદર પ્રવેશતા હતા ત્યાં બીજો પણ એક ટાંગો આવીને ડેલા સામે થોભ્યો. જોયું કે બરેલી સુધી અમારી સાથે ગાડીમાં જે સાધુ હતા એ એમાંથી ઊતરતા હતા. એને જોતાં જ મેં ફેલુદાના કોટની બાંય ખેંચતાં કહ્યું : 'ફેલુદા, પેલા ગાડીમાં હતા એ સંન્યાસી.'

એક આડી નજર નાખી તુરત મોં ફેરવી લેતાં ફેલુદાએ કહ્યું : 'એ સાધુબાવામાં પણ તેં કંઈ રહસ્યમયું જોયું કે શું ?'

'ના. પણ વારે વારે......' 'ચૂપ. ચાલ, હવે અંદર ચાલ.'

બાજુ બાજુના બે ઓરડામાં અમારો ઉતારો ગોઠવાયો. દરેક ઓરડામાં ચારચાર ખાટલા હતા. એમાં એકમાં કોઈ માણસ ઊંઘતો હતો. બાકીના ત્રણ ખાટલા બાપુજી, ફેલુદા અને મારા ભાગે આવ્યા. બીજા ઓરડામાં વનવિહારીબાબુ અને શ્રીવાસ્તવ ગોઠવાયા. પેલા સંન્યાસી પણ એ જ ઓરડામાં ઊતર્યા.

દાતણ-પાણીથી પરવારી ચા-બિસ્કિટ લીધાં ત્યાં તો સૂર્યોદય થયો.

લોકો પણ હવે જાગી ગયા હોઈ ધર્મશાળામાં ધમાલ-ઘોંઘાટ શરૂ થઈ ગયાં. હવે ખબર પડી કે કેટલી જાતના લોકો અહીં એકઠા થયા હતા. બાળક-બુઢ્ઢા, સ્ત્રી પુરુષો, બંગાળી, હિંદુસ્તાની, મારવાડી, ગુજરાતી, મરાઠા એમ પ્રાંતપ્રાંતના લોકો પોતપોતાની ભાષામાં કલબલાટ કરી ધર્મશાળા ગજાવતા હતા.

'તમે લોકો બહાર નીકળવાના છો?' બાપુજીએ અમને પૂછ્યું.

'હા, વિચાર છે કે ગંગાઘાટ પર એક ચક્કર લગાવી આવીએ.' ફેલુદાએ કહ્યું. 'ઠીક છે, તમે જઈ આવો. દરમિયાન હું વનવિહારી બાબુ જોડે જઈને આવતી કાલને માટે બે ટૅક્સીની ગોઠવણ કરી આવું. ફેલુ, બજારમાંથી એકાદ ટૉર્ચ મળે તો લેતા આવજો. કદાચ અહીં જરૂર પડે તો સાથે રાખવી સારી.'

શહેર કંઈ મોટું નથી એટલે ટાંગો ન કરતાં અમે બંને ચાલતા જ નીકળી પડ્યા. ખાસ્સી ઠંડી હતી અને ગંગાકાંઠો પણ પાસે જ, એટલે જ કદાચ આખા શહેર પર ધુમ્મસ છવાઈ ગએલું લાગતું હતું. ફેલુદાને પૂછ્યું તો કહે : 'આમાં ધુમ્મસ કરતાં વધારે તો ચૂલાનો ધુમાડો છે.'

ધર્મશાળાથી થોડે દૂર જઈ એક જણને અમે ગંગાઘાટનો રસ્તો પૂછી લીધો. ગંગાઘાટ તો હજી પહોંચ્યા યે નહોતા ત્યાં દૂરથી જ ઘાટ પર જામેલી ભીડનો અવાજ સંભળાવા લાગ્યો. એમાં પાછા ઘાટને રસ્તે બંને તરફ બેસી ગએલા ફેરિયાઓ અને ભિખારીઓ પણ અવાજમાં ઉમેરો કરી રહ્યા હતા.

ઘાટ ઉપર તો જાણે મેળો જામ્યો હતો. નદીના પાણીમાં યે એટલા જ લોકો હતા. એક જગ્યાએ ગળામાં કંઠી ને કપાળે મોટું તિલક ધારણ કરી એક વૈષ્ણવ ભજન ગાતો હતો ને તેને ઘેરીને વૃદ્ધ સ્ત્રીપુરુષો ટોળે વળી બેઠાં હતાં. એમની આજુબાજુ કૂતરાં, બકરાં ને ગાય-વાછરડાં પણ ખરાં જ. દૂર મંદિરમાં સવારની આરતી થતી હશે તેનો ઘંટારવ પણ વાતાવરણમાં ગુંજી રહ્યો હતો. ભીડમાં હડદોલાતા અમે ઘાટનાં પગથિયાં સુધી પહોંચી ગયા. થોડી જગ્યા શોધી ત્યાં બેસતાં ફેલુદાએ કહ્યું: 'પ્રાચીન ભારત જોવું હોય તો થોડી વાર અહીં બેસીએ.'

લખનૌ કરતાં અહીં તદ્દન નિરાળું જ વાતાવરણ હોઈ મારા મનમાંથી અંગૂઠીની વાત સાવ વિસરાઈ ગઈ હતી. ફેલુદાનું પણ આવું જ હશે, કે પછી મનોમન એ ભેદ ઉકેલવામાં પડ્યા હશે. પણ એને પૂછવાની મારી હિંમત ન ચાલી. એના ભણી જોયું તો એ ખિસ્સામાંથી સિગારેટ ને દીવાસળીની પેટી કાઢી રહ્યા હતા. બાપુજીની હાજરીમાં એ સિગારેટ નથી પીતા, એટલે આ તક ઝડપી લીધી હતી. મોંમાં સિગારેટ મૂકી એણે દિવાસળીની પેટી ખોલી. એ ખોલતાં જ ઊગતા સૂર્યના પ્રકાશમાં એમાં કંઈક ઝગમગી ઊઠ્યું. એ ચળકાટ જોતાં જ હું ચમકી ગયો. પૂછ્યું : 'એ શું છે, ફેલુદા?'

પણ એટલામાં તો એણે પેટી બંધ કરી દીધી હતી. જાણે કંઈ ખબર જ નથી એમ આશ્ચર્ય દેખાડતાં બોલ્યા : 'શું?'

'તમારી દીવાસળીની પેટીમાં એ શાનો ઝબકાર થયો?'

બે હાથની હથેળી વચ્ચે સળગતી દીવાસળી રાખી ગંગાકિનારાની હવામાં પણ સિગારેટ પેટાવી, મોંમાંથી ધુમાડાનો ગોટ છોડતાં એણે કહ્યું : 'દીવાસળીમાં ફૉસ્ફરસ હોય છે એ તો તું જાણે છે ને? એ જ તો ચળકી ઊઠ્યો હશે.'

હું આગળ કશું પૂછી શક્યો નહિ, પણ એણે મારા પ્રશ્નનો ખરો જવાબ ટાળ્યો હતો એટલું તો હું સમજી જ ગયો. પછી તો હર કી પૌઢીના ઘાટ પર થઈ દક્ષેશ્વરનું મંદિર જોઈ બજારમાં થઇને ત્રણ સેલની એક ટૉર્ચ ખરીદી અમે ધર્મશાળા તરફ પાછા ફર્યા ત્યારે લગભગ સાડા-દસ વાગ્યા હતા. આટલું ફર્યા ને ઘણું જોયું, પણ ફેલુદાના માચીસમાંથી દેખાએલો ઝબકારો હું ભૂલી શક્યો નહોતો. વારંવાર એ યાદ આવી જતો. મારા મનમાં થતું હતું કે ઔરંગઝેબની અંગૂઠીના હીરાનો એ ઝબકાર નહિ હોય? માચીસમાં પાવલી કે આઠઆની રાખી છે એમ જો ફેલુદાએ કહ્યું હોત તો એ મેં માની લીધું હોત, પણ ફૉસ્ફરસની વાત તો ગપ્પું જ હતી એની મને ખાતરી હતી.

અને એ અંગૂઠી જો ખરેખર ફેલુદાની પાસે જ હોય, ને એ અંગૂઠી પાછળ પડેલા ગુંડાઓને એની જાણ હોય યા થઇ જાય તો? અ કદાચ તેઓને એની ખબર જ હશે, એટલે જ તો તેઓ વારંવાર ધમકી ભર્યા કાગળના ડૂચા ફેલુદા પર ફેંકતા હતા, એટલે જ લખનૌના ઈમામબાડામાં ઇંટના ઢેખાળા માર્યા હતા અને રાતે અમારા ઓરડામાં લાકડીના છેડે ક્લૉરોફૉર્મમાં બોળેલું ચીંથરું ઘુસાડવાનો પ્રયાસ કર્યો હતે જરૂર એ લોકોને ફેલુદા પાસે જ અંગૂઠી હોવાની શંકા હોવી જોઈએ

એક તરફ મારા મગજમાં આવા આવા પ્રશ્નો ઘુમરાતા હતા ત્યાં ફેલુદા તો બેફિકર મને આખા રસ્તે ગીત ગણગણતા આવતા હતા. અચાનક ગાવાનું બંધ કરી મને કહે : 'ખટ નામનો એક રાગ છે તને ખબર છે? આ હું એ રાગનું ગીત ગાઉં છું. સવારનો એ રાગ છે.'

ખટ-બટની મને ખબર નથી, અને રાગ-રાગિણી પણ હું જાણતે નથી. પણ અત્યારે મને ભયંકર રાગ (ગુસ્સો) આવે છે, અને મને ર ખટ-કો લાગ્યો છે કે તમે ગપ્પું મારીને મારા સવાલનો જવાબ ઉડાવી દીધો છે. આમ કહેવાની મને ઇચ્છા થઈ આવી, પણ હું ચૂપ જ રહ્યો. છતાં મનોમન એ પણ નક્કી કરી લીધું કે આજ ને આજ સમય મળે ત્યારે ફેલુદા સાથે આ બાબતની ચોખવટ તો કરી જ લઈશ.

ઉતારે પહોંચતાં જોયું કે બાપુજી વનવિહારીબાબુ અને શ્રીવાસ્તવ કોઈ એક ધોતીકુરતું પહેરેલા બંગાળી ભદ્રમાણસ સાથે વાતો કરવા બેઠા હતા. અમને જોઈ બાપુજીએ કહ્યું: 'ટૅક્સીની વ્યવસ્થા થઈ ગઈ. કાલે સવારે છ વાગ્યે આપણે નીકળવાનું છે. વનવિહારીબાબુનો ઓળખીતો હતો એટલે બહુ સસ્તામાં પત્યું.'

વાતવાતમાં જણાયું કે પેલા બંગાળી સજ્જન અલ્હાબાદમાં રહેતા હતા. નામ વિલાસબાબુ. અત્યારે તેઓ વનવિહારીબાબુનો હાથ જોઈ રહ્યા હતા. વનવિહારીબાબુએ કહ્યું : 'કોઈ જાનવરના કરડવાથી મરવાનો છું કે નહિ એ પહેલાં કહો.'

એક લવિંગ લઈ વનવિહારીબાબુના હાથની રેખાઓ પર ફેરવતાં ફેરવતાં વિલાસબાબુએ કહ્યું : 'આ રેખાઓમાં એવું તો કંઈ દેખાતું નથી. સ્વાભાવિક મૃત્યુ જ થશે.'

વિલાસબાબુ ભલે હાથ જોનાર હોય, પણ મને તો એમના પગ અદ્ભુત લાગ્યા. પાસેની આંગળી કરતાં એમના પગનો અંગૂઠો અર્ધો ઇંચ જેટલો મોટો હતો. મને થયું કે તાજેતરમાં જ જાણે મેં આવો પગ ક્યાંક જોયો હતો. પણ ક્યાં ને કોનો પગ જોએલો એ યાદ આવતું નહોતું.

'હાશ! બચી ગયો.' નિરાંતનો એક ઊંડો શ્વાસ છોડતાં વનવિહારીબાબુ બોલ્યા.

'કેમ મહારાય! તમે શું શિકાર કરો છો કે? રીંછ-વાઘ મારો છો?' વિલાસબાબુનો બંગાળી જેવો લહેકો હતો એમ મને લાગ્યું.

'ના, રે! પણ જાણી રાખેલું સારું. મારો એક પિતરાઈ ભાઈ હતો. એને નખમાં યે રોગ નહોતો. અચાનક કૂતરો કરડ્યો અને હાઇડ્રોફૉબિયા (હડકવા) થયો ને મરી ગયો. એટલે...'

'તમે શું પહેલાં કલકત્તામાં હતા?' વિલાસબાબુએ પૂછ્યું.

વનવિહારીબાબુ જરા ખમચાઈ ગયા; પછી કહે : 'એ પણ શું હાથની રેખામાં લખ્યું હોય છે?'

'તેથી તો જોઉં છું. અને...તમને જૂના જમાનાની ચીજો, કલામય પ્રાચીન મૂર્તિઓ કે કીમતી જૂના અલંકારો વગેરે જેવી ચીજો સંઘરવાનો શોખ છે?'

'હવે તો એ સવાલ જ રહેતો નથી.' બાપુજીએ કહ્યું, 'પણ તો પછી અંગૂઠી કોણ ઉઠાવી ગયું હશે?'

આટલી વારમાં તો પ્લૅટફૉર્મ છોડી ગાડી સ્ટેશનની બહાર નીકળી ગઈ. અહીંથી લખનૌ સ્ટેશન પરનો ઘુમ્મટ બહુ સુંદર લાગતો હતો, પણ અત્યારે જાણે એ કશું દેખાતું નહોતું. મગજમાં ધમસાણ ચાલી રહ્યું હતું. ફેલુદા પણ જાણે આ માટે મનોમન તૈયાર નહોતા. જેની શોધમાં અમે લખનૌના સ્ટેશન સુધી ચક્કર મારેલું તે સંન્યાસી શું આ અંબિકાબાબુ હતા? પણ તો પછી સ્ટેશન પર પેલો ઍટેચી કેઈસવાળો સાધુ કોણ હતો? આજે જેમને જોયા એ તો બનાવટી સાધુ નહોતા જ. ત્યારે સ્ટેશન પર જનાર સાધુ એ કોઈ બીજો જ માણસ હતો? ને એ પણ શું ધીરુકાકાના ઘર પાસે ચક્કર મારતો હતો? અને એમ હોય તો એ શા માટે? અંગૂઠી સિવાય બીજું કયું કારણ હોઈ શકે? અને ફેલુદા પર 'ખૂબ હોશિયાર' લખેલો કાગળ કોણે ફેંક્યો હશે, અને શા માટે? ફેલુદાના મગજમાં પણ અત્યારે આ જ બધા પ્રશ્નો ઘૂમતા હશે? કે એ કંઈ બીજું વિચારતા હશે? મેં એમની તરફ નજર ફેરવી. એ તો એમની ડાયરીમાં પેલી ઉટપટાંગ ગ્રીક લિપિમાં કરેલી નોંધ વાંચવામાં મગ્ન હતા. વચ્ચે વચ્ચે કંઈક બીજું યે ઉમેરણ કરતા જતા હતા. અચાનક વનવિહારીબાબુએ પ્રશ્ન કર્યો, 'અચ્છા, ડૉ. શ્રીવાસ્તવ, પ્યારેલાલ ગુજરી ગયા તે પહેલાં તમે જ એમને છેલ્લા મળ્યા હતા, ખરું ને?' પોતાની થેલીમાંથી સંતરાં બહાર કાઢી અમને સૌને એક એક આપતાં ડૉ. શ્રીવાસ્તવે કહ્યું: 'હું હતો, એમનાં વિધવા બહેન હતાં, એમનો બેરો અને બીજો એક નોકર પણ હતો.'

'હં.' પછી જરા ગંભીર બની વનવિહારીબાબુએ પૂછ્યું: 'એમને હાર્ટ ઍટેક આવ્યા પછી તમને તેડાવ્યા હતા, ખરું?' અને શ્રીવાસ્તવે હા પાડતાં ફરી પૂછ્યું: 'તમે શું હાર્ટની દવા પણ કરો છો?'

'હાડકાંની કરું છું એટલે હાર્ટની દવા ન જ કરાય એવું કંઈ નથી, વનવિહારીબાબુ. અને એમના ડૉક્ટર મૅહામ તે દિવસે શહેરમાં નહોતા એટલે મને બોલાવ્યો હતો.'

'કોણે બોલાવ્યા હતા તમને?' 'એમના બેરાએ.'

'બેરાએ?' વનવિહારીબાબુએ ભવાં સંકોચી આશ્ચર્ય પામતાં પૂછ્યું.

'હા, પ્રીતમસિંહ બેરાએ. એ એમને ત્યાં વર્ષોથી છે. બહુ જ વિશ્વાસુ, કામગરો અને બુદ્ધિશાળી માણસ છે.'

પાઈપ કાઢી, સંતરાની એક ચીર મોંમાં મૂકતાં વનવિહારીબાબુએ વળી પૂછ્યું: 'તમે કહેતા હતા કે પ્યારેલાલે પહેલો હાર્ટ ઍટેક આવ્યા પછી તમને અંગૂઠી આપી હતી, અને બીજા ઍટેક પછી તમને બોલાવવામાં આવ્યા અને એ મરી ગયા.' 'હા, એમ જ થએલું.'

'અચ્છા, એમણે તમને અંગૂઠી આપી ત્યારે ત્યાં કોઈ હાજર હતું?'

'ક્યાંથી હોય? આવું કામ કોઈ બહારના માણસની હાજરીમાં કરે? અને ખાસ કરીને પ્યારેલાલ તો એવા માણસ નહોતા. એ કદાચ તમે પણ જાણો છો. ઢોલ વગાડીને નોબલ કામ કરનારા લોકો જેવા એ નહોતા જ. ખાનગીમાં એમણે કેટલાં દાન કર્યાં છે, ખબર છે? હૉસ્પિટલ અને અનાથાશ્રમ માટે એમણે લાખો રૂપિયા આપ્યા છે, પણ ક્યાંય કદી છાપામાં એનો ઉલ્લેખ સુધ્ધાં આવ્યો નથી.'

'હં.' બોલી વનવિહારીબાબુ ચૂપ થઈ ગયા. થોડી વાર સુધી એમની સામે તાકી રહી શ્રીવાસ્તવે પૂછ્યું: 'શું તમને મારી વાતમાં વિશ્વાસ પડતો નથી?'

'ના. હું એમ નથી કહેતો. પણ આ અંગૂઠી આપતી વખતે એકાદ સાક્ષી રાખ્યો હોત તો એ બુદ્ધિમાન જેવું કામ કર્યું ગણાત. આવી મૂલ્યવાન ચીજનો હાથબદલો થયો ને એની કોઈને ખબર પણ ન પડી!'

શ્રીવાસ્તવ જરા ગંભીર બની ગયા. પછી હસતાં હસતાં કહે: 'વાહ! વનવિહારીબાબુ, વાહ'! મેં પ્યારેલાલની અંગૂઠી ચોરી, મેં જ એ ધીરેનબાબુને સાચવવા આપી, અને ફરી મેં જ એ એમને ત્યાંથી પણ ચોરી એમ તમે કહેવા માગો છો ને? વંડરફુલ?'

મોં પરના ભાવ લગીરે બદલ્યા વિના વનવિહારીબાબુએ કહ્યું: 'તમે તો આ અક્કલવાનનું કામ કર્યું. તમારી જગ્યાએ હું હોત તો હું યે એમ જ કરું, કારણ તમારે ત્યાં ધાડ પડી એટલે તમે ખરેખર ગભરાઈ ગયા અને અંગૂઠી ધીરેનબાબુને ત્યાં મૂકી. પછી ત્યાંથી ઉઠાવીને પાછી પોતાની પાસે લાવી મૂકી. એમ સમજીને કે એથી ચોરના લફરામાંથી છુટકારો મળી ગયો. શું કહો છો ફેલુ માસ્તર? મારી જાસૂસી શું સાવ નાખી દેવા જેવી છે?' ફેલુદાએ પોતાની નોંધપોથી બંધ કરી ને સંતરું હાથમાં લઈ એની છાલ ફોલતાં બોલ્યા: 'ડૉ. શ્રીવાસ્તવે મહાવીરને લગભગ અસાધ્ય માંદગીમાંથી બેઠો કર્યો એના સાક્ષીની કંઈ ખોટ છે?'

'ના, એની ખોટ તો નથી.'

'તો પછી હું માનું છું કે અંગૂઠી ભલે ગમે તેટલા લાખની હોય, પણ પોતાના એકમાત્ર પુત્રની જિંદગી કરતાં એની કિંમત વધુ નથી. ડૉ. શ્રીવાસ્તવે જો એ ચોરી હોય તો એમનો અપરાધ જરૂર છે, પણ હાલમાં એ અંગૂઠી પાછળ જે લોકો પડ્યા છે એમનો ગુનો તો એ કરતાં યે ઘણો વધારે છે. કારણ તેઓ તો ખરા ચોર છે અને તે પણ ડેન્જર જાતના ચોર.'

'સમજ્યો.' ગંભીર અવાજે વનવિહારીબાબુ બોલ્યા: 'તો પછી તમે એ અંગૂઠી શ્રીવાસ્તવ પાસે છે એમ નથી માનતા.'

'ના, નથી માનતો, કારણ મારી પાસે એનો પુરાવો છે.' આ સાંભળી અમે બધા નવાઈ પામી ફેલુદા ભણી જોઈ જ રહ્યા. થોડી વાર ચૂપ રહી ફરી વનવિહારીબાબુએ પૂછ્યું: 'શો પુરાવો છે એ પૂછી શકું?'

'જરૂર પૂછી શકો. પરંતુ જવાબ નહિ જાણી શકો, કેમ કે એનો હજી સમય પાક્યો નથી.' ફેલુદાને આમ ભારપૂર્વક વાત કરતાં મેં અગાઉ સાંભળ્યા નહોતા. વનવિહારીબાબુએ હવે મજાકના સૂરમાં કહ્યું: 'મારા જીવતાં સુધીમાં તો મને એ જવાબ મળશે ને?'

'આશા તો છે.' ફેલુદાએ કહ્યું: 'એક "સ્પાઈ"નું રહસ્ય ઉકલી જાય કે તુરત મળશે.'

'સ્પાઈ?' વનવિહારીબાબુ નવાઈ પામતાં બોલ્યા: 'એની વળી શી વાત છે?' શ્રીવાસ્તવે તેનો ઉત્તર આપ્યો: 'લાગે છે કે ફેલુબાબુ પ્યારેલાલના લાસ્ટ વર્ડની વાત કરે છે. મરતાં પહેલાં તેઓ બે વાર 'સ્પાઈ' શબ્દ બોલ્યા હતા.'

વનવિહારીબાબુનાં ભવાં સંકોચાઈ ગયાં. બોલ્યા: 'આશ્ચર્ય કહેવાય! લખનૌ શહેરમાં સ્પાઈ ક્યાંથી?' પછી થોડી વાર પોતાની પાઈપ હાથમાં લઈ ચૂપચાપ ડબ્બાની ભોંય ભણી તાકી રહ્યા પછી બોલ્યા: 'હોઈ શકે... એમ પણ બને... મને એક વાર જરા શક પડ્યો હતો ખરો.'

'શો શક?' શ્રીવાસ્તવે પૂછ્યું.

'ના, ના. કંઈ નહિ... આઈ મે બી રૉંગ.' લાગ્યું કે વનવિહારીબાબુ હવે એ વિષય પર વધુ કંઈ બોલવા ઇચ્છતા નહોતા. અને આમે યે ગાડી હરદોઈ સ્ટેશને આવી પહોંચી હોઈ એ વાતો ત્યાંથી જ બંધ થઈ ગઈ.

'જરા ચા પી લઈએ તો ખોટું નહિ.' કહી ફેલુદા સ્ટેશન પર ઊતરી પડ્યા. ગાડી સ્ટેશનમાં ઊભી રહે ત્યારે ડબામાં બેસી રહેવું મને યે ગમતું નથી એટલે હું પણ એમની પાછળ ઊભો થયો.

એ જ વખતે એક ભગવાંધારી સાધુ અમારા ડબામાં ચડ્યો. વનવિહારીબાબુએ અણગમો દર્શાવતાં એને કહ્યું: 'ડબો રિઝર્વ છે. અહીં ક્યાંય જગ્યા નથી.'

પેલા સાધુએ અંગ્રેજીમાં કહ્યું: 'મહેરબાની કરી બરેલી સુધી બેસવા દો. પછી હું બીજા ડબામાં ચાલ્યો જઈશ. રાતના આપને સૂવાની

તકલીફ નહિ પડવા દઉં.' નછૂટકે વનવિહારીબાબુએ એને ચડવા દીધો.

'સંન્યાસીઓની બલામાંથી આપણે હજી છૂટી શકતા નથી.' ફેલુદાએ કહ્યું. અને પછી ચાવાળાને બૂમ પાડી. ચાવાળો દોડી આવતાં મને પૂછ્યું : 'તું ચા પીશે ને?'

'કેમ ન પીઉં?'

બીજા બધાને પણ પૂછ્યું પણ કોઈની ઇચ્છા નહોતી. પછી ચાની ગરમગરમ કુલડીને એક હાથમાંથી બીજા હાથમાં ફેરવતાં ફેરવતાં મેં કહ્યું : 'જો શ્રીવાસ્તવ ચોર હોય તો બહુ ખરાબ કહેવાય.'

ધુમાડા નીકળતી ચાનો ઘૂંટ લેતાં ફેલુદાએ પૂછ્યું : 'શા માટે?'

'કારણ એ માણસ મને ગમે છે, અને મને લાગે છે કે એ બહુ સારો માણસ છે.'

'બુધ્ધુ! તું ડિટેક્ટિવ ચોપડીઓ વાંચતો નથી ને, એટલે. જો વાંચે તો ખબર પડે કે એમાં જે માણસ સૌથી વધુ સીધોસાદો ને નિર્દોષ-મ ળો લાગે ને, એ જ અંતે અપરાધી સાબિત થતો હોય છે.'

'આ બનાવ કંઈ ડિટેક્ટિવ નૉવેલની ઘટના નથી.'

'તો શું થયું? વાસ્તવિક ઘટનાઓમાંથી જ લેખકોને આઇડિયા મળે છે ને?'

મને ગુસ્સો ચડયો. મેં કહ્યું: 'તો પછી શ્રીવાસ્તવ પહેલી વાર જ્યારે આપણે ત્યાં બિસી વાતો કરતા હતા ત્યારે બહારથી ચારમિનાર સિગારેટ ફૂકતું ફૂકતું કોણ વૉચ કરતું હતું?'

'એ કદાચ ચોર-ટોળીનો માણસ હશે.'

'તો શું તમે એમ કહેવા માગો છો કે શ્રીવાસ્તવ પણ ખરાબ માણસ છે અને ચોર લોકો પણ નઠારા છે? શું બધા જ ખરાબ? ગણેશ ગુરુ પણ કહેતો હતો કે વનવિહારીબાબુ યે સારા માણસ નથી.'

ફેલુદાએ જવાબ દેવાને બદલે ચાનો ઘૂંટડો ભરવા કુલડી ઊંચી કરી. એવામાં એકાએક ક્યાંકથી ફેંકાએલા એક કાગળનો ડૂચો એના કપાળ પર અથડાઈ એ કુલડીમાં પડયો.

એક સપાટે એ ડૂચો ફેલુદાએ કુલડીમાંથી બહાર કાઢી પ્લૅટફૉર્મ પરની ભીડમાં નજર દોડાવી, પણ ત્યાં તો ગાર્ડની સીટી સંભળાઈ. હવે કોઇને શોધવા દોડવાનો કશો અર્થ ન હોઈ અમે ડબામાં ચડયા પણ એ પહેલાં એ ડૂચો ઉકેલી ફેલુદાએ તેના પર નજર ફેરવી લઈ મને એ બતાવીને ફરી તેનો ડૂચો કરી પ્લૅટફૉર્મ નીચે ગાડીના પાટા વચ્ચે ફેંકી દીધો. કાગળમાં લખેલું હતું : 'ખૂબ હોશિયાર.' અને જોયું કે આ વખતે પણ પાનના રસથી જ એ લખાએલું હતું. બાદશાહી અંગૂઠીનો રહસ્યમય બનાવ લખનૌ છોડીને અમારી સાથે સાથે જ આગળ વધી રહ્યો હતો.

સાંજ પડી ગઈ હતી. ડબાની બત્તીઓ પણ ચાલુ થઈ ગઈ હતી. ગાડી બરેલી ભણી દોડી રહી હતી. ડબામાં અમે કુલ સાત જણ હતા. હું અને ફેલુદા એક બાંકડા પર, બીજા પર બાપુજી અને શ્રીવાસ્તવ ને ત્રીજા પર વનવિહારીબાબુ અને પેલા સંન્યાસી. બાપુજીના બંક ઉપર વનવિહારીબાબુનો લાકડાનો એક પૅકિંગકેઈસ અને મોટો ટ્રંક હતો. અમારી ઉપરના પાટિયા પર એક આદમી પગથી માથા સુધી ચાદર ઓઢી ઊંઘતો હતો. લખનૌથી અમે ચડયા ત્યારથી એને આમ ચાદર ઓઢી ઘોરતો જોયો હતો. માત્ર એના પગ ખુલ્લા દેખાતા હતા.

વનવિહારીબાબુ પાટિયા પર પગ ઊંચા ચડાવી અસલ બાબુની અદાથી બેઠાબેઠા પાઈપ પીતા હતા. શ્રીવાસ્તવ 'ગીતાંજલિ' વાંચવામાં મગ્ન હતા. બાપુજી ભણી જોયું તો એમને ઝોકાં આવતાં લાગ્યાં. વચ્ચે વચ્ચે આંખો ચોળી એ ટટ્ટાર થઈ જતા હતા. સંન્યાસીને જાણે અમારી એકેય વાતમાં રસ ન હોય તેમ એક ચિત્તે એ કોઈ હિન્દી છાપાનાં પાનાં ફેરવતો હતો. ફેલુદા બારી બહાર જોતાં ગાડીના તાલે તાલે એક ગીત ગાતા હતા, તે યે પાછું હિંદી અને તેની યે બે લીટી જ—

'જબ છોડ ચલે લખનૌ નગરી, તબ હાય આદમ પર ક્યા ગુજરી...' અને એથી આગળ એ હં...હં કરીને માત્ર ગણગણતા જ હતા. લાગ્યું કે એ પછીની લીટીઓ એને આવડતી નહોતી. અચાનક વનવિહારી બાબુએ પૂછ્યું : 'વાજિદ અલીશાહનું આ ગીત તમને કેવી રીતે આવડયું?'

'મારા એક મોટા કાકા એ ગાતા. તેઓ ઠુમરીના એક અચ્છા ગાયક હતા.' ફેલુદાએ કહ્યું.

પાઈપમાંથી એક ઊંડો ચસ લઈ સંધ્યાના રંગથી ઘેરાએલા આકાશ ભણી જોતાં વનવિહારીબાબુ બોલ્યા : અજબ હતા એ નવાબ વાજિદ અલી. પંખીઓની જેમ એ ગીતોમાં મસ્ત રહેતા. ખુદ પણ શાયરી કરતા. હિંદુસ્તાનમાં પ્રથમ ઑપેરા એમણે જ લખેલો ને તે પણ અસલ પશ્ચિમી ઢબથી. પણ એને લડતાં ન આવડયું. જિંદગીનાં છેલ્લાં વર્ષો કલકત્તાના મિટીઆ બુરજમાં કાઢયાં. હાલમાં ત્યાં મુસલમાન દરજીઓ રહે છે. પણ વધુ ઈન્ટરેસ્ટિંગ બાબત શી છે તે જાણો છો? એ જમાનામાં વિખ્યાત ધનિક રાજેન મલ્લિકની સાથે મળીને એમણે એક પ્રાણીબાગ બનાવવાની પ્રથમ પરિકલ્પના કરી હતી.'

આટલું કહી એ ઊભા થયા. બંક પર રાખેલા પોતાના ટ્રંકમાંથી નાનકડા બૉક્સ જેવું કાઢી બાંકડા પર મૂકતાં કહ્યું : 'તમને મારાં થોડાં પ્રિય ગીત સંભળાવું. આ છે મારું ટેઈપ રેકૉર્ડર. બૅટરીથી ચાલે છે.' અને એમણે એ બૉક્સ ખોલી હાર્મોનિયમના પરદા જેવી એક કળ દબાવી કે તુરત બૉક્સની અંદર કોઈ ચક્કર ફરવા લાગ્યું. વનવિહારીબાબુએ સૂચવ્યું : 'આ ગીતો જો માણવાં હોય તો બારી બહાર જોતાંજોતાં સાંભળો.'

મેં બહાર નજર નાખી. મોટાં ઊંચાં વૃક્ષોથી સાંજના ઘેરાતા જતા અંધકારને વધુ ગાઢ બનાવતા જંગલ જેવા પ્રદેશમાંથી ગાડી પસાર થઈ રહી હતી. અને એ જંગલમાંથી જાણે વનબિલાડીનો ચિત્કાર સંભળાયો. વનવિહારીબાબુ કહે : 'વૉલ્યુમ જાણી જોઇએ ઓછું રાખ્યું છે, જેથી સાંભળતાં લાગે કે દૂર જંગલમાંથી જ આ અવાજ આવે છે.'

એ પછી સંભળાયું હાઈનાનું હાસ્ય. આ એક અજબ અનુભવ હતો. અમે જંગલમાંથી પસાર થતા હતા અને જાણે એ જંગલમાં જ આ હાઈના હસી રહ્યું હતું. 'આ પછીનો અવાજ હજી ધીમો સાંભળવો ઉચિત છે. કારણ કે અસલમાં એ એટલો ધીમો જ હોય છે, પણ આ ગાડીના ઘડઘડાટમાં એ બરાબર સંભળાય એટલા સારુ જરા વધારીને સંભળાવું છું.'

'કિર્રર્ર...કિર્ર...કિર્ર...કિર્રર્ર...કિર્ર...કિર્ર...'

આ અવાજ જાણે મારી છાતી વહેરાતી હોય એવો લાગ્યો. પેલા સંન્યાસી ભણી નજર ગઈ. એ પણ અવાક્ બની આ સાંભળી રહ્યા હતા.

'રૅટલ સ્નેઈક.' વનવિહારીબાબુએ કહ્યું : 'આમ તો જંગલમાં આ અવાજ સાંભળતાં જ આપણે ગભરાઈ જઇએ, પણ અસલમાં આ સાપ પોતાની હાજરી દર્શાવવા સારુ જ આવો અવાજ કરે છે. એટલા માટે કે આસપાસથી પસાર થતું કોઈ ભારે પ્રાણી એને પગ તળે કચરી ન નાખે.'

'તો પછી અમસ્તાં તો એ માણસ પર હુમલો ન કરે, એમ જ ને?' બાપુજીએ પૂછ્યું.

'જંગલમાં હોય તો અમસ્તાં હુમલો ન કરે. અને આપણા દેશી ઝેરી સાપ પણ ક્યાં એમ ને એમ ઍટેક કરે છે? હા, આને જો કૉર્નર કરવામાં આવે, મતલબ કે એનો માર્ગ રૂંધવામાં આવે તો ન છૂટકે હુમલો કરે. જેમ કે કોઈ નાના ઓરડામાં તમારી સાથે આને પણ પૂરવામાં આવે તો એ ચોક્કસ કરડે. અને આની એક બીજી પણ લાક્ષણિકતા છે. આ સાપ અંધારામાં પણ સ્પષ્ટ જોઈ શકે છે.'

આ પછી વનવિહારીબાબુએ એમનું આ પ્રિય સંગીત બંધ કરતાં કહ્યું : 'દુઃખની વાત એ છે કે મારી પાસેનાં આ બધા પ્રાણીઓમાંથી વીંછી અને કરોળિયો એ બંને મૂગાં છે. આ વખતે જો પેલો અજગર મળી જશે તો એનો ફૂંફાડો હું આમાં ચોક્કસ ટેઈપ કરી લઈશ.'

'પણ આ અવાજો સાંભળીને તો ખરેખર ડર લાગતો હતો.' બાપુજી બોલ્યા.

'તમને સૌને લાગે જ. પણ મારા માટે તો આ શબ્દો સંગીતથી પણ વધુ કર્ણપ્રિય છે. બહારગામ જાઉં ત્યારે મારાં જાનવરોને તો સાથે ન લઈ જઈ શકું, એટલે એમના આ અવાજને સાથે રાખી મન મનાવું છું.'

બરેલી આવતાં પેલા સંન્યાસી ઊતરી ગયા. અહીં અમે સાંજનું ભોજન લીધું. પોતાની પ્લેટ સફાચટ કરી ફેલુદાએ મારી ડિશમાંથી મરચીની ટાંગ ઉપાડી મોંમાં મૂકતાં કહ્યું : 'જ્યારે મગજને વધુ કસવાનું હોય છે ત્યારે મરચી તેમાં બહુ મદદરૂપ બની રહે છે.'

'તે શું હું મગજનું કામ નથી કરતો ?'

'એ તારું કામ નહિ. તારા માટે રમતગમત બસ છે.'

'તે તમે યે મગજ ચલાવીને શું ફળ મેળવ્યું એ કહેશો ?'

માત્ર હું જ સાંભળી શકું એટલા દબાતા અવાજે એમણે કહ્યું : 'પ્યારેલાલ કયા રુપાઈની વાત કહેવા માગતા હતા તેનો અંદાજ મને આવી ગયો છે.' આટલું કહી એ ચૂપ થઈ ગયા.

બરેલીથી ગાડી ઊપડી. બાપુજી કહે : 'મળસ્કે ચાર વાગ્યે ઊઠવાનું છે, એટલે તમે બંને હવે સૂઈ જાઓ.'

ફેલુદા માટે બાંકડાનો અર્ધો ભાગ રાખી મેં લંબાવ્યું. વનવિહારીબાબુ કહે કે 'મારે ઊંઘવું નથી. પણ તમે સૌ નિરાંતે લંબાવો. હરદ્વાર આવતાં હું બધાને બરાબર જગાડી દઈશ.' અને પછી એમણે ડબાની બત્તી બંધ કરી દીધી. બાપુજી અને શ્રીવાસ્તવે પણ અમારી જેમ બાંકડો વહેંચી લંબાવ્યું. ડબામાં બત્તી બુઝાતાં જ જોયું કે બહાર મઝાની ચાંદની ફેલાઈ ગઈ હતી, એટલું જ નહિ, મને તો બારીમાંથી ચંદ્ર પણ દેખાતો હતો. ચૌદશનો ચંદ્ર લાગતો હતો. અમારી સાથે એ પણ જાણે દોડતો હતો.

ચંદ્રને જોતાંજોતાં મનમાં થતું હતું કે હરદ્વારમાં કેવળ તીર્થસ્થાનનાં દર્શન જ નહિ થાય, બીજું પણ કંઈક બનશે; અથવા એવું પણ હોય કે મારું મન જ ઇચ્છતું હતું કે હરદ્વારમાં કંઈક બને. માત્ર ગંગા કે એના ઘાટ અને મંદિરો જોવાથી જાણે ત્યાં જવાનું સાર્થક નહિ થાય.

વળી, થયું કે ગાડીના આટલા ધડધડાટ અને હડદોલામાં પણ કઈ રીતે ઊંઘ આવતી હશે ? કલકત્તાના અમારા ઘર પાસે જો આવી ધડધડાતી બોલતી હોય અને મારા ખાટલાને કોઈ હચમચાવતું હોય તો મને ઊંઘ આવે ખરી ? ફેલુદાને પૂછ્યું તો એણે કહ્યું : 'આવો કે આટલો અવાજ જો લાંબો સમય એકધારો ચાલ્યા કરે તો માણસના કાન થોડી વારમાં ટેવાઈ જાય અને પછી એ અવાજ ખલેલ કરતો ન લાગે. અને આ હડદોલા તો ઊંઘવામાં મદદ કરે છે. નાનાં બાળકોને પારણામાં હીંચોળીને નથી ઊંઘાડતા ? ઊલટું આ અવાજ અને આંચકા બંધ થાય ત્યારે ઊંઘમાંથી જાગી જવાય. તું ધ્યાન રાખીને જોજે, સ્ટેશન પર ગાડી ઊભી રહેશે ત્યારે ઊંઘમાંથી પણ કદાચ જાગી જવાશે.'

ઊંઘ આવવા માંડી ત્યારે લાગ્યું કે ઉપરના પાટિયા પર ચાદર ઓઢીને સૂતેલો માણસ જાણે નીચે ઊતર્યો અને એણે ડબામાં આંટો માર્યો. પછી કોઈના હસવાનો અવાજ સંભળાયો. એ અવાજ માણસના હસવાનો હોઈ શકે યા તો હાઈનાનો પણ હોય. પછી જાણે હું ભુલભુલૈયાંમાં રસ્તો ભૂલી જઈ પાગલની જેમ દોડાદોડી કરતો હોઉં, અને જ્યારે જ્યારે એ રસ્તાના એકએક છેડેથી પાછો ફરતો હોઉં ત્યારે ત્યારે એક મહાકાય રાક્ષસી કરોળિયો મારો માર્ગ રૂંધી પોતાની જબ્બર મોટી ચમકતી લાલ આંખો વડે મને ટગરટગર જોતી હોય એવો ભાસ થયો. અંતે અચાનક એ મારી સામે દોડી આવ્યો અને એનો જબરદસ્ત કાળોમેશ પગ મારા ખભા પર પડયો—અને મારી ઊંઘ અને સ્વપ્ન બંને એકસાથે ઊડી ગયાં. મેં જોયું કે ફેલુદા મારા ખભા પર હાથ મૂકી મને હલબલાવીને કહેતા હતા : 'એઈ તોપસે, ઊઠ ! હરદ્વાર આવી ગયું.'

'પંડા ચાહિએ બાબજી, પંડા ?' 'બાબજી કા શુભ નામ ?' 'કહાંસે આતે હો, બાબુજી ?' 'આ બાબુજી, ઈસ તરફ આઇયે, ખાસ ધર્મશાલામેં ઠહરેંગે આપ ?' 'દક્ષેશ્વર કા દર્શન કરોગેના બાબુજી ?'

પ્લૅટફૉર્મ પર હજી તો પગ જ દીધા ત્યાં તો આવા આવા પ્રશ્નો પૂછતા ત્યાંના પંડાઓ અમને ઘેરી વળ્યા. ફેલુદાએ અગાઉ કહેલું એમ જ થયું. વળી, એણે કહેલું કે આ બધા પંડાઓ પાસે મોટામોટા જબ્બર ચોપડાઓ હોય છે, જેમાં વર્ષો પહેલાં જ નહિ, દાયકાઓ પહેલાં આપણા કોઈ બાપદાદાએ ક્યારેકે ય હરદ્વારની યાત્રા કરી હોય ને આ પંડાને પનારે પડ્યા હોય તો એમનાં નામઠામ એના ચોપડામાંથી નીકળે જ. બાપુજી પાસેથી સાંભળેલું કે મારા દાદાના દાદા સાધુ થઈ ઘર છોડી નીકળેલા અને કેટલોક વખત હરદ્વારમાં રહ્યા હતા. કદાચ એમનું નામ પણ આમાંના કોઈ પંડાના ચોપડામાં હોય પણ ખરું !

પણ વનવિહારીબાબુએ મામલો સંભાળી લીધો. કહે : 'પંડાઓની જરૂર નથી. એમનાથી સગવડના બદલે ઉત્પાત જ વધુ થશે. ચાલો, મારી જાણીતી શીતલદાસની ધર્મશાળામાં. હું તમને ત્યાં લઈ જઉં. બધા સાથે રહીશું. જમવાનું યે ત્યાં ખરાબ નથી હોતું. અને એક દિવસની જ તો વાત છે. કાલે તો મોટર કરીને હૃષીકેશ ને લક્ષ્મણઝૂલા જવાનો કાર્યક્રમ છે ને ?'

કુલીની પાસે સામાન મુકાવી પાછલી રાતના અંધકારમાં અમે પાંચ જણ ત્રણ ટાંગામાં બેઠા. એકમાં હું અને ફેલુદા, બીજામાં વનવિહારીબાબુ અને ત્રીજામાં બાપુજી અને શ્રીવાસ્તવ. ટાંગા ઊપડતાં ફેલુદાએ કહ્યું : 'તીર્થસ્થાન એટલે ગંદું શહેર. છતાં અહીં એક વાર ગંગાકાંઠે જઇને બેસવા મળે તો જોજે ખૂબ મજાનું લાગશે.'

ખડખડ કરતા અમારા ટાંગા ગલીકૂંચીઓમાં થઈને જતા હતા. દુકાનો હજી ખૂલી નહોતી. રસ્તાની બંને તરફ કામળા ઓઢી લોકો ખાટલા પર ઊંઘતા હતા. ક્યાંક ક્યાંક કેરોસીનનાં ફાનસ ટમટમતાં હતાં. પણ આટલા વહેલા મળસ્કામાં યે કેટલાક બુઢ્ઢા લોકો હાથમાં લોટા લઈ આવતા-જતા દેખાતા હતા. ફેલુદા કહે આ બધા ગંગાસ્નાન કરવા જાય છે. સૂર્યોદય થશે ત્યારે પાણીમાં ઊભા રહી સૂર્યનું સ્તવન કરશે અને અંજલિ આપશે. બાકીનું શહેર હજી ઊંઘતું હતું એમ જ કહી શકાય. વનવિહારીબાબુ સૌથી આગળ હતા. એક સફેદ બેઠા ઘાટના મકાન પાસે એમણે ટાંગો ઊભો રખાવ્યો. લાગ્યું કે આ જ શીતલદાસની ધર્મશાળા હશે.

ડેલામાંથી નજર નાખી જોયું તો અંદર મોટું ખુલ્લું ચોગાન અને એની ત્રણ બાજુ લાંબી ઓસરી અને ઓરડાઓની હાર દેખાઈ. ધર્મશાળાના નોકરે આવીને અમારો સૌનો સામાન ઉતાર્યો. એની પાછળ અમે અંદર પ્રવેશતા હતા ત્યાં બીજો પણ એક ટાંગો આવીને ડેલા સામે થોભ્યો. જોયું કે બરેલી સુધી અમારી સાથે ગાડીમાં જે સાધુ હતા એ એમાંથી ઊતરતા હતા. એને જોતાં જ મેં ફેલુદાના કોટની બાંય ખેંચતાં કહ્યું : 'ફેલુદા, પેલા ગાડીમાં હતા એ સંન્યાસી.'

એક આડી નજર નાખી તુરત મોં ફેરવી લેતાં ફેલુદાએ કહ્યું : 'એ સાધુબાવામાં પણ તેં કંઈ રહસ્યમયું જોયું કે શું ?'

'ના. પણ વારે વારે......' 'ચૂપ. ચાલ, હવે અંદર ચાલ.'

બાજુ બાજુના બે ઓરડામાં અમારો ઉતારો ગોઠવાયો. દરેક ઓરડામાં ચારચાર ખાટલા હતા. એમાં એકમાં કોઈ માણસ ઊંઘતો હતો. બાકીના ત્રણ ખાટલા બાપુજી, ફેલુદા અને મારા ભાગે આવ્યા. બીજા ઓરડામાં વનવિહારીબાબુ અને શ્રીવાસ્તવ ગોઠવાયા. પેલા સંન્યાસી પણ એ જ ઓરડામાં ઊતર્યા.

દાતણ-પાણીથી પરવારી ચા-બિસ્કિટ લીધાં ત્યાં તો સૂર્યોદય થયો.

લોકો પણ હવે જાગી ગયા હોઈ ધર્મશાળામાં ધમાલ-ઘોંઘાટ શરૂ થઈ ગયાં. હવે ખબર પડી કે કેટલી જાતના લોકો અહીં એકઠા થયા હતા. બાળક-બુઢ્ઢા, સ્ત્રી પુરુષો, બંગાળી, હિંદુસ્તાની, મારવાડી, ગુજરાતી, મરાઠા એમ પ્રાંતપ્રાંતના લોકો પોતપોતાની ભાષામાં કલબલાટ કરી ધર્મશાળા ગજાવતા હતા.

'તમે લોકો બહાર નીકળવાના છો?' બાપુજીએ અમને પૂછ્યું.

'હા, વિચાર છે કે ગંગાઘાટ પર એક ચક્કર લગાવી આવીએ.' ફેલુદાએ કહ્યું. 'ઠીક છે, તમે જઈ આવો. દરમિયાન હું વનવિહારી બાબુ જોડે જઈને આવતી કાલને માટે બે ટૅક્સીની ગોઠવણ કરી આવું. ફેલુ, બજારમાંથી એકાદ ટૉર્ચ મળે તો લેતા આવજો. કદાચ અહીં જરૂર પડે તો સાથે રાખવી સારી.'

શહેર કંઈ મોટું નથી એટલે ટાંગો ન કરતાં અમે બંને ચાલતા જ નીકળી પડયા. ખાસ્સી ઠંડી હતી અને ગંગાકાંઠો પણ પાસે જ, એટલે જ કદાચ આખા શહેર પર ધુમ્મસ છવાઈ ગએલું લાગતું હતું. ફેલુદાને પૂછ્યું તો કહે: 'આમાં ધુમ્મસ કરતાં વધારે તો ચૂલાનો ધુમાડો છે.'

ધર્મશાળાથી થોડે દૂર જઈ એક જણને અમે ગંગાઘાટનો રસ્તો પૂછી લીધો. ગંગાઘાટ તો હજી પહોંચ્યા યે નહોતા ત્યાં દૂરથી જ ઘાટ પર જામેલી ભીડનો અવાજ સંભળાવા લાગ્યો. એમાં પાછા ઘાટને રસ્તે બંને તરફ બેસી ગએલા ફેરિયાઓ અને ભિખારીઓ પણ અવાજમાં ઉમેરો કરી રહ્યા હતા.

ઘાટ ઉપર તો જાણે મેળો જામ્યો હતો. નદીના પાણીમાં યે એટલા જ લોકો હતા. એક જગ્યાએ ગળામાં કંઠી ને કપાળે મોટું તિલક ધારણ કરી એક વૈષ્ણવ ભજન ગાતો હતો ને તેને ઘેરીને વૃદ્ધ સ્ત્રીપુરુષો ટોળે વળી બેઠાં હતાં. એમની આજુબાજુ કૂતરાં, બકરાં ને ગાય-વાછરડાં પણ ખરાં જ. દૂર મંદિરમાં સવારની આરતી થતી હશે તેનો ઘંટારવ પણ વાતાવરણમાં ગુંજી રહ્યો હતો. ભીડમાં હડદોલાતા અમે ઘાટનાં પગથિયાં સુધી પહોંચી ગયા. થોડી જગ્યા શોધી ત્યાં બેસતાં ફેલુદાએ કહ્યું: 'પ્રાચીન ભારત જોવું હોય તો થોડી વાર અહીં બેસીએ.'

લખનૌ કરતાં અહીં તદ્દન નિરાળું જ વાતાવરણ હોઈ મારા મનમાંથી અંગૂઠીની વાત સાવ વિસરાઈ ગઈ હતી. ફેલુદાનું પણ આવું જ હશે, કે પછી મનોમન એ ભેદ ઉકેલવામાં પડયા હશે. પણ એને પૂછવાની મારી હિંમત ન ચાલી. એના ભણી જોયું તો એ ખિસ્સામાંથી સિગારેટ ને દીવાસળીની પેટી કાઢી રહ્યા હતા. બાપુજીની હાજરીમાં એ સિગારેટ નથી પીતા, એટલે આ તક ઝડપી લીધી હતી. મોંમાં સિગારેટ મૂકી એણે દિવાસળીની પેટી ખોલી. એ ખોલતાં જ ઊગતા સૂર્યના પ્રકાશમાં એમાં કંઈક ઝગમગી ઊઠયું. એ ચળકાટ જોતાં જ હું ચમકી ગયો. પૂછ્યું: 'એ શું છે, ફેલુદા?'

પણ એટલામાં તો એણે પેટી બંધ કરી દીધી હતી. જાણે કંઈ ખબર જ નથી એમ આશ્ચર્ય દેખાડતાં બોલ્યા: 'શું?'

'તમારી દીવાસળીની પેટીમાં એ શાનો ઝબકાર થયો?'

બે હાથની હથેળી વચ્ચે સળગતી દીવાસળી રાખી ગંગાકિનારાની હવામાં પણ સિગારેટ પેટાવી, મોંમાંથી ધુમાડાનો ગોટ છોડતાં એણે કહ્યું: 'દીવાસળીમાં ફૉસ્ફરસ હોય છે એ તો તું જાણે છે ને? એ જ તો ચળકી ઊઠયો હશે.'

હું આગળ કશું પૂછી શકયો નહિ, પણ એણે મારા પ્રશ્નનો ખરો જવાબ ટાળ્યો હતો એટલું તો હું સમજી જ ગયો. પછી તો હર કી પૌઢીના ઘાટ પર થઈ દક્ષેશ્વરનું મંદિર જોઈ બજારમાં થઈને ત્રણ સેલની એક ટૉર્ચ ખરીદી અમે ધર્મશાળા તરફ પાછા ફર્યા ત્યારે લગભગ સાડાદસ વાગ્યા હતા. આટલું ફર્યા ને ઘણું જોયું, પણ ફેલુદાના માચીસમાંથી દેખાએલો ઝબકારો હું ભૂલી શકયો નહોતો. વારંવાર એ યાદ આવી જતો. મારા મનમાં થતું હતું કે ઔરંગઝેબની અંગૂઠીના હીરાનો તે એ ઝબકાર નહિ હોય? માચીસમાં પાવલી કે આઠઆની રાખી હતી એમ જો ફેલુદાએ કહ્યું હોત તો એ મેં માની લીધું હોત, પણ ફૉસ્ફરસની વાત તો ગપ્પું જ હતી એની મને ખાતરી હતી.

અને એ અંગૂઠી જો ખરેખર ફેલુદાની પાસે જ હોય, ને એ અંગૂઠી પાછળ પડેલા ગુંડાઓને એની જાણ હોય યા થઇ જાય તો? અને કદાચ તેઓને એની ખબર જ હશે, એટલે જ તો તેઓ વારંવાર ધમકીભર્યા કાગળના ડૂચા ફેલુદા પર ફેંકતા હતા, એટલે જ લખનૌના ઈમામબાડામાં ઇંટના ઢેખાળા માર્યા હતા અને રાતે અમારા ઓરડામાં લાકડીના છેડે કલૉરોફૉર્મમાં બોળેલું ચીંથરું ઘુસાડવાનો પ્રયાસ કર્યો હતો. જરૂર એ લોકોને ફેલુદા પાસે જ અંગૂઠી હોવાની શંકા હોવી જોઈએ.

એક તરફ મારા મગજમાં આવા આવા પ્રશ્નો ઘુમરાતા હતા ત્યારે ફેલુદા તો બેફિકર મને આખા રસ્તે ગીત ગણગણતા આવતા હતા. અચાનક ગાવાનું બંધ કરી મને કહે: 'ખટ નામનો એક રાગ છે તને ખબર છે? આ હું એ રાગનું ગીત ગાઉં છું. સવારનો એ રાગ છે.'

ખટ-બટની મને ખબર નથી, અને રાગ-રાગિણી પણ હું જાણતો નથી. પણ અત્યારે મને ભયંકર રાગ (ગુસ્સો) આવે છે, અને મને ય ખટ-કો લાગ્યો છે કે તમે ગપ્પું મારીને મારા સવાલનો જવાબ ઉડાવી દીધો છે. આમ કહેવાની મને ઇચ્છા થઈ આવી, પણ હું ચૂપ જ રહ્યો. છતાં મનોમન એ પણ નક્કી કરી લીધું કે આજ ને આજ સમય મળે ત્યારે ફેલુદા સાથે આ બાબતની ચોખવટ તો કરી જ લઈશ.

ઉતારે પહોંચતાં જોયું કે બાપુજી વનવિહારીબાબુ અને શ્રીવાસ્તવ કોઈ એક ધોતીકુરતું પહેરેલા બંગાળી ભદ્રમાણસ સાથે વાતો કરતા બેઠા હતા. અમને જોઈ બાપુજીએ કહ્યુ: 'ટૅક્સીની વ્યવસ્થા થઈ ગઈ. કાલે સવારે છ વાગ્યે આપણે નીકળવ નું છે. વનવિહારીબાબુનો ઓળખીતો હતો એટલે બહુ સસ્તામાં પત્યું.'

વાતવાતમાં જણાયું કે પેલા બંગાળી સજ્જન અલ્હાબાદમાં રહેતા હતા. નામ વિલાસબાબુ. અત્યારે તેઓ વનવિહારીબાબુનો હાથ જોઈ રહ્યા હતા. વનવિહારીબાબુએ કહ્યુ: 'કોઈ જાનવરના કરડવાથી મરવાનો છું કે નહિ એ પહેલાં કહો.'

એક લવિંગ લઈ વનવિહારીબાબુના હાથની રેખાઓ પર ફેરવતાં ફેરવતાં વિલાસબાબુએ કહ્યું: 'આ રેખાઓમાં એવું તો કંઈ દેખાતું નથી. સ્વાભાવિક મૃત્યુ જ થશે.'

વિલાસબાબુ ભલે હાથ જોનાર હોય, પણ મને તો એમના પગ અદ્ભુત લાગ્યા. પાસેની આંગળી કરતાં એમના પગનો અંગૂઠો અર્ધો ઇંચ જેટલો મોટો હતો. મને થયું કે તાજેતરમાં જ જાણે મેં આવો પગ કયાંક જોયો હતો. પણ કયાં ને કોનો પગ જોએલો એ યાદ આવતું નહોતું.

'હાશ! બચી ગયો.' નિરાંતનો એક ઊંડો શ્વાસ છોડતાં વનવિહારીબાબુ બોલ્યા.

'કેમ મહાશય! તમે શું શિકાર કરો છો કે? રીંછ-વાઘ મારો છો?' વિલાસબાબુનો બંગાળી જેવો લહેકો હતો એમ મને લાગ્યું.

'ના, રે! પણ જાણી રાખેલું સારું. મારો એક પિતરાઈ ભાઈ હતો. એને નખમાં યે રોગ નહોતો. અચાનક કૂતરો કરડયો અને હાઇડ્રોફૉબિયા (હડકવા) થયો ને મરી ગયો. એટલે...'

'તમે શું પહેલાં કલકત્તામાં હતા?' વિલાસબાબુએ પૂછ્યું.

વનવિહારીબાબુ જરા ખમચાઈ ગયા; પછી કહે: 'એ પણ શું હાથની રેખામાં લખ્યું હોય છે?'

'તેથી તો જોઉં છું. અને...તમને જૂના જમાનાની ચીજો, કલામય પ્રાચીન મૂર્તિઓ કે કીમતી જૂના અલંકારો વગેરે જેવી ચીજો સંઘરવાનો શૉખ છે?'

'મને ? ના, ના. એવો શોખ મને નથી. એ તો પ્યારેલાલને હતો. મને તો જંતુ જાનવરો પાળવાનો શોખ છે.'

'અચ્છા! કદાચ એટલે જ કરડવાની વાત કરતા હતા. પણ...'

'પણ શું ?' વનવિહારીબાબુ હવે અકળાઈ જતા લાગતા હતા. વિલાસબાબુએ પોતાના પ્રશ્ન જારી રાખ્યા.

'હમણાં તમને ઉદ્વેગ થાય એવું કંઈ બન્યું ખરું ?'

'હમણાં એટલે ?'

'એટલે કે સમજોને, આ છેલ્લા એકાદ માસ દરમિયાન.'

'નૉટ અ કેર ઇન ધ વર્લ્ડ.' વનવિહારીબાબુ ખડખડાટ હસતા બોલ્યા. 'મોશાય, મારા માટે કોઈ ઉદ્વેગ નથી. છતાં હા, એક ચટપટી છે કે કાલે લક્ષ્મણઝૂલા પહોંચીશ ત્યારે બાર ફૂટ લાંબો અજગર જોવા મળશે કે નહિ.'

મને લાગ્યું કે વિલાસબાબુ હજી જરા વધુ વાર હાથ જોવા ઇચ્છતા હતા, પણ વનવિહારીબાબુએ એક બગાસું ખાતાં પોતાનો હાથ પાછો ખેંચી લેતાં કહ્યું: 'માઠું ન લગાડશો વિલાસબાબુ, પણ અસલમાં મને આ પામિસ્ટ્રી-ફામિસ્ટ્રીમાં શ્રદ્ધા નથી. આપણાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન બધું આપણા હાથમાં છે ખરું, પણ એ હાથની રેખાઓમાં નહિ, પણ આપણા હાથની ક્ષમતા ને સામર્થ્યમાં છે એમ હું માનું છું. એના પર જ બધું નિર્ભર છે. આટલું કહી વનવિહારીબાબુ ઊભા થઈ સીધા એમના ઓરડામાં ચાલ્યા ગયા. ફરી મારી નજર વિલાસબાબુના પગ તરફ દોડી ગઈ, પણ કેમેય યાદ ન આવ્યું કે આવા લાંબા અંગૂઠાવાળો પગ મેં ક્યાં જોયો હતો.

આખા દિવસ દરમિયાન ફેલુદાને પેલી દીવાસળીની પેટીમાં ગબડી ગયેલી ચીજ વિષે પૂછવાની તક જ ન મળી. વહેલી સવારે ઊપડવાનું હોઈ બાપુજીના કહેવાથી પથારીમાં વહેલું લંબાવ્યું ત્યારે તો લગભગ દસ તો વાગી જ ગયેલા, પણ મને હજી ઊંઘ આવતી નહોતી. અમારા બંને ઓરડાની વચ્ચેના બારણામાંથી, એ બંધ હોવા છતાં, કોઈનાં નસકોરાંનો ઘરઘરાટ સંભળાતો હતો. એ સાંભળી ફેલુદા બોલ્યા: 'વિલાસબાબુ.'

'કેવી રીતે ખબર પડી ?'

'કેમ કાલે ગાડીમાં નસકોરાંનો અવાજ સાંભળ્યો નહોતો ?'

'ગાડીમાં ? વિલાસબાબુ ગાડીમાં પણ હતા ? અચ્છા, તો પેલો અંગૂઠો...'

ફેલુદાએ મારી પીઠ થાબડી શાબાશી આપતાં ધીમેથી કહ્યું: 'ગુડ.'

યાદ આવી ગયું હવે. ગાડીમાં અમારી ઉપરના બર્થ પર છેક લગનોથી ચાદર ઓઢીને જેણે લંબાવ્યું હતું, અને જેના ખુલ્લા દેખાતા પગ માત્ર મેં જોએલા એ જ આ પગ, જેને યાદ કરવા આખો દિવસ હું મથી રહ્યો હતો. આમ, મારા એક પ્રશ્નનો ખુલાસો તો મળી ગયો. પણ હજી પેલા સવારે જોએલા ઝબકારાનો મુખ્ય સવાલ બાકી જ હતો. બાપુજી હજી ઊંઘ્યા લાગતા નહોતા. અને એ જાગતા હોય ત્યાં સુધી એ પ્રશ્ન અંગે ફેલુદા સાથે વાત થાય તેમ નહોતી.

ધીમે ધીમે ધર્મશાળામાં થતી ચહલપહલ શાંત થતી જતી હતી. ઠંડી હતી એટલે આમે ય સૌ વહેલા સૂઈ જાય, એટલે બહાર પણ બધે સોપો પડી ગયો હતો. બત્તી બુઝાવી નાખેલી એટલે ઓરડામાં અંધકાર હતો, પણ બહાર ઓસરીમાં બળતા કોઈ ફાનસનો ઉજાસ અમારા બારણાના ઉંબરામાં પડતો હતો. ભોંય પર જાણે પટ કરતો એક આછો અવાજ થયો. ઉંદર-બુંદર હશે. બાપુજીને પણ હવે ઊંઘ આવી ગઈ લાગતી હતી. ધીરેથી મેં ફેલુદા તરફ પડખું ફેરવ્યું અને પછી બિલકુલ દબાતા અવાજે પૂછ્યું: 'પેલી અંગૂઠી જ હતીને ?'

થોડી વાર તો ફેલુદા ચૂપ જ રહ્યા. અંતે લાંબો શ્વાસ છોડી મારી જેમ જ ધીમા અવાજે બોલ્યા: 'તું જ્યારે જાણી જ ગયો છે તો હવે તારાથી છુપાવવાનો કોઈ અર્થ નથી. અંગૂઠી મારી પાસે જ છે, છેક પહેલેથી જ. તે દિવસે તમે સૌ ઊંઘી ગયા પછી ધીરુકાકાના ઓરડામાં ખીંટી પર લટકતા એમના પહેરણના ખિસ્સામાંથી ચાવી લઈ કબાટ ખોલીને મેં એ લઈ લીધી હતી. બૉક્સ રહેવા દીધું જેથી ખાતરી થાય કે અંગૂઠી જ ચોરાઈ છે.'

'પણ તમે શા માટે લીધી ?'

'કારણ કે એ ત્યાંથી ગુમ કરવાથી અસલ ચોર ઉશ્કેરાય, અને એથી એને પકડવો સરળ પડે.'

'તો પછી પેલો સંન્યાસી અંગૂઠી લેવા જ આવ્યો હશે ?'

'હા. પણ અંબિકાબાબુ નહિ. બીજો જે બનાવટી સાધુ હતો તે, પેલો ઍટચીકેસવાળો. એ અંગૂઠી ચોરવા જ આવ્યો હશે, પણ બહારથી ઘરમાં એક બીજા ભગવાંધારીને, એટલે કે વિલાસબાબુને જોઈ જતાં નાસી ગયો હશે. પછી ટાંગો કરી એ સ્ટેશને ગયો અને ત્યાં વેઇટિંગરૂમમાં એણે પોતાનો વેષ બદલી નાખ્યો હશે.'

'કોણ હશે એ ?'

'મને એક શક છે, પણ એ માટે હજી પુરાવો નથી મળ્યો.'

'આટલા દિવસથી તમે એ અંગૂઠી ખિસ્સામાં લઈને ફરો છો ?'

'ના. એક સલામત જગ્યાએ છુપાવી રાખી હતી.'

'ક્યાં ?'

'ભુલભુલૈયાના એક ગોખમાં.'

બાપ રે! શી બુદ્ધિ લડાવી હતી ફેલુદાએ! હવે સમજાયું કે ફરી એક વાર ફેલુદાએ ત્યાં જવાનું શા માટે પસંદ કર્યું હતું, અને ત્યાં એ શા માટે જુદા પડી ગયા હતા. છતાં મારા મનમાં એક પ્રશ્ન થયો, તે પૂછ્યો:

'પણ તમને ભુલભુલૈયાના પ્લાનની ક્યાં ખબર છે ?'

'પહેલી વખત ગયા ત્યારે તે માટે એક વ્યવસ્થા કરી લીધી હતી. મારા ડાબા હાથની ટચલી આંગળીનો નખ વધારેલો છે એ તો તને ખબર છે. પહેલે દિવસે જતી વખતે જ ભુલભુલૈયાની દરેક ગલીની શરૂઆતમાં ત્યાંની દીવાલ પર એ નખ વડે ઘસીને મેં એક બે ત્રણ એમ નંબર લખી રાખ્યા હતા. પછી સાત નંબરની ગલીના ગોખલામાં અંગૂઠી મૂકી આવ્યો હતો. ભુલભુલૈયામાં ફસાઈ ન પડાય એનું ધ્યાન રાખવામાં રત કોઈ તેના ગોખલા ફંફોસવા ન રોકાય, એટલે મને એ જગ્યા બિલકુલ સલામત લાગી હતી. પછી આપણે હરદ્વાર આવીએ અને અંગૂઠી ત્યાં લખનૌ રહી જાય એ મને ઠીક લાગ્યું નહિ, એટલે તે દિવસે ફરી જઈને લઈ આવ્યો.' મારી છાતી હવે ધડકવા લાગી. હું બોલ્યો: 'પણ બદમાશોને જો શક પડે કે અંગૂઠી તમારી પાસે જ છે તો ?'

'એમ શક પડવાથી શું વળે ? પુરાવો છે ? મને ખાતરી છે કે એને શક પડ્યો નથી. કારણ, એટલી બુદ્ધિ એનામાં નથી.'

'પણ તો પછી એ લોકો આમ તમારી પાછળ શા માટે લાગ્યા છે ?'

'કારણ કે અંગૂઠી મેળવવાનો મોહ એ છોડી શકતા નથી, અને એ લોકો જાણે છે કે જ્યાં સુધી હું છું ત્યાં સુધી એમના બધા પ્લાન બેકાર જવાના છે.'

'પણ...' મારું ગળું હવે લગભગ સુકાઈ ગયું હતું. જેમતેમ કરી થૂંક ગળે ઉતારી માંડ માંડ મેં વાક્ય પૂરું કર્યું, '...એનો અર્થ તો એ જ કે તમે હવે ભયંકર મુસીબતમાં ફસાઈ પડશો.'

'મુસીબતના મોંમાં ઝંપલાવવું એ તો ફેલુ મિત્તિરની ખાસિયત છે.'

'પણ...'

'હવે પણ-બણ ન કર. ચૂપચાપ ઊંઘી જા. સવારે વહેલા ઊઠવાનું છે.' અને એક ચપટી વગાડી મોટું બગાસું ખાઈ ફેલુદાએ પડખું ફેરવ્યું.

ધર્મશાળામાં હવે બિલકુલ શાંતિ હતી. દૂર ક્યાંક એક કૂતરું ભસ્યું. બાજુના ઓરડામાં બોલતાં નસકોરાંનો ઘરઘરાટ હજી સંભળાતો હતો. ઊંઘ આવે એવું લાગતું નહોતું. વળી ફેલુદાની દીવાસળી- (અનુ. પૃ. ૧૨)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક : પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

● પ્રકરણ ૩ : અર્વાચીનોમાં આદ્ય દલપતરામ ●

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

ફાર્બસની 'રાસમાળા' માટે દલપતરામ ઇતિહાસ અને સાહિત્યના ગ્રંથો શોધવાનો ઉદ્યમ કરતા હતા. એમાંથી એક સાર્વજનિક પુસ્તકાલનો વિચાર ઉદ્‌ભવ્યો. અને એમાંથી ફાર્બસને 'સોસાયટી—એક મંડળ—સ્થાપવાનો વિચાર આવ્યો. કેટલાક અંગ્રેજ મિત્રો સાથે મંત્રણા કરીને ફાર્બસે ઈ. ૧૮૪૮ની ૨૬મી ડિસેમ્બરે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના કરી. આરંભમાં તેમાં ૧૯ અંગ્રેજો અને માત્ર એક ગુજરાતી સભાસદ—ઇંગ્લિશ સ્કૂલના હેડમાસ્તર ભોગીલાલ પ્રાણવલ્લભદાસ—હતા. 'ગુજરાતી ભાષાસાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી' એ સોસાયટીનો ઉદ્દેશ હતો. એ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે વર્તમાનપત્રનું પ્રકાશન, પુસ્તકાલયની સ્થાપના, હસ્તપ્રતોનો સંગ્રહ, નિશાળોની સ્થાપના વગેરેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો.

દલપતરામ અંગ્રેજી જાણતા નહિ અને સોસાયટીનું સઘળું કામકાજ અંગ્રેજીમાં ચાલતું. એટલે દલપતરામ પરોક્ષરીતે ફાર્બસની આ શુભ પ્રવૃત્તિમાં સાથ આપતા. સોસાયટીની સ્થાપના પછી બીજે જ વર્ષે, ઇ. ૧૮૪૯ના મે માસની બીજી તારીખથી 'વરતમાન' નામનું છાપું સોસાયટીએ દર બુધવારે પ્રકટ કરવા માંડ્યું. આમ ગુજરાતમાં નવજાગ્રતિનો યુગ શરૂ થયો. ગુજરાતમાં પત્રકારત્વનાં બીજ આ વર્તમાનપત્રે વાવ્યાં.



'ગુજરાતી વાણી રાણીના વકીલ' કવિ દલપતરામ, મધ્ય વય

ઈ. ૧૮૪૯માં 'નેટિવ લાયબ્રેરી' નામથી પુસ્તકાલય સ્થપાયું. અલબત્ત, આરંભમાં અંગ્રેજ સભાસદો જ તેનો લાભ ઉઠાવતા. સોસાયટીના અને પુસ્તકાલયના લાભ લોકોને સમજાવવા માટે દલપતરામ નગરપર્યટન કરતા, સભાઓ યોજીને કેળવણીના પ્રસાર અંગે ભાષણો આપતા. નગરશેઠ હિમાભાઈનું કવિતાથી મનોરંજન કરીને પુસ્તકાલયના લાભ સમજાવીને તેમની પાસેથી દલપતરામ મોટી સહાય મેળવી શક્યા ને 'નેટિવ લાયબ્રેરી' એ પછી 'હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ' નામથી ઈ. ૧૮૫૭માં પ્રચલિત થઈ. શેઠાણી હરકુંવરની સહાયથી ૧૮૫૦માં કન્યાશાળા સ્થપાઈ અને ૧૮૫૮માં હરકુંવર કન્યાશાળાની નવી ઈમારતનો પાયો નખાયો. દલપતરામની શૈક્ષણિક પ્રવૃત્તિ વેગથી ચાલી રહી હતી. સોસાયટી તરફથી ઈનામી નિબંધોની સ્પર્ધા યોજવામાં આવતી હતી. ભૂત વિષેની એવી એક ઈનામી નિબંધસ્પર્ધામાં ફાર્બસની પ્રેરણાથી દલપતરામે ભાગ લીધો હતો અને તે ઈનામ જીત્યા હતા.

ફાર્બસ ઈ. ૧૮૫૪માં ત્રણ વર્ષની રજા લઈ વિલાયત ગયા ત્યારે સેક્રેટરી તરીકે ટી. બી. કર્ટિસે સોસાયટીનો વહીવટ સંભાળ્યો. એ સમયે દલપતરામને ફાર્બસે સાદરામાં સરકારી નોકરીમાં સ્થાપ્યા હતા. ફાર્બસ જતાં સોસાયટીનું નાવ ડામાડોળ થવા માંડ્યું હતું. આસિસ્ટન્ટ સેક્રેટરીઓ સોસાયટીમાં ઝાઝું ટકતા નહિ, સરકારી નોકરી માટે એ પદનો ઉપયોગ કરી લેતા. આથી કર્ટિસને દલપતરામનું સ્મરણ થયું. એને દલપતરામ સુપરિચિત હતા. સૂરતમાં તેમણે 'કુન્તરખાનની ચઢાઈ'નું પદ્યમાં વ્યાખ્યાન આપ્યું ત્યારે સભાપતિ કર્ટિસ હતા. દલપતરામને તેમણે સોસાયટીનું સુકાન સંભાળી લેવા વિનંતી કરી. દલપતરામ સરકારી નોકરી છોડવા ઉત્સુક નહોતા. કર્ટિસે ઇંગ્લૅન્ડમાં ફાર્બસને પોતાની અપીલ પહોંચાડી ને ફાર્બસની સૂચના મળતાં જ દલપતરામે કર્ટિસને પત્ર લખીને પોતાની સમતિ દર્શાવી. ઈ. ૧૮૫૫ની ૧લી જૂનથી દલપતરામ સોસાયટીના આસિસ્ટન્ટ સેક્રેટરી થયા. સોસાયટીની સ્થાપનામાં તેમનો હિસ્સો હતો જ. સોસાયટીમાં સભ્ય ન હોવા છતાં તેની સમગ્ર પ્રવૃત્તિ સાથે તે ફાર્બસને કારણે પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રીતે સંકળાએલા જ હતા. એટલે સોસાયટી તેમને સુપરિચિત હતી, સોસાયટીને દલપતરામ સુપરિચિત હતા. સોસાયટીની તેમણે પચીસ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક સેવા કરી.

સોસાયટી તરફથી મુખપત્ર તરીકે 'બુદ્ધિપ્રકાશ' પ્રકટ થતું હતું. સોસાયટીની સ્થાપના પછી 'બુદ્ધિપ્રકાશ' નામનું એક મંડળ અસ્તિત્વમાં આવ્યું હતું, અને એ મંડળ તરફથી 'બુદ્ધિપ્રકાશ' પાક્ષિક ઈ. ૧૮૫૦માં પ્રથમ વાર પ્રગટ થયું હતું, પરંતુ દોઢેક વર્ષમાં તે બંધ પડી ગયું. એ પછી ઈ. ૧૮૫૪માં વિદ્યાભ્યાસ મંડળ તરફથી ફરી તે માસિકરૂપે પ્રસિદ્ધ થવા માંડ્યું. એનો પ્રથમ અંક એપ્રિલમાં બહાર પડયો. એ મંડળે તરત જ તેનું સંચાલન સોસાયટીને સોંપી દીધું અને થોડો વખત અનુક્રમે તેનું સંપાદન આસિસ્ટન્ટ સેક્રેટરી હરિલાલ મોહનલાલે અને મગનલાલ વખતચંદે સંભાળ્યું. ઈ. ૧૮૫૫માં દલપતરામ તેના તંત્રી થયા અને 'બુદ્ધિપ્રકાશ'માં નવી જ રોનક આવી. દલપતરામ સાદરા હતા ત્યારે પણ 'બુદ્ધિપ્રકાશ'માં કંઈક ને કંઈક લખાણ મોકલતા રહેતા. તંત્રી થયા પછીના પ્રથમાંક જુલાઈમાં જ તેમણે પોતાનો સંકલ્પ પ્રગટ કર્યો કે 'આપણા

દેશના સુધારા અર્થે મ્હારા તન, મન અને ધનથી હું ખૂબ મહેનત લેવા ચાહું છું.'

એમણે સોસાયટીના આ મુખપત્ર દ્વારા પોતે નિવૃત્ત થયા ત્યાં સુધી સમાજશિક્ષણનું અને સંસાર-સુધારાનું મબલખ કાર્ય કર્યું. એમના લેખો અને જનમનરંજક કાવ્યો લોકો રસપૂર્વક વાંચતા ને સદ્‌બોધ પામતા. એમાં ઇતિહાસ, વિજ્ઞાન, સમાજ, સાહિત્ય અને ભાષા જોડણી વિષેના લેખો પણ આવતા. ગુજરાતમાં કેળવણી પ્રસારવામાં તથા સાંસ્કૃતિક ઘડતરમાં 'બુદ્ધિપ્રકાશ'નો અનન્ય ફાળો છે. ઈ. ૧૮૫૪થી આજ સુધી એ સતત પ્રકટ થતું રહ્યું છે. દલપતરામ પછી અનેક વિદ્વાનો, સાક્ષરો અને કવિઓએ તેનું તંત્રીપદ શોભાવ્યું છે. ગુજરાતી ભાષામાં પ્રકટ થતું એ જૂનામાં જૂનું માસિક છે.

સોસાયટીમાં રહીને દલપતરામે તેની પ્રવૃત્તિઓ વિશાળ પાયા પર વિકસાવી. લગભગ પચીસ વર્ષ સુધી તે સોસાયટી સાથે ઓતપ્રોત બની રહ્યા. 'ગુજરાતી વાણી રાણીના વકીલ' તરીકે ફાર્બસે સોસાયટી તરફથી તેમને જ વડોદરામાં મહારાજા ખંડેરાવના દરબારમાં મોકલ્યા હતા. અમદાવાદની હાઈસ્કૂલમાં અને ટ્રેઇનિંગ કૉલેજમાં દલપતરામ કવિતાશિક્ષણ પણ આપતા. નરસિંહરાવ દિવેટિયાને એમના વિદ્યાર્થી થવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું.

ઈ. ૧૮૫૭માં ગુજરાત વિભાગના કેળવણી અધિકારી હોપ તરફથી પ્રજાકેળવણી માટે વાચનમાળાની યોજના ઘડાઈ ત્યારે દલપતરામનું નામ જ તેમને સૂઝી રહ્યું. દલપતરામને છોડવા માટે સોસાયટી રાજી ન હતી; પણ છેવટે દલપતરામ એક દિવસ સોસાયટીમાં ને બીજે દિવસ વાચનમાળાની સમિતિમાં કામ કરે એવું સમાધાન કરવામાં આવ્યું. દલપતરામ વિના એ સમયે કોઈ સાંસ્કારિક કે શૈક્ષણિક પ્રવૃત્તિમાં પ્રાણ આવતો નહિ. સરકાર અને પ્રજા બંને દલપતરામનાં ગુણપૂજક હતાં. દલપતરામે વાચનમાળા સમિતિમાં જોડણીઓની પણ ચર્ચા કરી. વાચનમાળામાંની દલપતરામની કવિતાએ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતનાં લાખો બાળકોને રસિકતા ને સદ્‌બોધનાં મીઠાં પય પાયાં હતાં.

સોસાયટીમાં રહીને દલપતરામે પ્રાચીન કાવ્યગ્રંથોનું સંશોધન-સંપાદન કરીને 'કાવ્યદોહનો' પ્રકટ કર્યા એ તેમની કીમતી સેવા છે. સાહિત્યગ્રંથોના સંશોધનની પ્રવૃત્તિનો આરંભ ફાર્બસની પ્રેરણાથી દલપતરામે કર્યો.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં દલપતરામને જીવનનું કાર્ય જડી ગયું. સોસાયટીમાં રહીને તેમણે શિક્ષણપ્રસારની, સાહિત્યની અને સંસારસુધારાની પ્રવૃત્તિ નિષ્ઠા અને ખંતપૂર્વક વિકસાવી. માત્ર એક વાર ઈ. ૧૮૬૫માં દલપતરામે શેરસટ્ટાની મોહિનીમાં થોડાક માસ માટે સોસાયટીની સેવા છોડી. એ સમયગાળો બાદ કરતાં દલપતરામ ૧૮૭૯માં પોતે નેત્રવ્યાધિને કારણે નિવૃત્ત થયા ત્યાં સુધી સોસાયટીના આત્મારૂપ બની રહ્યા. દલપતરામની સેવાઓનું સ્મરણ કરીને સોસાયટીએ તેમને કીર્તિચંદ્રક આપ્યો ને પેન્શન બાંધી આપ્યું. ઈ. ૧૮૯૮માં ૨૫મી માર્ચે તેમનું અવસાન થયું. દલપતરામે જતનપૂર્વક ઉછેરેલી સોસાયટી ફૂલી-ફાલીને વીસમી સદીમાં એક મહાન સાંસ્કૃતિક સંસ્થા બની રહી. ઈ. ૧૯૪૮થી એ 'ગુજરાત વિદ્યાસભા' તરીકે પ્રચલિત છે.

દલપતરામ ઈ. ૧૮૫૪થી સોસાયટીમાં જોડાયા ત્યારથી એ ઈ. ૧૮૭૯માં નિવૃત્ત થયા ત્યાં સુધીનો પચીસેક વર્ષનો સમયગાળો ગુજરાતના સાંસ્કૃતિક વિકાસનો પ્રથમ તબક્કો ગણી શકાય. આ પચીસ વર્ષમાં દલપતરામે અને નર્મદે ખૂબ ઉત્સાહપૂર્વક સંસારસુધારાનું વાતાવરણ રચ્યું. નવજાગૃતિનું મોજું ચોમેર ફરી વળ્યું અને પ્રજા એક નવીન પ્રકારના ચાંચલ્યનો અનુભવ કરી રહી.


દલપતરામની કાવ્યપ્રવૃત્તિ

કિશોર વયથી દૂહલા અને પદ્યવાર્તાઓ જોડનાર દલપતરામમાં કાવ્યરચના માટે નિસર્ગદત્ત શક્તિ હતી. કવિપ્રકૃતિ હોવાને કારણે તો એમના પિતા ડાહ્યાભાઈ વેદિયાની વેદોચ્ચારની શિસ્તમાં બંધાવાનું તેમને ફાવ્યું નહિ. પિતા સાથે સંઘમાં પગપાળા પ્રવાસમાં પ્રકૃતિએ તેમનામાં રહેલા કવિત્વબીજને વિકસવા માટે ભૂમિકા પૂરી પાડી. વઢવાણમાં શેરીઓમાં વંચાતી શામળની પદ્યકથાઓએ તેમની કાવ્ય વિભાવના અને રુચિને ઘાટ આપ્યો. સ્વામીનારાયણીય દીક્ષા પછી દેવાનંદ તેમ જ અન્ય સાધુઓ પાસે વ્રજભાષાના કાવ્યગ્રંથોનો તેમણે અભ્યાસ કર્યો. તેમની કાવ્યરુચિ પર સ્વામીનારાયણ સંપ્રદાયની નીતિભાવનાના અને વ્રજભાષાની કવિતારીતિના પ્રબળ સંસ્કાર પડ્યા અને તે આદ્યંત જળવાઈ રહ્યા. દલપતરામે શીઘ્ર કવિતા રચવાનો મહાવરો પણ યુવાવસ્થાથી પાડવા માંડેલો. તીવ્ર સ્મરણશક્તિ, પ્રાસરચનાનું કૌશલ, અલંકારોનો વૈભવ, છંદપ્રભુત્વ, વિપુલ શબ્દભંડોળ આ સર્વ સાધનોથી તે સુસજ્જ હતા. સ્વામીની ચેષ્ટાનાં અનેક કવિતો તેમની શીઘ્ર કવિતારચનાનાં ફળ છે. કુસુમ ગઢવીને સ્વામીનારાયણના સભામંડપમાં દલપતરામે પોતાના શીઘ્ર કવિતાકૌશલના ચાતુર્યથી જ નિસ્તેજ કરી દીધો હતો.

પ્રકૃતિથી, પરંપરાથી અને અભ્યાસને કારણે દલપતરામને પદ્યની ફાવટ સહજ હતી. પદ્યનાં સર્વ અંગો પર તેમનું પ્રભુત્વ હતું. ગદ્યમાં દલપતરામની ગતિ શિથિલ જણાય, પરંતુ પદ્યરચનામાં એ પાણીમાં માછલું સરકે એમ સરકતા હતા. પદ્યમાં ભાષણો આપી શકે એટલી બધી સુસજ્જતા તેમનામાં હતી. અને એમનું પદ્ય શબ્દાર્થની ચમત્કૃતિથી યુક્ત, ચિત્રપ્રબંધોમાં રાચનારું, ઝડઝમકની ઝડી વરસાવનારું સહેજ સભારંજની હતું. વ્રજ ભાષાના કાવ્યગ્રંથોના પ્રબળ પ્રભાવનું જ એ પરિણામ હતું. શામળ પર પણ વ્રજ ભાષાનો જ ઘેરો રંગ હતો. દલપતરામના કાવ્યસંસ્કાર એમાંથી જ ઘડાયા, અને એ જ સ્વાભાવિક હતું. કારણ ગુજરાતમાં મંદિરોમાં ને રાજદરબારોમાં વ્રજ ભાષા એ જ સાહિત્યભાષા હતી. અને એ સમયે વ્રજ ભાષાનું ભાખારીતિનું જ શિક્ષણ કાવ્ય માટે સુલભ હતું. દલપતરામે વ્રજ ભાષામાં અનેક કવિતો અને દીર્ઘ કાવ્યરચનાઓ કરી હતી. પછી ફાર્બસની પ્રેરણાથી તે ગુજરાતી ભાષામાં લખવા તરફ વળ્યા.

દલપતરામ 'કાવ્યનું તત્ત્વ રસ છે' તે વાત સમજે છે, તેમનામાં કાવ્યકળા પ્રત્યે પ્રબળ અને સાચો ઉત્સાહ પણ છે, પરંતુ એમની દૃષ્ટિએ કાવ્યનો રસ ઝડઝમકભરી રચનાઓ દ્વારા સિદ્ધ થાય છે. એક પ્રસંગે નર્મદે તેમને મુંબાઈમાં પ્રશ્ન કરેલો કે ઉત્તમ કવિતા કોને કહેવી? દલપતરામે જવાબમાં કહેલું કે ઉત્તમ કવિતા તો તે કે જેના ફક્ત રાગ સાંભળવાથી પણ આપણા ગુજરાતીઓ તો શું પણ બીજી ભાષા જાણનારા પણ ખુશ થઈ જાય. અને તેમણે કવિતા સંભળાવી:
'તને રોકિ રહિ રાધિકા, રંગ લાગ્યો ઘણો રસિયા, રજની રહિ જ થોડી.'
નર્મદે પૂછ્યું: એમાં શું કવિતા આવી? ઘણા ર રૂ રા સાથે આવ્યા માટે?'
દલપતરામે કહ્યું: 'એ શું થોડી વાત છે?' ('મારી હકીકત'–નર્મદ. આવૃત્તિ, ઈ. ૧૯૩૪, પૃષ્ઠ ૬૫-૬૬)

દલપતરામને અંગ્રેજી શિક્ષણનો લાભ મળ્યો ન હતો. ફાર્બસના સહવાસમાં અર્વાચીન મૂલ્યોનો અને સહેજસાજ અંગ્રેજી સાહિત્યનો પરિચય તેમને મળ્યો હતો. ફાર્બસ શિલ્પવિદ્યાનો અભ્યાસી, ઇતિહાસરસિક જીવ હતો. એ જો સાહિત્યના તરવરાટવાળો પંડિત હોત તો દલપતરામની કવિતા વિષેની રુચિ ને સૂઝ કદાચ રૂડી પેરે વિકસી શક્યાં હોત. પણ એ ઊંચી સાહિત્યરસિકતા ધરાવતો હોત તો દલપતરામની જોડકણાં જેવી હિંદી કવિતાથી તે પ્રથમ મુલાકાતે રીઝ્યો હોત ખરો?



वरतमान

पत्रनंबर. ४

અમદાવાદ ગુજરાત વર્નાક્યુલર સોસાએટીએ પ્રકટ કરેલા તળ ગુજરાતના સૌ પ્રથમ ગુજરાતી વર્તમાનપત્રનું (ગુજરાત વિદ્યાસભા-અમદાવાદના સંગ્રહમાંનું) જૂનામાં જૂનું અસ્તિત્વ ધરાવતું પાનું.

દલપતરામને કદાચ એનું ગુરુપદ મળ્યું જ ન હોત. ગમે તેમ, પણ અંગ્રેજી શિક્ષણ વિના ઊણા રહી ગએલા દલપતરામની કવિતા ભાખારીતિમાં જ રચી. અલબત્ત એમની કાવ્ય કળાની મર્યાદા માટે તત્કાલીન ગુજરાતનું કલામાનસ પણ જવાબદાર ગણાય. તેમ છતાં જ્યારે કવિતા વિષે નવી દૃષ્ટિ ખીલવા માંડી ત્યારે પણ દલપતરામ પોતાની સીમા છોડીને નવી કાવ્યરીતિ સાથે કદમ મિલાવી શકયા નહિ એ તેની ઊણપ ગણાય.

દલપતરામે ઈ. ૧૮૪૫માં પહેલી કાવ્યરચના 'બાપાની પીપર' કરી ત્યારથી પચાસેક વર્ષના વિશાળ સમયપટ પર તેમની કાવ્યપ્રવૃત્તિ વિસ્તરી છે. એમણે ગુજરાતીમાં તો વિપુલપણે કાવ્યરચનાઓ કરી જ છે, પરંતુ વ્રજ ભાષામાં પણ આસાનીથી તેમની કલમ વિચરી છે. 'જ્ઞાનચાતુરી', 'શ્રવણાખ્યાન', 'પુરુષોત્તમ ચરિત્ર' એ તેમની વ્રજ ભાષામાં રચાએલી કૃતિઓ છે. તદુપરાંત ધ્રાંગધ્રા રાજ્યના આમંત્રણથી તેમણે મધ્યકાલીન સાહિત્યની એક કૃતિ 'પ્રવીણ સાગર'માં ખૂટતી બાર કડી મૂળ વ્રજ ભાષામાં જ ઉમેરી આપેલી અને એ કૃતિનું ગુજરાતી ભાષાંતર પણ કરી આપ્યું હતું.

દલપતરામે ગુજરાતીમાં પ્રથમ વાર સ્વતંત્ર પિંગળની રચના કરી એ અર્વાચીન ગુજરાતી કવિતાના ઇતિહાસમાં મોટી ઘટના ગણાય. સંસ્કૃત છંદોનો ગુજરાતી કવિતામાં ઉપયોગ કરી દેખાડીને તેમણે તે છંદોની ગુજરાતી ભાષા માટે અનુકૂળતા સિદ્ધ કરી આપી. માત્રામેળ તો તેમણે પાર વિનાના પ્રયોજ્યા છે. સમયની જરૂરિયાત સમજી જઇને તેમણે કાવ્યમાં અનેક રૂપ અને વિપુલ વિષયો ખેડયાં. નાનાં બાળકાવ્યો—કાવ્યકથાના રૂપથી માંડીને તેમણે 'હુન્નરખાનની ચડાઇ' અને 'વેનચરિત્ર' સુધીનાં સુદીર્ઘ કાવ્યો રચ્યાં છે, અને સમકાલીન સમાજની લગભગ દરેક પ્રવૃત્તિ તેમનાં કાવ્યોમાં વિષય બની છે. એથી તો સુંદરમે એમની કવિતાપ્રવૃત્તિમાં 'સામાજિક વિષયોનું કૅટલૉગ' નિહાળ્યું છે. દલપતરામની કવિતા આમ લોકાભિમુખતાની નવી દિશામાં ગતિ કરવા માંડે છે. નવા વિષય, નવાં કાવ્યસ્વરૂપ અને નવાં વલણો—આનોનું પ્રથમ સુભગ દર્શન અર્વાચીન યુગમાં દલપતરામની કવિતામાં થાય છે.

દલપતરામનાં બાળકાવ્યો

બાળકોના શિક્ષણ માટે ગુજરાતીમાં હોપ વાચનમાળા ઈ. ૧૮૫૯માં પ્રકટ થઈ ત્યારથી જાણે કે બાળકાવ્યોનું પરોઢ ઊઘડયું. એ વાચનમાળામાંનાં દલપતરામનાં બાળકાવ્યોએ તો આબાલવૃદ્ધ સર્વ પર કામણ કર્યું. ઈ. ૧૯૦૭માં નવી સરકારી વાચનમાળા આવી ત્યાં સુધી ગુજરાતનાં બાળકો દલપત-કાવ્યનાં દૂધ પીને ઊછર્યાં. બાળકોનાં ચિત્તને રુચે અને ઘડે તેવી કવિતા રચવાનું દલપતરામને સહજ છે. ભાષાની સરળતા, બાળકોને મનપસંદ છંદ, ચાતુર્ય, વિનોદ, દુનિયાદારીનો થોડો બોધ, કથારસ, ચમત્કૃતિ, સુમધુર ને સચોટ પ્રાસરચના એ એમનાં બાળકાવ્યોનાં પ્રધાન લક્ષણ છે. એમાં ય વિનોદ અને શબ્દાર્થની ચમત્કૃતિ એ એમનાં બાળકાવ્યોની આગવી વિશેષતા છે. સુંદરમે જેને કાવ્યકથા તરીકે ઓળખાવ્યાં છે તે બાળકો-કિશોરો અને પ્રૌઢો માટે પણ મનોરંજન ને બોધ પૂરાં પાડે તેવાં છે. 'ઊંટ કહે' કાવ્યમાં પશુઓની સભામાં ઊંટ અન્ય પશુઓની ખોડખાંપણ શોધે છે ત્યારે શિયાળ તેને માર્મિક ઉત્તર વાળે છે:

'અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે.'

'શરણાઈવાળો' કાવ્યમાં શેઠની કૃપણતા અને ચતુરાઈ બંને ચમત્કારક રીતે છેલ્લી બે પંક્તિમાં પ્રગટ થાય છે:

'પોલું છે તે વાગ્યું તેમાં કરી તેં શી કારીગરી,

'ભોળો ભાભો' કવિતામાંથી એક દૃષ્ટાંત ટાંકીએ :

એવે સમે ઊંટ આવી ખેતરમાં ખાવા લાગ્યો,
ભોળો ભાભો થાળી ડોકી તેને બીવરાવે છે;
ત્યારે બોલ્યો ઊંટ મારે માથે તો ત્રબાળું ગાજે,
ડાહ્યો થાળી ડોકે તે લેખામાં કોણ લાવે છે

દલપતરામનાં વાચનમાળાનાં કાવ્યો બોધલક્ષી છે તેમ છતાં એમાંનો કથારસ ગમે ત્યારે સહુ કોઇને આસ્વાદ્ય નીવડે તેવો છે. 'એક અડપલો છોકરો, જીવો એનું નામ', 'માખી બોલી મુખ થકી પ્યારા બચ્ચા પાસ' 'વાડામાંથી પાડું એક, છૂટું થઇને નાઠું છેક' એ બાળકોને સહેજે રોચક બને તેવી બોધક ટીકડી છે. દલપતરામે એમનાં બાળકાવ્યોમાં કીડી અને માખીથી માંડીને શિયાળ, ઊંટ, સિંહ અને નાગ સુધીની સૃષ્ટિ સમાવી દીધી છે. દલપતરામ અર્વાચીન યુગમાં 'પંચતંત્ર'કારની કુશળતાથી કથામાં બોધ વણી લે છે. એમની કેટલીય બોધક પંક્તિઓ ગુજરાતી ભાષામાં કહેવતરૂપ બની ગઈ છે. 'કીડી અને સાપ'ની બે પંક્તિઓ જોઇએ :

ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર,
કીડી કાળા નાગનો પ્રાણ જ લે આ પેર.

'મૂર્ખાઈ વિશે'ની પહેલી પંક્તિ જોઇએ :

'મૂરખ માથે શીંગડાં, નહિ નિશાની હોય.'

ઇશ્વર વિષેનાં બાળકાવ્યોમાં—

ઓ ઈશ્વર તું એક છે, સરજ્યો તેં સંસાર

અને

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;
ઘાસચાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ.

—જેવી પંક્તિઓ બાળકોના કંઠમાં સહેજે ગુંજતી થઈ જાય તેવી સરળ ને રોચક છે. દલપતરામનાં કાવ્યોમાંથી એકાદ નાનો બાળકાવ્યોનો સંગ્રહ ખુશીથી કરી શકાય. એમની પછી 'કાવ્યકથા'નું સ્વરૂપ વિપુલપણે ખેડાયું નથી. આપણા એક વિદ્વાન જહાંગીર સંજાણાએ દલપતરામનાં બાળકાવ્યોની લાક્ષણિકતાઓથી મુગ્ધ થઇને નોંધ્યું છે : 'As an objective poet, and as moralist, fabulist and humorist, he stands in the class of Sa'di and Chaucer and the author of Panchatantra.' (Studies in Gujarti Literature, 1950, P. 106)

ગરબીઓ, ગીતો અને પદો

દલપતરામનું કલામાનસ મધ્યકાલીન કાવ્યરીતિથી ઘડાએલું છે. એમની ગરબીઓમાં ને એમનાં ગીતોમાં—પદોમાં મધ્યકાલીન કવિતા સાથેનું એમનું અનુસંધાન સ્પષ્ટ જણાય છે. તેમણે જૂના ઢાળ પસંદ કરીને સમકાલીન સમાજના વિષયો પર અનેક ગરબીઓ રચી છે. એ ગરબીઓમાં દલપતરામની શક્તિ કેટલીક વાર એમના કવિત્વનું ખૂબ ઊંચું સ્તર પ્રગટ કરે છે. એમનો લોકજીવનનો ને તેમાં ય સ્ત્રીસમાજ સાથેનો પરિચય કેવો નિકટનો હતો તેની પ્રતીતિ એમની ગરબીઓમાં થાય છે. પોતાના વક્તવ્ય માટે આકર્ષક, મનોહર દૃષ્ટાંતો યોજવાની એમની કુશળતા અપૂર્વ છે. દલપતરામના જીવનકાર્યના સારરૂપ એમની સંસારસુધારા વિષેની ગરબી ખૂબ પ્રસિદ્ધ છે :

સજન ! સંભળાવજો, ધીરે ધીરે સુધારાનો સાર;
લાખો કીડી પર લાડવો આખો મેલિયે તો મરી જાય,
ભૂકો કરી ભભરાવિયે તો તે ખાસી રીતે ખાય.

—સજન સંભળાવજો૦

માંકડાં લઇને માનવી બેઠા નાવમાં દઇને નૂર;
ભડકાવે તો તે અભાગિયાં પડે ફરી પાણીને પૂર.

—સજન ! સંભળાવજો૦

રીબી' પણ એવી જ પ્રસિદ્ધ છે. 'બુદ્ધિપ્રકાશ'માં આવી રચનાએ પ્રકટ કરીને કવિ મનોરંજન સાથે સંસારસુધારો પ્રબોધતા હતા. 'સુધારાની ચઢાઈની ગરબી' પણ આ સંદર્ભમાં ધ્યાનપાત્ર છે :

સુધારો રાણો રણમાં ચડયો રે, ફાવે તેવી લઇને ફોજ;
વેરી વહેમની ઉપરે રે, ગુસ્સો લાવી ચિત્ત ઘણો જ;

—પડઘમ લાગે રસ પૂરમાં રે

નકશા નૌતમ વાવટા રે, નિશાળ રણભૂમિ નિરધાર,
પલટણ બાળક ને બાળકી રે, શિક્ષક શાણા સરદાર;
લેખણ રૂપી ભાલા ભલા રે, સાલે શત્રુને થઈ સાલ;
બખતર ટેકનાં બનાવિયાં રે, ધારી ધીરજ રૂપી ઢાલ.

એમની ઉચ્ચ કલ્પનાશક્તિનાં દૃષ્ટાંત માટે 'આકાશ તથા કાળની ગરબી'ની કેટલીક પંક્તિઓ નોંધીએ :

મણિઓની પહેરી માળા રે, કહે સૈયર તે કોણ હશે ?
... ...
વળી વસ્ત્ર ધર્યાં વાદળિયાં રે, કહે સૈયર તે કોણ હશે ?
બે ગોળ ધર્યા માદળિયાં રે, જ્યાં જોઉં ત્યાં વાસ વસે.
છે પવન પાવડી પાસે રે, કહે સૈયર તે કોણ હશે ?

દલપતરામ એમના સમયમાં શેરબજારનો ઉન્માદ ફાટી નીકળ્યો હતો તેમાં સપડાયા હતા અને માંડ દ્રમતા બચ્યા હતા. એ અનુભવમાંથી તેમણે રચેલી ગરબીઓ પણ સ-રસ શ્લેષાત્મક છે :

ગયા શિકારે શેરને, શિકારના કરનાર;
ત્યાં સામો શેરે કર્યો, શિકારીનો જ શિકાર.

દલપતરામે પ્રેમનો વિષય પણ સ્પર્શ્યો છે. એમના પર શૃંગારની ભડક હોવાનો આક્ષેપ મુકાયો છે પણ 'માંગલિક ગીતાવલી'નાં ગીતોમાં દલપતરામને રોમૅન્ટિક તરીકે જોવાનો લહાવો મળે છે. કવિ વરરાજાનું વર્ણન કરતાં કલ્પે છે :

લાડડાનું નીરખવાને મુખડું રે રવિચંદ્ર ભમે છે આકાશ.

કન્યાનું વર્ણન પણ રમણીય અને સુરેખ છે :

બાંહે બાંધ્યા બેરખા ને વળી બાજુ રે,
શોભે ગોરા ગાલ ઉપર કુમકુમ ત્રાજું રે.

'માંગલિક ગીતાવલી'માં દામ્પત્યપ્રેમની મધુરતા પ્રકટ થઈ છે. યુવાહૃદયનાં અરમાનો પ્રકટ કરવામાં કવિની કલ્પના પણ જરા રંગમાં આવી છે. રામસીતાના વિયોગને અનુલક્ષીને રામના પત્ર રૂપે રચાએલી ગરબીમાં કવિ વિરહભાવને પણ સંયમથી અને અસરકારક રીતે નિરૂપી શકયા છે :

ગોરાંદે ! તારા ગુણ કેમ વીસરે રે, કેમ વીસરે વ્હાલપભર્યાં વેણ;
હેતે હસતું વદન તારું વનિતા, મારાં નીરખવા તલખે બે નેણ.
દિવસે તુજ વિના દિલમાં ગોઠે નહીં, પીવું પાણી કે જમવું અનાજ;
રાતે રોઈ રોઈ આંખો રાતી થઈ, લોક પૂછે તો આવે લાજ.

એમના 'મહિના' વિષેના પદમાં પણ એ વિપ્રલમ્ભ શૃંગારને રમણીય પંક્તિઓમાં આલેખી શકયા છે

વાવલીયા વ્હાયા રે પિયું વૈશાખના,
રજ ઊડે ને માણેક મેલું થાય જો;
નાથડીનું મોતી રે હીરા હારનો,
કહો પર હાથે કેમ તે ધાર્યો જાય જો.

પ્રીતિ વિષેની તેમની હોરીઓમાં 'દરદ દિલ દરદીનું દરદી જ જાણે' 'ઘરે આવો વસંતવિલાસ' વગેરે આરંભની પંક્તિઓ આકર્ષક છે પણ આગળ જતાં એ ઊર્મિનો ઉછાળો નરમ પડી જાય છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૦ પર)





ઉપર તથા નીચે : લોક જનસમૂહ અને તેમનાં જીવનમાંથી કરેલાં રંગીન ત્વરિતાલેખનો

કલાવાર્તા

કલાકાર બલવન્ત જોષી

કલાકાર મગનલાલ ત્રિવેદીનાં ચિત્રસર્જનોથી 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. દેશનું વિભાજન થતાં કરાંચી છોડી સૌરાષ્ટ્રમાં આવીને એમણે રાજકોટ મુકામે પોતાના ચિત્ર-સ્ટુડિયો સાથે 'સૌરાષ્ટ્ર ચિત્રશાળા' શરૂ કરી અને એ વિસ્તારની કલાપ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેવા સાથે એમણે જે અનેક નવા ચિત્રકારો ઘડયા તેમાંના એક ભાઈ બલવંત જોષીએ આ છેલ્લા દાયકામાં કલાક્ષેત્રે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

તાજેતરમાં જ—ગયા નવેમ્બર માસમાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની સહાયથી એમનાં ૪૫ નવાં ચિત્રોનું એક પ્રદર્શન યોજાયું હતું. આ જ માસમાં ઉજ્જૈનમાં યોજાએલા મહાકવિ કાલિદાસના 'રઘુવંશ' પરનાં ચિત્રોના પ્રદર્શનમાં પણ એમની ચિત્રકૃતિને અત્યંત પ્રશંસનીય કૃતિ તરીકેનું પારિતોષિક મળ્યું.



ગોંડલના એક સંસ્કારી બ્રાહ્મણ ને શાળાના આચાર્ય અંબાશંકર જોષીના એ પુત્ર. ઈ. ૧૯૨૮ની ૫મી નવેમ્બરે ચોટીલામાં એમનો જન્મ થએલો. ગુજરાતના જાણીતા લેખક સ્વ. 'ધૂમકેતુ'ના એ ભત્રીજા થાય. મૅટ્રિક પાસ કર્યા પછી પાંચેક વર્ષ સુધી એમણે સૌરાષ્ટ્ર ચિત્રશાળા-





ભરવાડો · તાજેતરમાં જહાંગીર આર્ટ ગૅલેરીમાં પ્રદર્શિત કરેલું એક ચિત્ર.

માં ચિત્રકામની તાલીમ લઈ મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં વધુ અભ્યાસ કરી ૧૯૫૮માં ચિત્રકળાનો ડિપ્લોમા મેળવ્યો, ને ૧૯૬૫માં ગુજરાત રાજ્યની આર્ટ માસ્ટરની પરીક્ષા પણ એમણે પહેલા નંબરે પાસ કરી. હાલમાં ચિત્રશિક્ષણ આપવા સાથે પોતાની કલાસાધનાને પણ આગળ વધારી વિવિધ કલા-પ્રદર્શનોમાં તેઓ ભાગ લેતા રહ્યા છે, એટલું જ નહિ, તેમાં પ્રશંસા અને પારિતોષિકો પણ મેળવતા રહ્યા છે. નવી દિલ્હીમાં ૧૯૫૭માં યોજાએલા રાષ્ટ્રીય કલા-પ્રદર્શનમાં 'તુલસી વિવાહ' નામના એમના ચિત્રને પ્રશંસાપત્ર મળવા ઉપરાંત રાષ્ટ્રીય સંગ્રહાલય માટે એ ચિત્ર ખરીદાઇ ગયું હતું. ગુજરાત રાજ્ય કલા-પ્રદર્શન (૧૯૬૨)માં એમની કૃતિને બીજું ઈનામ મળેલું. ૧૯૭૩માં એમને સર્વોત્તમ કલા-શિક્ષક તરીકેનું ગુજરાત રાજ્યનું પારિતોષિક પણ મળેલું. નવી દિલ્હીની 'ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી'ના કલા-પ્રદર્શનમાં પણ એમને ઈનામ મળેલું. ૧૯૭૭માં ઉજ્જૈનમાં યોજાએલા મહાકવિ કાલિદાસ સમારોહ પ્રસંગે કાલિદાસના 'કુમારસંભવ' પરના ચિત્રપ્રદર્શનમાં એમના ચિત્રને પારિતોષિક મળેલું ને વિક્રમ વિશ્વવિદ્યાલયે તે પોતાના ચિત્રસંગ્રહ માટે ખરીદી લીધેલું. નવી દિલ્હીની લલિતકલા અકાદમીના ચિત્રસંગ્રહમાં પણ એમની કૃતિ ચૂંટાઈ છે. આ ઉપરાંત, અમદાવાદ, કલકત્તા, મુંબાઈ, અમેરિકા, ઇંગ્લૅન્ડ ને કૅનૅડા સુધી એમનાં ચિત્રો ખરીદાયાં છે. ૧૯૭૭માં રાજકોટમાં એમણે પોતાની કૃતિઓનું પહેલું વૈયક્તિક પ્રદર્શન કરેલું.

લોકશૈલીથી પ્રભાવિત પોતાની ચિત્ર:પરિપાટિમાં એમણે પોતાની સર્જનશક્તિ દ્વારા આગવી પ્રતિભાનો પરિચય આપ્યો છે. આ અંકના પૂઠા પરનું 'નાગદમન' ચિત્ર એમની એ કલાપ્રતિભાનું દ્યોતક છે. □



ટિકિટ-સંગ્રહ

આ વર્ષ-૧૯૮૦ની બ્રિટનની આ પહેલી જ ચાર ખાસ ટપાલટિકિટો છે. પોતાને ત્યાંનાં વન્ય પક્ષીઓના સંરક્ષણાર્થે ઈ. ૧૮૮૦માં ઘડાએલા કાયદાની શતાબ્દી નિમિત્તે પક્ષીઓનાં ચિત્રોવાળી આઠ ખાસ બહુરંગી ટિકિટોમાંની આ પહેલી ચાર ટિકિટો પર એ કાયદાને કારણે જળવાઈ રહેલાં અને સંખ્યામાં વૃદ્ધિ પામેલાં ચાર સુંદર જળ પક્ષીઓનાં ચિત્રો છે. વન્ય પક્ષીપ્રાણીના નિષ્ણાત વ્યવસાયી ચિત્રકાર મિશેલ વૉરેનનો ટપાલટિકિટોનાં ડિઝાઈન બનાવવાનો આ પહેલો જ પ્રયાસ છે, પણ તેમાં તેમણે પોતાની કલાશક્તિનો અચ્છો પરિચય આપ્યો છે. આ જ વર્ષ દરમિયાન લિવરપૂલ-માંચેસ્ટર રેલવેની ૧૪૦મી જયંતી નિમિત્તની પાંચ, લંડનની લાક્ષણિકતાઓ રજૂ કરતી ટિકિટો તથા એક મિનિયેચર શીટ, પ્રસિદ્ધ વ્યક્તિવિશેષો, બ્રિટિશ સંગીતકારો અને ક્રિસ્ટમસ નિમિત્તની ખાસ ટિકિટો બ્રિટનમાં બહાર પડવાની છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી—લંડન)

સાહિત્યસંપર્ક

બે ગ્રંથસ્થ લેખમાળા

ધીરુ પરીખ

૧–અભિનંદનીય સાહસ

અંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ ગુજરાતીમાં નિરૂપવો એ સાહસ તો ખરું જ, અને વળી એ નિરૂપનાર અંગ્રેજી વિષયના અધ્યાપક ન હોય ત્યારે તો એ બેવડું સાહસ બને છે. આ બેવડું સાહસ એટલે ડૉ. મધુસૂદન પારેખ લિખિત પુસ્તક 'અંગ્રેજી સાહિત્યનું આચમન'. પ્રસ્તુત પુસ્તકમાં અંગ્રેજી સાહિત્યના આરંભકાળથી મિલ્ટન સુધીના ગાળાને આવરી લેવાયો છે. અંગ્રેજી સાહિત્યની પૂર્વભૂમિકાથી આરંભી 'પૅરૅડાઈઝ લૉસ્ટ' અને ત્યાર પછીની ગતિવિધિ અહીં પ્રવાહી શૈલીમાં આલેખાઈ છે. આ ગાળાના પ્રમુખ સર્જકો અને પ્રમુખ પ્રવાહોનો સસંદર્ભ ને સવિગત ખયાલ આપવામાં આવ્યો છે. શેક્સપીઅર વિષે તો લગભગ આખો ચોથો ખંડ આમાં ફાળવવામાં આવ્યો છે તે આ પ્રકારના ઇતિહાસલેખકની વિવેકસૂઝનો નમૂનો છે.

સમગ્ર પુસ્તક જેઓ સીધું અંગ્રેજી વાંચી શકતા નથી તેમને માટે તો, શીર્ષકમાં જણાવ્યું છે તેમ, અંગ્રેજી સાહિત્યનું અદ્યેય આચમન કરાવી રહે છે. આ ઉપરાંત પણ આ પુસ્તકનું આજના તબક્કે એક આગવું શૈક્ષણિક મૂલ્ય છે. આજે મહાશાળામાં અંગ્રેજીનો વિષય લઇને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મૂળ અંગ્રેજી ગ્રંથોનો સદુપયોગ ઓછા કરી શકે તેવી અંગ્રેજીના જ્ઞાનની દુઃખદ સ્થિતિ પ્રવર્તે છે ત્યારે માતૃભાષામાં નિરૂપાએલો આ ગ્રંથ અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વને અભાવે અનેક સંદર્ભોથી વંચિત રહેનાર વિદ્યાર્થીઓને તો મોટા આશ્વાસનરૂપ બની રહેશે.

ગ્રંથમાં ઠેકાણે ઠેકાણે મૂકવામાં આવેલાં ચિત્રો પણ એની શૈક્ષણિક ને દસ્તાવેજી મૂલ્યવત્તામાં ઉમેરો કરે છે. વચ્ચે વચ્ચે યથાસ્થાને આવતી મૂળ અંગ્રેજી પંક્તિઓ તે તે સર્જક કે સર્જનની સાચી ગુણવત્તા રજૂ કરી વાચકને મૂળમાં વધુ આગળ પ્રવાસ કરવાની જિજ્ઞાસા જગાડી જાય તેવી છે. અગાઉ આ જ સામયિકમાં નિયમિત રીતે પ્રતિમાસ ચાલેલી આ લેખમાળા આમ ગ્રંથસ્થ થાય છે ત્યારે સહુ સાહિત્યરસિકને માટે એ સમુલ્લાસમયી ઘટના બની રહે છે; કારણ કે આ પ્રકારનું આપણી ભાષામાં આ પ્રથમ જ પ્રકાશન છે. આશા રાખવી રહી કે ડૉ. મધુસૂદન પારેખ મિલ્ટનથી આગળ અર્વાચીન કાળ સુધી આ લેખમાળા પૂરી કરે તો એક પરમ સાહિત્યિક તર્પણ થશે. (પ્રકા૦ કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧. કાચું પૂઠું, 'કુમાર'માં આવેલી એ જ રૂપે ખીચોખીચ ઝીણાં બીબાંમાં, પૃ. ૧૨૪, રૂ. ૧૫.)

૨–પ્રાણીપ્રેમનો પુરાવો

કોઈ પણ વિષયમાં એના શૈક્ષણિક નિષ્ણાતની કલમ ઘૂમી વળે એ તો સહજ પ્રવૃત્તિ ગણાય. પણ જ્યારે શૈક્ષણિક તાલીમ કે વ્યવસાય વગર માત્ર શોખથી જ કોઈ વિષયને આત્મસાત્ કરી તેમાં કલમ ચલાવવી તે સર્જકની વિષયપ્રીતિ સૂચવે છે. શ્રી હરિનારાયણ આચાર્યે વર્ષો પહેલાં 'કુમાર'માં 'વનેચર'ના તખલ્લુસથી 'વનવગડાનાં વાસી' નામે સરળ શૈલીમાં શાસ્ત્રીય જ્ઞાન આપતી લેખમાળા શરૂ કરી હતી. તેને ગુજરાત વિદ્યાસભાએ ગ્રંથસ્થ કરીને આ* પુસ્તક રૂપે પ્રકટ કરી છે તે પ્રાણીપ્રેમીઓને ઉપકારક થશે. સમગ્ર પુસ્તક ચાર ખંડોમાં વહેંચાયેલું છે : ૧) પશુઓ, ૨) પક્ષીઓ, ૩) સરીસૃપ (પેટે ચાલનારાં પ્રાણીઓ) અને ૪) પ્રકીર્ણ. પ્રથમ ખંડમાં જળબિલાડી, શિયાળ, શાહુડી, આમાચીડિયાં વગેરેનો પરિચય છે, તો બીજા ખંડમાં ગરુડ, શમળી, બપૈયો, ચાતક, દેવચકલી, હોલો, પોપટ, લક્કડખોદ વગેરેનો પરિચય આપવામાં આવ્યો છે. ત્રીજા ખંડમાં વિવિધ સર્પો, ખડચીતળો વગેરે પેટે ચાલનારાંનો પરિચય અપાયો છે તો ચોથા ખંડમાં પતંગિયાં તથા કરોળિયા જેવાંનો પરિચય કરાવાયો છે. વળી, જે પરિશિષ્ટ આપવામાં આવ્યું છે તેમાં ઉત્તર ગુજરાતનાં પ્રાણીઓ અને તેમના વંશો વિષે સારી વિગતો રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત પુસ્તકના અંત ભાગે અંગ્રેજી–ગુજરાતી શબ્દસૂચિ તેમ જ ઊંડા અભ્યાસના પરિણામરૂપ કીમતી શાસ્ત્રીય વર્ગીકરણનો સમાવેશ કર્યો છે.

આખું ય પુસ્તક શાસ્ત્રીય આળપંપાળથી બચીને ચાલ્યું છે તેથી સામાન્ય વાચકને એ ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી થાય તેવું છે. લેખકની લખાવટ સરળ અને પ્રવાહી રહી છે. પરિણામે કોઈ રોમાંચક વાચનનો અનુભવ કરાવી રહે છે. લેખકે અનેક સ્થળે ગુજરાતી સાથે અંગ્રેજી પર્યાયો પણ આપ્યા છે, જે વિષયને સમજવામાં ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. અનેક સંદર્ભોથી ખચિત આ પુસ્તકમાં લેખક-

શબ્દકથા: અખિયાણું · અખિયાતું · આખું

અખિયાણું આપવું, એ પરંપરા પ્રમાણે ઊજવાતા મંગળ પ્રસંગે જોવા મળતી પ્રથા કે રિવાજ છે. વિવાહ વગેરે પ્રસંગે ગોર, વસવાયા વગેરેને ભેટ તરીકે જે ચોખા વગેરે અપાય છે તે अखियाणु કહેવાય છે. આ પ્રકારની ભેટ કે લહાણા માટે સંસ્કૃતમાં वायन શબ્દ છે ખરો. 'જોડણીકોશ' अखियाणुंના મૂળ તરીકે अक्षतवायन આપ્યો છે. પણ પ્રાકૃત રૂપ अक्खयवायणમાંથી થયો હોવાનું માનવામાં મુશ્કેલી એ છે કે આવી પરિસ્થિતિમાં વકારનો લોપ થયેલો નથી. 'બૃહત ગુજરાતી કોશ'માં आख्यानकને મૂળ તરીકે આપ્યો છે, તેમાં તો ધ્વનિની તેમ જ અર્થની બંને દૃષ્ટિએ મોટી મુશ્કેલીઓ છે.

'ચતુર્વર્ગચિન્તામણિ'માં अक्षत–दान એવો સમાસ વપરાયો છે. ब्राह्मणपाणिषु उदक-पुष्प–अक्षत–दानानि यज्ञोपवीतिना कार्याणि 'જનોઈ લીધી હોય તેણે બ્રાહ્મણના હાથમાં જળ અને ફૂલ સાથે "અક્ષત"નું દાન કરવું.' આમ સં. अक्षतदानकम्, પ્રા. अक्खयआणअ અને તે ઉપરથી अखियाणुं સ્વાભાવિક રીતે સિદ્ધ થાય છે.

अक्षत શબ્દ સંસ્કૃતમાં વિવિધ અર્થમાં વપરાયો છે: ભાંગ્યા વિનાના—આખા (ભૂંજેલા કે કાચા) જવ, ચોખા કે કોઈ પણ અનાજના દાણા. પણ પાછળના સમયમાં अक्षत 'આખા ચોખા'ના અર્થમાં રૂઢ થયો છે. અને અખિયાણામાં ચોખાનો પહેલાં સમાવેશ થતો (ઘઉં વગેરે આપવાનું પાછળથી થયું) એટલે अक्षतदान બરાબર બંધ બેસે છે. વળી જેને નજર લાગી હોય તેના પરથી દાણા ઉતારવાની ક્રિયા आखी કહેવાય છે. તેનો પણ अक्षत, अक्खय સાથે સંબંધ જણાય છે.

अक्षत 'અખંડ' ઉપરથી પ્રા. अक्खय અને તે પરથી ગુજ. आखुं–એમ સ્વતંત્રપણે ગુજરાતીમાં ઊતરી આવ્યો છે. એના પરથી आखलो 'ખસી ન કરેલો બળદ, ખૂંટ, સાંઢ' થયો છે.

अखियातुं 'સુવાંગ, અખંડ'માં પણ તે आत–પ્રત્યય સાથે છે. (જેમ नधणियातुं, चडियातुं વગેરેમાં છે તેમ.)

હરિવલ્લભ ભાયાણી

ઉર્દૂ કવિ શ્રી મલસિયાની

ઉર્દૂ ભાષાના સારા કવિ, પ્રબંધલેખક અને પત્રકાર શ્રી બાલમુકુંદ અર્શ મલસિયાની ૨૫મી સપ્ટેમ્બરે (૧૯૭૯) દિલ્હીમાં ૭૧ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયા. તેઓ ભારત સરકાર (નવી દિલ્હી)ના પ્રકાશન વિભાગ તરફથી પ્રસિદ્ધ થતા માસિક પત્ર 'ઉર્દૂ આજકલ'ના તંત્રી હતા અને ૧૯૬૭માં ત્યાંથી નિવૃત્ત થયા હતા.

એમના સુપુત્ર શ્રી જોશ મલસિયાનીએ એમના પિતાની ઉર્દૂ કવિતાઓના ત્રણ ખંડ પ્રસિદ્ધ કર્યા છે. એ ઉપરાંત એમના વિવેચનાત્મક નિબંધો વગેરેના પણ નવ ગ્રંથો સંપાદિત કર્યા છે. ઈરાનના સુવિખ્યાત પર્શિયન કવિ સરમદની રુબાઈયાતોનું કાવ્યમય ઉર્દૂ ભાષાંતર પણ એમણે કર્યું છે, અને કવિ ગાલિબ વિષે એમના બે હિંદી ગ્રંથો પણ વાંચવા જેવા છે.

ન્યાયમૂર્તિ અને કલામર્મજ્ઞ ડૉ. પી. વી. રાજમન્નાર

મદ્રાસ પ્રાંતના વરિષ્ઠ ન્યાયમંદિરના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ, લબ્ધપ્રતિષ્ઠ આંધ્ર-સાહિત્ય-સર્જક ને લલિતકલાઓના માર્મિક મનીષી ડૉ. પી. વી. રાજમન્નાર પહેલી ઑક્ટોબરે (ઈ. ૧૯૭૯) મદ્રાસમાં ૭૯ની ઉંમરે અક્ષરધામવાસી થયા.

તેઓ આપણા દેશના એક ઉચ્ચકોટિના ન્યાયમૂર્તિ અને કાયદાશાસ્ત્રી હતા. લાગટ પંદર વર્ષ સુધી તેઓએ મદ્રાસના મુખ્ય ન્યાયાધીશ તરીકે કામ કર્યું હતું. તે ઉપરાંત તેઓ સાહિત્ય, કલા, સંગીત, અર્થશાસ્ત્ર અને લોકપ્રશાસન વગેરે વિષયોના અધિકારી મનીષી હતા. પોતાની માતૃભાષા તેલુગુના તેઓ નામાંકિત સાહિત્યકાર અને નાટ્યકાર હતા. એમનાં એકાંકી નાટકો વધુ વિખ્યાત છે. કેટલાંક નાટકોનું તો ફિલ્માંકન પણ થયું છે. એક સાહિત્યકાર, કલામર્મજ્ઞ અને કલામનીષી તરીકે તેઓ વધુ કીર્તિમંત થયા છે. તેથી તેઓ નવી દિલ્હીના કેન્દ્રીય સંગીત-નાટક અકાદમી અને લલિતકલા અકાદમીના પણ અધ્યક્ષ તરીકે રહ્યા હતા. એક વાર સ્વ. નેહરુજીને એમનો કોઈએ પરિચય કરાવ્યો ત્યારે શ્રી નેહરુએ કહ્યું હતું કે શ્રી રાજમન્નારને તો હું એક કલા-ઉપાસક અને લલિતકલા અકાદમીના વડા તરીકે—કલાના મર્મજ્ઞ તરીકે—વધુ સારી રીતે જાણું છું. તેઓ આંધ્રપ્રદેશના કાયદા-વિશેષજ્ઞ કુટુંબના નબીરા હતા. એમના પિતાશ્રી પી. વેંકટરામન નાયડુ પણ એક સમયે મૈસુર રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ હતા.

લબ્ધપ્રતિષ્ઠ અર્થશાસ્ત્રી શ્રી સી. એન. વકીલ

આપણા દેશના ઉચ્ચ કોટિના અર્થશાસ્ત્રી અને સન્નિષ્ઠ પ્રાધ્યાપક (મુંબાઈ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર અધ્યાપન સંસ્થાનના વડા) શ્રીમાન ચંદુલાલ નગીનદાસ વકીલ ૨૬મી ઑક્ટોબરે ૮૩ વર્ષની ઉંમરે મુંબાઈમાં સ્વર્ગવાસી થયા છે.

તેઓ ભારતમાં જ નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય ખ્યાતિના અર્થશાસ્ત્રી હતા. દેશવિદેશની અનેક વિદ્યાસંસ્થાઓ સાથે એમનો સંબંધ હતો. 'ભારતીય અર્થવ્યવસ્થાનું અધ્યયન' નામક એમનો શોધગ્રંથ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાય છે. વીસ ખંડોમાં ફેલાયેલી અધ્યયનમાળામાંથી શ્રી વકીલે ભારતીય અર્થવ્યવસ્થાનાં જુદાંજુદાં પાસાં પરના ઊંડા શોધકાર્યને સંકલિત કર્યું છે. એમણે લખેલા ગ્રંથોમાં—'ભારતવર્ષ પર યુદ્ધનો આર્થિક ભાર', 'વિશાલ ભારતનાં આર્થિક પરિમાણો', 'વિસ્તારશીલ અર્થવ્યવસ્થા માટે આયોજન' વગેરે ખાસ ગણનાપાત્ર છે. ઈ. ૧૯૩૪માં તેઓ 'ભારતીય અર્થશાસ્ત્ર પરિષદ' (પટણા) અને 'કૃષિ અર્થશાસ્ત્ર પરિષદ' (ત્રિવેન્દ્રમ)ના અધ્યક્ષ હતા. ઈ. ૧૯૬૨માં અમદાવાદ ખાતે મળેલી 'શ્રમ અર્થશાસ્ત્ર પરિષદ'ના પણ પ્રમુખ હતા. ઈ. ૧૯૪૬માં વિશ્વ ખાદ્ય સમસ્યા-સમ્મેલનમાં તેઓએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ઈ. ૧૯૫૭ થી ૧૯૬૦ સુધી એમણે યુનેસ્કોના શોધકેન્દ્ર કલકત્તાનું સંચાલન કર્યું હતું. ત્રણ વર્ષ સુધી તેઓ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિના પદે રહ્યા હતા. અર્થશાસ્ત્ર પરામર્શ સમિતિના સદસ્યના રૂપમાં એમણે ભારત સરકારના યોજના અને વિકાસ વિભાગમાં અર્થશાસ્ત્ર નિષ્ણાત તરીકે કામ કર્યું હતું. એમનું વિસ્તૃત જીવનચરિત્ર 'કુમાર'માં ઈ. ૧૯૬૦ની જાન્યુ.-ફેબ્રુ. અંક (સળંગ અંક ૪૩૩-૪૩૪)માં આવી ગયું છે.

—શંકરદેવ વિદ્યાલંકાર

ની બહુશ્રુતતાની પણ પ્રતીતિ થાય છે.

આજે, જ્યારે આપણો અનુબંધ પ્રકૃતિથી વિચ્છિન્ન થઈ રહ્યો છે ત્યારે આવા પુસ્તકનું વાચન મનુષ્યને પ્રકૃતિનો આહ્લાદ આપી રહે છે. પુસ્તકમાં ઠેર ઠેર આપવામાં આવેલાં ચિત્રો-રેખાંકનો વાચનની આસ્વાદ્યતામાં ઉમેરો કરે છે. ગુજરાતીમાં આ પ્રકારનું આ આગવું પુસ્તક હોઈ તે વિષયના રસિકોને એ અવશ્ય આવકાર્ય થઈ પડશે. ('વનવગડાનાં વાસી', લે. 'વનેચર'; પ્ર૦ ગુજરાત વિદ્યાસભા, પ્રેમાભાઈ હૉલ, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૩૬૨, રૂ. ૫૦.)

નવાં પુસ્તકો

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ, ૩૮૦૦૧૪

ગાંધીજીનો અક્ષરદેહ: મહાત્મા ગાંધીજીનાં પ્રાપ્ત સર્વ લખાણો, પત્રો, ભાષણો-નો સર્વસંગ્રહ આપવાની યોજના અન્વયે ('કુમાર' અંક ૬૦૩) 'ગાંધીજીનો અક્ષરદેહ' એ શ્રેણીમાં ભાગ ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨ અને ૫૩ પ્રકટ થયા છે. ૪૮મા ગ્રંથમાં ૧૯૩૧ના સપ્ટેમ્બરથી ૧૯૩૨ના જાન્યુઆરીની ૩જી તારીખ સુધીનો ગાળો આવરી લેવાયો છે, જેમાં મુખ્યત્વે ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગયા તેટલી સમયાવધિની પરિસ્થિતિનો ચિતાર સાંપડી રહે છે. ૪૯મા ગ્રંથમાં ૪થી જાન્યુઆરીથી ૩૧મી મે ૧૯૩૨ સુધીનો પાંચ મહિનાનો ગાળો આવરી લેવાયો છે. ગાંધીજીના સંપૂર્ણ આરામના આ કાળમાં તેઓ અભ્યાસ, કાંતણ, આકાશનિરીક્ષણમાં જે સમય ગાળતા તેની તસવીર ઊપસવા પામી છે. ૫૦મા ગ્રંથમાં ૧લી જૂનથી ૩૧ ઑગસ્ટ ૧૯૩૨ સુધીનો ત્રણ માસનો સમય વણી લેવાયો છે, જેમાં તે ગાળા દરમિયાનનો એમનો જેલવાસ રજૂ થયો છે. એમાં એમની પ્રાર્થના અને પુરુષાર્થ પરની શ્રદ્ધા વ્યક્ત થયેલી જોઈ શકાય છે. ૫૧મો ગ્રંથ ૧લી સપ્ટેમ્બરથી ૧૫મી નવેમ્બર ૧૯૩૨ સુધીના અઢી માસનો હેવાલ રજૂ કરે છે, જેમાં ખાસ કરીને યરવડા જેલના ઉપવાસની પ્રવૃત્તિનો કાળ મુખ્ય છે ને ઉપવાસ વિષેની એમની વિચારસરણી પણ અહીં વ્યક્ત થયેલી છે. ૫૨મો ગ્રંથ ૧૬મી નવેમ્બર ૧૯૩૨ થી ૧૯૩૩ના જાન્યુઆરીની ૧૦મી સુધીનો ગાળો આવરી લે છે. અહીં રજૂ થયેલા પત્રો અને લખાણો દ્વારા જોઈ શકાય છે કે ગાંધીજી પોતાના રૂઢિચુસ્ત વિરોધીઓ સાથે શાસ્ત્રોના સમ્યક્ હેતુ અંગે અને હિંદુ ધર્મના સારતત્ત્વ અંગે ધીરજપૂર્વક ચર્ચાઓ કરે છે અને પોતાનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરતા જાય છે. ૫૩મો ગ્રંથ જાન્યુઆરી ૧૧થી માર્ચ ૫, ૧૯૩૩ સુધીનો સમય આવરી લે છે, જેમાં સરકાર તથા સનાતનીઓના પ્રતિબંધવાળને કારણે અગાઉ ખૂબ જોરમાં આવ્યું હતું તે અસ્પૃશ્યતા સામેનું આંદોલન કેવી રીતે ધીમું પડતું ગયું તેની ઝાંખી થાય છે. (બધા જ ગ્રંથોનું પાકું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૪૮૬ થી ૫૮૬, પ્રત્યેકની કિ. રૂ. ૨૦.)

આવકાર

કુસુમ પ્રકાશન

૬૧/એ નારાયણનગર • સરખેજ રોડ
અમદાવાદ-૭

જીવનઘડતર: પ્રસિદ્ધ માસિક 'નવચેતન'ના સ્વ. તંત્રી ચાંપશીભાઈએ એ માસિકના પ્રથમ પાને નિયમિત સ્વરૂપે સમકાલીન જીવનપ્રશ્નો પરનું પોતાનું ચિંતન સરળ ભાષામાં રજૂ કરતા જે લઘુ નિબંધો લખ્યા હતા તે વાચકોમાં સારો આવકાર પામ્યા હતા. એનું આ ગ્રંથસ્થ સ્વરૂપ પણ એની આંતરસામગ્રી કેટલી જીવનોપયોગી છે તે પુરવાર કરી આપે છે—તેની આ પાંચમી સંક્ષિપ્ત આવૃત્તિ. (કાચું પૂંઠું, પૃ. ૭૨, રૂ. ૨-૫૦.)

જીવનમાંગલ્ય: સ્વ. ચાંપશીભાઈના જીવનમાંગલ્યને પ્રકટાવતા અને એની રસળતી બનાવટ કરતા ૧૧ લઘુનિબંધો ધરાવતી પુસ્તિકાની આ ત્રીજી સંક્ષિપ્ત આવૃત્તિ એની લોકોપયોગિતા પુરવાર કરી રહે છે. (કાચું પૂંઠું, પૃ. ૬૨, રૂ. ૨-૫૦)

જીવનવિકાસ: સ્વ. ચાંપશીભાઈના ચિંતનાત્મક ૧૩ લઘુનિબંધોની પુસ્તિકાની આ બીજી આવૃત્તિમાં આજના રાજકારણ, સમાજકારણ, શિક્ષણકારણ અને વ્યક્તિજીવનનાં કેટલાંક મહત્ત્વનાં પાસાંને આવરી લેવાયાં છે. (કાચું પૂંઠું, પૃ. ૬૪, રૂ. ૨-૫૦.)

જીવનમાં સુખી થવું છે? જીવનમાં સુખી થવું કોને ના ગમે? 'નવચેતન'ના તંત્રી શ્રી મુકુન્દભાઈ શાહે આ પુસ્તિકાના ૨૦ લઘુલેખોમાં ઐહિક જીવનમાં સુખનો માર્ગ સરળ બનાવવા મનની તાલીમ પર એક યા બીજા દૃષ્ટિબિંદુથી ભાર મૂકી તેની સરળ સદૃષ્ટાંત રજૂઆત કરી છે તે આજના તનાવના સમયમાં સામાન્ય માનવીને પણ ખૂબ જ ઉપયોગી થાય તેવી હોઈ આવકાર્ય છે. (કાચું પૂંઠું, પૃ. ૬૨, રૂ. ૨-૫૦.)

જીવનમાં આગળ વધવું છે? જેણે જીવનમાં આગળ વધવું હોય, સફળતા પ્રાપ્ત કરવી હોય તેણે કેવા ગુણો કેળવવા જોઈએ તેની સચોટ અને સહજ રજૂઆત કરતી મુકુન્દભાઈ શાહના ૨૨ નાના લેખોની આ પુસ્તિકા બીજી રીતે જોવા જઈએ તો મનુષ્યના જીવન-આચારનો લઘુ દસ્તાવેજ બની રહે તેવી છે. 'રોજનું કામ રોજ કરો', 'ઉતાવળથી દૂર રહો', 'જીવનમાં મૂલ્યોનું જતન કરો', 'સંજોગોનો સામનો કરો', 'જીવનને ઉપયોગી સાહિત્ય વાંચો' જેવાં શીર્ષકો જ આ પુસ્તિકાની ઉપયોગિતાની ગવાહી પૂરશે. (કાચું પૂંઠું, પૃ. ૩૨, રૂ. ૧-૫૦.)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરોડ, અમદાવાદ-૧

મૂરલી: લે. ફાધર વાલેસ. પૃ. ૧૭૪, કાચું પૂંઠું, રૂ. ૮.

પુસ્તક પસંદગીના સિદ્ધાંતો: લે. છગનલાલ મથુરદાસ ભેયા. પૃ. ૮૮, કાચું, રૂ. ૫.

મોટા જ્યારે હતા નાના (ભાગ ૧ થી ૫): લે. યશવંત મહેતા. દરેકનાં પૃ. ૩૨, કાચું પૂંઠું, સેટના રૂ. ૨૦

બાળકોનું પંચતંત્ર (ભાગ ૧ થી ૫): લે. યશવંત મહેતા. દરેકનાં પૃ. ૩૨, કાચું પૂંઠું, સેટના રૂ. ૨૦.

અરવિન્દ આશ્રમ

પાંડિચેરી–૨

સુક્તિકા: લે. પૂજાલાલ. પૃ. ૧૩૮, કાચું પૂંઠું, રૂ. ૮.

મુક્તાવલી: લે. પૂજાલાલ. પૃ. ૭૩, કાચું પૂંઠું, રૂ. ૫.

દુર્ગાસ્તોત્ર: પૃ. ૩૧, કાચું, મૂલ્ય નથી.

અન્ય પ્રકાશકોનાં

સ્વપ્ન શિલ્પી: લે. જ્યોતિ થાનકી. પ્ર૦ રક્ષા થાનકી. ૧૧ સ્ટાફ ક્વાર્ટર્સ, ગુરુકુળ, પોરબંદર. પૃ. ૩૦૬, કાચું પૂંઠું, રૂ. ૧૫.

નેવું વર્ષ (ભાગ ૩): લે. યશોધર મહેતા. પ્ર૦ સારાભાઈ ભરકતરામ ઍન્ડ સન્સ, શાહીબાગ, અમદાવાદ-૪. પૃ. ૩૪૪, પાકું, રૂ. ૨૨

મારી અનુભવકથા: લે. નાનજી કાળીદાસ મહેતા. પ્ર૦ આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ, પોરબંદર, પૃ. ૩૬૭, પાકું પૂંઠું, રૂ. નથી.

ડૉકટર, દર્દી અને કાયદો (પ. પુ. નં. ૫૦૧) લે. ડૉ. આર. એમ. ઝાલા. પ્ર. પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, પરિચય ટ્રસ્ટ, મુંબાઈ ૪૦૦૦૦૨. પૃ. ૩૨, કાચું પૂંઠું, રૂ. ૦-૭૫.

આર્યભટ્ટથી ભાસ્કર (પ. પુ. નં. ૫૦૨): લે. કે. એસ. જયરામન, પ્ર૦ ઉપર મુજબ, પૃ. ૩૨, કાચું પૂંઠું, રૂ. ૦-૭૫.

શાકુન્તલેય ભરત: લે. બાબુભાઈ પ્રા. વૈદ્ય. પ્ર૦ સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ. પૃ. ૫૦૪, પાકું પૂંઠું, રૂ. ૨૨-૫૦.

ચુનાવ-પર્વ: લે. નાથાલાલ દવે. પ્ર૦ ગુજરાત લોકસમિતિ, નશાબંધી કમ્પાઉન્ડ, અમદાવાદ ૧. પૃ. ૨૪, કાચું પૂંઠું, રૂ. નથી.

સાહિત્ય સંસ્પર્શ: લે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી. પ્ર૦ ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત. પૃ. ૪૩૨, પાકું પૂંઠું, રૂ. ૩૦.

જીવનમાં સમૃદ્ધ થવું છે: લે. મુકુન્દ શાહ. પ્ર૦ કુસુમ પ્રકાશન, નારાયણનગર, અમદાવાદ-૭. પૃ. ૫૬, કાચું પૂંઠું, રૂ. ૨-૫૦.

પાચનતંત્રનાં દરદોમાં કુદરતી ઉપચાર: ડૉ. હરિકિશનદાસ ગાંધી. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૮૦, કાચું પૂંઠું, રૂ. ૪.

જીવન જીવવાની કલા: મૂળ હિંદીમાં શ્રી વિઠ્ઠલદાસ મોદીએ લખેલા જીવનોપયોગી ૨૮ લઘુલેખોનો સરળ ગુજરાતી અનુવાદ આ ગ્રંથમાં શ્રી મુકુન્દભાઈ પી. શાહે આપ્યો છે. (કાચું પૂંઠું, પૃ. ૧૫૨, રૂ. ૨-૫૦).

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર • હુઝરાતપાગા • વડોદરા-૩૯૦૦૦૧

ઓળિયો: શ્રી વિનોબા ભાવે સાથે વર્ષો ગાળનાર મરાઠી લેખક–વિચારક શ્રી રામભાઉ ગડસકરના મૂળ મરાઠી પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ સર્વશ્રી ગીતાબેન અને પ્રવીણાબેને કરી આપેલો છે. વિનોબાનો સંદેશો લઈને કોઈ ઓળિયો ઘર તે ઘર પહોંચાડવા નીકળ્યો હોય તેવી આ ગ્રંથની સંરચના છે, જેમાં પ્રશ્નોત્તર રૂપે બધી રજૂઆત થયેલી છે. એ રજૂઆતમાં લેખકની આત્મશ્રદ્ધા, નિખાલસતા, તર્કજન્ય સચોટતા અને સાહિત્યિક સ્વાંગ બધું જ કૃતિને આસ્વાદ્ય અને ઉપયોગી બનાવવામાં કામે લાગી રહે છે. (કાચું પૂંઠું, પૃ. ૧૭૭, રૂ. ૩-૭૫).

વીણેલાં ફૂલ ભાગ-૩: 'ભૂમિપુત્ર' પખવાડિકમાં એક પાનાની મર્યાદામાં રહીને નિયમિત રૂપે પ્રકટ થએલી વાર્તાઓમાંની ૬૪ વાર્તાનો આ સંપુટ સુંદર વાર્તાઓ વાંચ્યાનો કલાજન્ય આનંદ તો આપી જ રહે છે, સાથે સાથે વાસ્તવજીવનના કોઈ ને કોઈ દર્શનબિંદુ સાથે વાર્તાઓ સંકળાઈ હોઈ જીવનનો રસ પણ જગાડી જાય છે. મૂળ તો આ દેશની અન્ય ભાષાઓનો અને પરદેશની વાર્તાઓને આધારે સંક્ષેપમાં લખેલ કંઈ કૃતિ કંડારી હોય તેવી આ રચનાઓ, જો કે એ કઈ કૃતિને આધારે છે તે ના જણાવ્યું હોત તો ગુજરાતીની જ મૌલિક કૃતિઓ આપણી જ માની લેવા મન પ્રેરાય તેટલી આપણી પોતીકી ભાસે છે. આ નવ સંસ્કરણ કરનારાં છે 'હરિશ્ચન્દ્ર' અને 'અમૃતા'. (કાચું, પૃ. ૧૪૪, રૂ. ૩)

પચ્ચીસ વર્ષ પહેલાં



ત્યારે ચાલતી 'કચ્છનું સંસ્કૃતિદર્શન' કરાવતી શ્રીરામસિંહજી રાઠોડની લેખમાળામાં પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'ના અંકમાં કચ્છની છેક ઉત્તરે આવેલા એક પ્રદેશ 'પચ્છમ'ની લોકકથા, રણનો કવિત્વમય પરિચય તથા ત્યાંની અભ્યસનીય ઐતિહાસિક, વૈજ્ઞાનિક તથા ભૂસ્તરીય માહિતીઓ આપી હતી. તેમાંથી આ નીચે ઉતારેલો કચ્છના રણને લગતો નીચેનો ફકરો ગયા અંકની 'માધુકરી'માં આપેલા ગુજરાતના બે અખાત-કચ્છ અને ખંભાતના-ને અનુસંધાને ઉપયોગી થઈ પડશે :



કચ્છના રણના હાલ બે વિભાગ છે : સિંધ અને કચ્છની વચ્ચેનો ભાગ તે મોટું રણ, અને કચ્છ સૌરાષ્ટ્ર તથા ગુજરાત વચ્ચે આવેલો ભાગ તે નાનું રણ કહેવાય છે. પેરિપ્લસના સમયમાં મોટા રણ ઉપરનો જળવિસ્તાર સુકાતો જતો હતો, પણ નાના રણ ઉપર તો છેક ચાવડાઓના રાજ્યકાળ સુધી દરિયાનાં મોજાં ઉછળતાં રહ્યાં છે ને વહાણવટું ખેડાયા કર્યું છે. ઈ. સ. ૬૪૧માં ચીની મુસાફર હ્યુએન ત્સાંગે મહીકાંઠાથી શ્રીમાલ તરફ જતાં માર્ગમાં એ સાગરવિસ્તાર જોયો છે.

કચ્છનો એ રણસાગર, ઝિંઝુવાડાના ઝિલ્લાબુંદ બેટ આગળથી, સામુદ્રધુનીના આકારે ગુજરાત અને સૌરાષ્ટ્રની વચ્ચે વહીને નળ સરોવરને પોતાના અંગમાં સમાવતો ખંભાતના અખાતને જઈ મળતો હતો એ તો છેક મુઘલ કાળ સુધીની હકીકત છે. ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેની આ સામુદ્રધુનીને મુસલમાની કાળમાં પ્રવાસે આવેલા યુરોપિયનો સિંધુ નદીનો પ્રવાહ લેખતા. ઈ સ. ૧૫૦૩માં આવેલા વાર્થેમાએ ને ઈ. ૧૬૭૨માં આવેલા બાલ્ડચુસે એ હકીકત લખી છે. આ પછી એ સામુદ્રધુની માત્ર ચોમાસા ને તે પછીના થોડાક માસ સુધી વહાણવટા માટે કામ લાગવા માંડી. છેક ૧૭૮૮ સુધી વર્ષમાં છ માસ તો ઘોઘાનાં વહાણો પાટણવાડે આવી ત્યાંનો કપાસ ભરૂચ લઈ જતાં એમ સરકારી દફતરો ઉપરથી જણાય છે. ૧૮૨૩ની સાલમાં રૉયલ એશિયાટિક સોસાયટીના જર્નલમાં લેખ લખતાં મૅકમર્ડો જણાવે છે કે તેના સમયમાં વર્ષના છ માસ સૌરાષ્ટ્ર ગુજરાતથી છૂટું રહે છે ને કચ્છના રણ તથા ખંભાતના અખાતના વિસ્તાર વચ્ચે એક સામુદ્રધુની અસ્તિત્વમાં આવી જાય છે. ઈ. સ. ૧૮૨૦ના ધરતીકંપના પરિણામે સૌરાષ્ટ્ર દ્વીપ મટી કાયમને માટે ગુજરાત સાથે સંધાઈ દ્વીપકલ્પ બની રહ્યો. આ બનાવ પછી જ ઈ. સ. ૧૮૬૬માં વીરમગામથી વઢવાણ સુધી રેલવેના પાટા નાખી શકાયા ને ત્યાર પછી ધોળકા-ધંધુકા વચ્ચે નખાયા. હજી પણ અતિવૃષ્ટિના સમયે ગુજરાત અને સૌરાષ્ટ્ર એકબીજાથી જુદાં પડી જાય છે, બંને રેલવે લાઇનો ડૂબી જાય છે, કચ્છના રણથી તે ખંભાતના અખાત સુધી નળકાંઠા ઉપર થઇને વિશાળ જળપ્રવાહ વહેવા લાગે છે અને તેની નીચે ભાલની ધરતી ઢંકાઈ રહે છે. ઈ. ૧૯૨૭ની અતિવૃષ્ટિમાં એમ જ બનેલું.

('ભૂતકાળની શોધમાં' નામના શ્રી અમૃત વ. પંડયાના લેખમાંથી-જુઓ સાથેનો નકશો.)

એ જ અંકમાંથી ઉતારેલા નીચેના ફકરા પણ રસદાયક થઈ પડશે :

ચાર દિલોજાન દોસ્ત. બધા ખૂબ જ પૈસાવાળા. તેમાંથી એકને જ્યારે લાગ્યું કે હવે મરણકાળ પાસે આવે છે ત્યારે ત્રણે મિત્રોને બોલાવી પોતાનું આયુષ્ય ખૂબ જ ટૂંકું છે એમ જાણ કરી અને પછી પૂછયું : 'મિત્રો, બોલો, મારા મરણ બાદ મારી એક ઇચ્છા પૂરી કરશો?' દરેક મિત્ર ગળગળો બની ગયો અને પોતે જરૂર પોતાના મિત્રની અંતકાળની ઇચ્છા પૂરી કરશે એવું વચન આપ્યું. એટલે તેણે કહ્યું : 'ભાઇઓ, મારી શબપેટી (coffin) જમીનમાં દાટવા માટે જ્યારે ખાડામાં ઉતારે, ત્યારે તેની ઉપર તમે દરેક જણ, એકએક ગીની મૂકશો ?' મિત્રો તો આ વિચિત્ર માગણી સાંભળી આભા જ બન્યા. સૌએ સંમતિ દર્શાવી.

થોડે દિવસે મિત્ર મરણ પામ્યો. બધા સ્મશાનયાત્રામાં ગયા અને જ્યાં શબપેટી નીચે ઉતારવામાં આવી ત્યાં પહેલે વચન પ્રમાણે પોતાનું પાકીટ ખોલી તેમાંથી એક સોનામહોર કાઢી અને શબપેટી ઉપર મૂકી. બધા ડાઘુઓ તો આશ્ચર્યચકિત થઈ ગયા અને તેનું કારણ પૂછવા લાગ્યા. સૌને તેણે મિત્રની અંતિમ ઇચ્છાની વાત કરી અને કહ્યું કે આ બે મિત્રો પણ તે મૂકવાના છે. બધા આ સાંભળીને વિસ્મયથી બાકીના મિત્રો સામે જોવા લાગ્યા. બીજા મિત્રને લાગ્યું કે ગીની મૂકવામાં તો વાંધો જ નથી; આપણે બોલ્યા પણ છીએ; પરંતુ કૉફિન પર મૂકેલી ગીની તો આ ખાડામાં દટાઈ જવાની છે. એમાં લાભ કોને ? એટલે તેણે ખિસ્સામાંથી ચેકબુક કાઢીને મરનારના નામનો એક ગીનીનો 'બેરર'નો ચેક લખી શબપેટી ઉપર ગોઠવ્યો અને મનમાં સંતોષ અનુભવ્યો કે મિત્રનું વચન પણ પળાયું અને ગીની પણ બચી. આ ચેક કોઈ વટાવવા જવાનું નથી.

ત્રીજો મિત્ર આ બધું જોતો હતો. તે વેપારી હતો, એટલે તેણે વિચાર ગોઠવ્યો કે અહીં પણ વેપાર જ કરીએ. તેણે પણ ચેકબુક કાઢી અને મરનારના નામનો ત્રણ ગીનીનો 'ઑર્ડર'નો ચેક લખીને તે શબપેટી ઉપર મૂક્યો ત્યાં પડેલી એક સોનામહોર અને 'બેરર'નો ચેક બંને પોતે ઉપાડી લીધાં ! એટલે કે એણે ત્રણ ગીનીનો ચેક મૂકી બે પાછી લીધી ! બેરરનો ચેક તો કોઈ પણ વટાવી શકે, પરંતુ ઑર્ડરનો ચેક તો મરનારની સહી વિના વટાવાનો જ નહિ. આમ પોતે આપેલું વચન પણ રાખ્યું અને નિરાંતે બે ગીની કમાઇને પોતાને રસ્તે પડયો.

દેવો ધાધલ

ગુજરાતી વાઙ્મયમાં સાગરસાહિત્યના પ્રથમ સર્જક સ્વ. 'સુકાની'ની સાહસિક વીરત્વભરી રોમાંચક સાગરકથાની બીજી આવૃત્તિ. (રજિ. પો. સાથે રૂ. ૧૭-૭૫) કુમાર કાર્યાલય લિમિ.

ધાર્મિક સંજ્ઞાઓ

હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, બૌદ્ધ, જૈન એમ અનેક ધર્મો આજે દુનિયામાં પ્રચલિત છે. આ બધા ધર્મોમાં એક યા એકાધિક કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓ જે તે ધર્મના પ્રતીક રૂપે યા શુભ સંકેત રૂપે જાણીતી છે.

જ્ઞાનના કોઈ પણ ક્ષેત્રની મૂળભૂત ધારણા, જેના પર એ ક્ષેત્રની ઈમારત રચાઈ હોય, એ અસલમાં તો એક ભાવવાચક ખયાલ હોય છે. જ્યાં સુધી આ ખયાલ દશ્યમાંથી અદશ્ય ને જ્ઞાતમાંથી અજ્ઞાત પ્રતિ જવાના સિદ્ધાંતને અનુસરે નહિ ત્યાં સુધી એ સર્વગ્રાહી બની ન શકે. આ વિચારમાં જ સંજ્ઞાની ઉપયોગિતા ને જરૂરતનો પાયો છે. આમ વિધવિધ સંજ્ઞાઓ જ્ઞાનવિજ્ઞાનમાં તેમ ધર્મોમાં પણ આવશ્યક બની ગઈ છે; કેમ કે ધર્મો, ઈશ્વર, મનુષ્ય, સર્જન, મનુષ્યનું ભાવિ, સારાનરસાપણાના પ્રશ્નો વગેરે અત્યંત ભાવાત્મક અને ગહન હોઈ એને સમજવા યોગ્ય સંજ્ઞાઓ અને કલ્પનાઓ જરૂરી છે. એક વાર આ સંજ્ઞા દ્વારા તેનો કેન્દ્ર-વિચાર સર્વગ્રાહી બને એટલે પછી આધ્યાત્મિક વિકાસના માર્ગે જવાની પ્રેરણાઓનો એ સ્રોત બની જાય છે.

આ રીતે એ પ્રણવમંત્રની માફક શ્રાવ્ય યા ક્રૉસની માફક દશ્ય હોઈ શકે. શિવલિંગની માફક ઈશ્વરી શક્તિનું પ્રતીક હોઈ શકે યા ધર્મચક્રની જેમ પૂર્ણતાના માર્ગનું નિદર્શક હોઈ શકે.

ધારો કે અ એક બિંદુ છે અને અબ એક સરળ રેખા. અહીં 'ધારો કે' શબ્દ વાપરવો પડયો છે. જેને લંબાઈ કે પહોળાઈ નથી એવા આદર્શ બિંદુ કે જેને માત્ર લંબાઈ છે અને પહોળાઈ નથી તે સરળ રેખા દ્વારા જે સૂચવવું છે તે દર્શાવવા બિંદુ કે રેખા અંકિત કરવાં પડે છે. આ બિંદુ અને રેખા એ આમ, જે કહેવાનું છે તેનાં સંકેત બને છે. એ દેખાય છે તો તદ્દન સામાન્ય પરંતુ ભૂમિતિનું સમગ્ર જ્ઞાન પેલા 'ધારો કે' શબ્દથી આરંભાઇને આ અને આવા અન્ય સરળ સંકેતો પર આધારિત છે અને તેના થકી અનેક આલિશાન બાંધકામો વગેરે સરજી શકાયાં છે. જીવન સમગ્ર પણ આમ, એક યા બીજી સંજ્ઞાઓ વિના અશક્યવત્ છે. અરે, આ ભાષા ખુદ પણ એક રીતે તો સંજ્ઞા જ છે ને?

આમ, જેમ જ્ઞાન-વિજ્ઞાનમાં તેમ ધર્મોમાં સંજ્ઞાઓ આવશ્યક છે ને તેનું આગવું મહત્ત્વ ને અર્થઘટન છે.

હવે પછી અહીં આપણે વિધવિધ ધાર્મિક સંજ્ઞાઓને ટૂંકમાં સમજવાનો પ્રયત્ન કરીશું.



માધુકરી

મારે થાવું કુસુમ સમ ના કોમળું-ઉગ્ર, કિંવા
થાવું મારે બીજ લઘુક જે વૃક્ષથી યે મહાન.
વાંછુ ના હું સમદરકરે નાચતું નાવ થાવા,
થાવું સાચી દિશ સૂચવતું માત્ર નાનું સુકાન.
છોને હું ના કનકદીવડી, કોડિયું માટીનું યે
ઉજ્જ્વાળું કો ગૃહ ગરીબનું, તો યે મારે ઘણું ય.

('સિસ્રવ'માંથી) —વેણીભાઈ પુરોહિત

સંગીતાચાર્ય કૈલાસચન્દ્રદેવ બૃહસ્પતિ

ગયા વર્ષ (૧૯૭૯)ની ૩૦મી જુલાઇએ મધ્યરાત્રિમાં સેરિબ્રલ હેમરેજને કારણે આપણા યુગના એક મહાન સંગીતશાસ્ત્રી આચાર્ય કૈલાસચન્દ્રદેવ કુરુક્ષેત્રમાં દેવલોકવાસી થયા. એમના અવસાન સાથે ભારતીય સંગીત વિષે ચાલી રહેલા શોધકાર્યનો એક યુગ પૂરો થઈ ગયો.

વર્તમાન સંગીત-વ્યવહારને દરબારી ઉસ્તાદી અને સંગીતજીવીઓના કંઠ અને અંગુલીઓમાંથી કાઢીને લિપિબદ્ધ કરવાનું વિપુલ કાર્ય પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડેએ કર્યું જેથી આ લલિત કલા વારસાગત સિવાયનો જિજ્ઞાસુઓ ને સુરસિકોને પણ સુલભ બની શકે. તે પછી આજની એ વિદ્યાને સંગીતના પ્રાચીનતમ ગ્રંથો અને વ્યવહાર સાથેના સંબંધને સ્પષ્ટ કરવાનું મહત્ત્વપૂર્ણ અને ગૌરવશાળી કાર્ય આચાર્ય શ્રી બૃહસ્પતિજી દ્વારા સંપન્ન થયું છે. મહામંડલેશ્વર, અભિનવગુપ્ત, સારંગદેવ, કલ્લીનાથ અને પાર્શ્વદેવ જેવા સંગીતવિદ્યાના વ્યાખ્યાકારોની પરંપરાના વર્તમાન પ્રવર્તકોમાં આચાર્ય બૃહસ્પતિજી મોખરે હતા. સંગીતના શાસ્ત્રીય અધ્યયનની પરંપરાના ઉચ્છેદની શતાબ્દીઓ બાદ પ્રાચીન આચાર્યોના સિદ્ધાન્તોને એમણે સ્પષ્ટ કરી આપ્યા એ એમનું એક મહાન પ્રદાન છે:

ઉત્તર પ્રદેશનું એક નાનું રજવાડું રામપુર, મુઘલ દરબારોથી છૂટા થએલા વિદ્વાનો અને સંગીતજીવીઓનું આશ્રયસ્થાન હતું. એ રામપુરમાં ત્યાંના રાજપંડિત દત્તરામજીના શાસ્ત્રીય સંગીતસેવી ઘરાનામાં ઈ. ૧૯૧૮માં રામપુરમાં શ્રી બૃહસ્પતિજીનો જન્મ થયો. આ રામપુરના નવાબ સાહેબ આમિદઅલીખાં અને છમ્મનસાહેબના ઔદાર્ય અને સહાયથી જ પંડિત ભાતખંડેજીના સમસ્ત ગ્રંથોની રચના થઈ શકી હતી. એ રામપુરમાં સંગીતજ્ઞોના વ્યાવહારિક શિક્ષણ અને કુલ-પ્રદત્ત સંસ્કૃત ભાષાના જ્ઞાનના સુભગ સંયોગથી આ વિદ્યાઓ અને કળાઓનો વારસો પંડિત બૃહસ્પતિજીમાં ઊતર્યો અને તેથી જ તેઓ પ્રાચીન ગ્રંથોની વ્યાખ્યા કરવામાં સમર્થ થઈ શકયા.

આ રામપુરના એક નામી ઉસ્તાદ મિયાં નવાબ મિર્ઝા પાસેથી સ્વરશિક્ષા તથા પ્રખ્યાત પખવાજ-વાદક શ્રી અયોધ્યાપ્રસાદજી પાસેથી તાલપ્રયોગની તાલીમ બૃહસ્પતિજીએ પ્રાપ્ત કરી હતી. ત્યાર બાદ તરુણ બૃહસ્પતિજી પોતાના ઉચ્ચ શિક્ષણ માટે લાહોરની સનાતન-ધર્મ કૉલેજમાં ગયા ને ત્યાં મહામહોપાધ્યાય પંડિત પરમેશ્વરાનંદના પ્રિય શિષ્ય તરીકે પ્રથમ નંબરે આચાર્ય-પરીક્ષા પાસ કરી. ઈ. ૧૯૩૬માં એ રામપુર આવ્યા અને ત્યાં જ કૉલેજમાં પ્રાધ્યાપક થઈને ફરીથી પોતાની સંગીત-સાધના શરૂ કરી.



આ અધ્યાપનકાળ એમના જીવનમાં મોટી તપસ્યાનો કાળ હતો. ત્યારના અલ્પજ્ઞ સંગીતકારો આર્ષ ગ્રંથોનો ઉપહાસ કરતા હતા. પ્રાચીન પદ્ધતિના મૂર્છના, ગ્રામ અને શ્રુતિ જેવા

પારિભાષિક શબ્દોને અસંગત કહેવાની એક ફૅશન થઈ ગઈ હતી. કેટલાક પાશ્ચાત્ય લોકો ભારતીય સ્વરશાસ્ત્રનો ઉદ્‌ગમ ગ્રીસદેશ હોવાનું કહેતા હતા તેમના પ્રભાવમાં આવીને દેશી સંગીતશાસ્ત્રીઓ પણ ભરતાચાર્ય અને શારંગદેવના ગ્રંથોને વાંચ્યા વગર એમને અસ્પષ્ટ અને દુર્બોધ કહેવા લાગ્યા હતા.

આવા વિષમ સમયમાં બૃહસ્પતિજીએ પોતાના ગુરુ મિર્ઝા નવાબ હુસેનના આદેશથી પ્રાચીન ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન અને અનુશીલન કરીને તેના ઉપર વિશદ વ્યાખ્યાનો આપીને તથા લેખો લખીને તેના ગૌરવને બિરદાવવાનું શરૂ કર્યું.

દસમી શતાબ્દી પહેલાં સમગ્ર ભારતમાં પ્રચલિત મૂર્ચ્છના પદ્ધતિ અને ગ્રામ-ભેદને મૂર્ત રૂપ આપવા માટે આચાર્યજીએ 'બૃહસ્પતિ વીણા' અથવા 'શ્રુતિદર્પણ' નામક તંતુવાદ્યની રચના કરી. સાથે જ 'બૃહસ્પતિ કિન્નરી' નામક વાદ્ય તૈયાર કર્યું, જેમાં સ્વરોની સ્થાપના ભરતમુનિના સિદ્ધાંત પ્રમાણે પરદાઓ ગોઠવીને કરવામાં આવી હતી.

બૃહસ્પતિજીની આ બધી સાધના અને પ્રવૃત્તિઓથી દિવંગત સંગીતાચાર્ય પંડિત ઓમકારનાથ ઠાકુર ખૂબ પ્રભાવિત થયા. એમણે કહ્યું કે આટલી નાની ઉંમરમાં સંગીતશાસ્ત્રમાં આવી તલસ્પર્શિતા સુધી પહોંચેલા સંગીતજ્ઞો મેં ઘણા ઓછા જોયા છે. અને એમની રચનાઓનું ગુજરાતી અને મરાઠીમાં ભાષાન્તર કરવાનું સૂચવ્યું.

શ્રી બૃહસ્પતિજીની દેશવ્યાપક કીર્તિની શરૂઆત તો મુંબાઈમાં ઈ. ૧૯૫૨ના એપ્રિલમાં આયોજિત સેમિનાર (ગોષ્ઠિ)થી થઈ. શ્રી બ્રજ-નારાયણજી દ્વારા યોજાએલી સુર-સિંગાર-સંસદ્‌ની આ ગોષ્ઠિમાં પ્રો. વાસુદેવ શાસ્ત્રી, ઠાકુર જયદેવસિંહ, પ્રો. પરાંજપે, પ્રો. દેવધર જેવા સંગીત-મર્મજ્ઞો અને શ્રી રહીમુદ્દીન ખાં ડાગર તથા બડે ગુલામઅલી ખાં જેવા મૂર્ધન્ય સંગીતકારો એકત્ર થયા હતા. આ સભામાં બૃહસ્પતિજીએ ભરતમુનિના ગ્રંથના આધારે ભારતીય સંગીતશાસ્ત્રના સનાતન સિદ્ધાંતોનું દિગ્દર્શન કરાવ્યું ને એમના શિષ્ય ભીષ્મદેવ વેદીએ 'બૃહસ્પતિ વીણા' પર શાસ્ત્રોક્ત સપ્તકની સ્થાપના કરી બતાવી. ત્યાર પછી ષડ્‌જ ને મધ્યમ ગ્રામોનો પારસ્પરિક પ્રભેદ સ્પષ્ટ કરી બતાવ્યો અને ભરત પદ્ધતિના શુદ્ધ ને વિકૃત સ્વર તથા મૂર્ચ્છના સિદ્ધાન્તની સ્પષ્ટતા કરી. 'બૃહસ્પતિ વીણા' ઉપર જ ચતુઃસારણા પ્રક્રિયા દ્વારા બાવીસ શ્રુતિઓને પ્રત્યક્ષ કરી બતાવી. આ વીણામાં બાવીસ શ્રુતિઓ પૃથક્ પૃથક્ સંભળાતી ઉપસ્થિત ગુણીજનોએ આચાર્ય બૃહસ્પતિજીના પ્રયોગોની ખૂબ સરાહના કરી.

આ યાત્રા પછી તો આચાર્યજી પ્રતિવર્ષ મુંબાઈ આવતા થયા. આ દરમિયાન એમણે રામપુરના નિસારખાંના પુત્ર ગુલામ મુસ્તફાખાંને પ્રાચીન સંગીતની જાતિઓના પૂર્ણ સ્વરૂપની તાલીમ આપી અને એના પ્રયોગ કરાવ્યા. ઈ. ૧૯૫૮માં કાનપુરમાં ગાયનાચાર્યશ્રી વિનાયકરાવ પટવર્ધનજીએ આ ગાનની ખૂબ પ્રશંસા કરી. ઈ. ૧૯૫૧થી ૧૯૬૨ના ગાળામાં મુંબાઈની અનેક સંગીત ગોષ્ઠિઓમાં આ ગાન અનેક વાર રજૂ કર્યું અને શ્રોતાઓને મુગ્ધ કરી દીધા. દિલ્હીની સંગીત-નાટક-અકાદમીએ આ ગાનોની રેકૉર્ડો પણ તૈયાર કરાવી.

આચાર્યજીને કાવ્યકલાનો પણ સારો શોખ હતો. એમણે 'પાર્વતી-લાસ્યમ્' નામક પ્રબંધની રચના કરી છે. વ્રજભાષામાં સેંકડો રચનાઓ લખી છે. ભરતનાટ્યશાસ્ત્રના અઠ્ઠાવીસમા અધ્યાય પર 'સાધના' નામક હિન્દી ભાષ્ય અને 'સંજીવનમ્' નામક સંસ્કૃત ભાષ્ય લખ્યાં છે. આધુ-નિક રાગોમાં સંખ્યાબંધ બંદિશો તૈયાર કરી છે.

ઈ. ૧૯૬૫માં તેઓ કાનપુરથી વિદાય લઈને દિલ્હી ગયા અને આ-કાશવાણીમાં સંગીતના મુખ્ય પ્રોડ્યૂસર નિમાયા. ત્યાર પછી ત્યાં જ સંગીત, વ્રજભાષા ને સંસ્કૃત વિભાગોના સલાહકાર બન્યા. ઈ. ૧૯૭૫માં ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના પરામર્શદાતા નિમાયા.

રેડિયોમાં આવ્યા પછી પણ આચાર્યજીનું સર્જનકાર્ય તો પૂર્વવત ચાલુ રહ્યું જ હતું. રેડિયો વિભાગમાંથી નિવૃત્ત થયા પછી પણ એમનું શોધ-કાર્ય ને શિક્ષણકર્મ ચાલ્યા કર્યું. એમનું સારગર્ભિત પુસ્તક 'ભરતમુનિના સંગીતસિદ્ધાંત' ૧૯૫૯માં પ્રસિદ્ધ થયું. આચાર્યજી ભારતીય સંગીત-શાસ્ત્રના સંશોધનમાં અદ્‌ભુત કાર્ય કરી ગયા છે.

આચાર્યજીની અન્ય ગ્રંથરચનાઓ આ પ્રમાણે છે: ૧) ધ્રુવપદ ઓર ઉસ કા વિકાસ, ૨) સંગીત ચિંતામણિ, ૩) મુસલમાન ઔર ભારતીય સંગીત, ૪) ખુસરો, તાનસેન તથા અન્ય કલાકાર, ૫) સંગીત સમય-સાર-ચિંતન, ૬) ભરત નાટ્યશાસ્ત્ર કે અઠ્ઠાવીસવેં અધ્યાયકી સ્વર-વિધિ.

—શંકરદેવ વિદ્યાલંકાર

ખગ્રાસ સૂર્યગ્રહણ

પૃથ્વીની પરિક્રમા કરતો ચન્દ્ર મહિનામાં એક વાર પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવતો હોય છે. એવે સમયે તે ક્યારેક સૂર્યની આડે આવી સૂર્યપ્રકાશને પૃથ્વી પર પહોંચતો અટકાવે છે. આ ઘટના સૂર્ય-ગ્રહણ છે. સૂર્યગ્રહણ હમેશાં અમાસના દિવસે થાય છે. અમાસના દિવસે ચંદ્રનું દર્શન થતું હોતું નથી, પણ સૂર્યગ્રહણના દિવસે તે કાળા બિંબના રૂપમાં સૂર્યના તેજસ્વી બિંબને ઢાંકી દેતો દેખાય છે.

સૂર્યગ્રહણના દિવસે સૂર્ય ચંદ્રની પાછળ આવી જવાથી ચંદ્રનો પડછાયો પૃથ્વીની દિશામાં લંબાતો હોય છે. ચંદ્રના આ પડછાયાના બે વિભાગ છે: એક એ પડછાયાની વચ્ચેનો છાયાશંકુ સ્વરૂપનો પ્રચ્છાયા (umbra) ભાગ ને બીજો તેની આજુબાજુનો ઉપચ્છાયા (penumbra) ભાગ. પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર હમેશાં એકસરખું હોતું નથી એ આપણે જાણીએ છીએ. એટલે સૂર્યગ્રહણ વખતે ચંદ્ર જો પૃથ્વીની નજીક હોય તો તેની પ્રચ્છાયાની ટોચ પૃથ્વી સુધી પહોંચી શકે, અને ત્યારે એના છાયાપટમાં આવનારા પૃથ્વીપ્રદેશના લોકો સૂર્યને ચંદ્રના કાળા બિંબ વડે સંપૂર્ણપણે ઢંકાઈ જતો જુએ છે. મતલબ કે એમને સૂર્યનું ખગ્રાસ (total) ગ્રહણ દેખાય છે. એથી ઊલટું, ચંદ્ર જો પૃથ્વીથી વધુ દૂર હોય, અને છાયાશંકુની ટોચ પૃથ્વી સુધી ન પહોંચી શકે તેમ હોય તો એ ટોચની નીચે આવતા પૃથ્વીપ્રદેશોમાં સૂર્યનું કંકણાકૃતિ (annular) ગ્રહણ દેખાય છે. ખગ્રાસ સૂર્યગ્રહણ વેળા છાયાશંકુનો ટોચ ભાગ પૃથ્વી પર સરકતો રહેતો દેખાય છે. આ ટોચ ભાગ દ્વારા પૃથ્વીની સપાટી પર અંકાતા છાયાપટની પહોળાઈ સામાન્યતઃ સવાસો કિલોમીટરની આજુબાજુની હોય છે. આ છાયાપટની પહોળાઈ, પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અંતરના કારણે ચંદ્રબિંબની ઓછીવધતી પહોળાઈ પર આધાર રાખે છે.

ચંદ્રગ્રહણને પૃથ્વીના અર્ધા ભાગમાંથી જોઈ શકાય છે, મતલબ કે એ સમયે પૃથ્વી પર જ્યાં-જ્યાંથી ચંદ્રને જોઈ શકાતો હોય ત્યાં બધે એનું ગ્રહણ દેખાય છે. આ પરથી લોકો સામાન્યપણે એમ માને છે કે વર્ષ દરમિયાન ચંદ્રગ્રહણો જ વધુ થતાં હોય છે. જ્યારે સૂર્યગ્રહણ પૃથ્વી પરના અમુક ભાગ પરથી જ—એટલે કે જ્યાં ચંદ્રનો પડછાયો પડતો હોય તે જ ભાગ પરથી દેખાય છે. વાસ્તવમાં વર્ષ દરમિયાન વધુમાં વધુ સાત ગ્રહણો થાય છે, જે પૈકી પાંચ સૂર્યનાં અને બે ચન્દ્રનાં યા ચાર સૂર્યનાં અને ત્રણ ચંદ્રનાં હોય છે. વર્ષ દરમિયાન ગ્રહણોની ઓછામાં ઓછી સંખ્યા બેની છે, અને આશ્ચર્યની વાત એ છે કે આ બંને ગ્રહણો સૂર્યનાં હોય છે. એક અંદાજ છે કે કુલ સૂર્યગ્રહણોમાંથી લગભગ પાંત્રીસ ટકા ખંડગ્રાસ (partial), બત્રીસ ટકા કંકણાકૃતિ ને પાંચ ટકા ખગ્રાસ ને કંકણાકૃતિ બંને તથા અઠ્યાવીસ ટકા ખગ્રાસ હોય છે. સરાસરી દર ત્રણ વર્ષમાં બે સૂર્યગ્રહણો ખગ્રાસ હોય છે.


ગ્રહણોની બીજી એક ખાસિયત એમના 'સૅરોસ' (Saros) ચક્રની છે. આ ચક્રની અવધિ ૨૨૩ સૌર ચાંદ્રમાસની છે. આ સમય દરમિયાન

થનારા ગ્રહણો તમનું ચક્ર પૂરું થયે બીજા સરોઝ ચક્રમાં ફરી એ જ ક્રમમાં થયાં કરે છે. ૨૨૩ સોર ચાંદ્રમાસનો સમય ૧૮ વર્ષ અને ૧૧ૃ દિવસ બરાબર છે. સરોઝ ચક્ર અનુસાર થતાં ગ્રહણોની બીજી વિશેષતા એ છે કે તે બધાં ગ્રહણો મૂળ સ્થાને ન થતાં તેનાથી ૧૨૦ રેખાંશ પશ્ચિમે આવેલાં સ્થળે થાય છે. દા. ત. આજે બપોરે અમદાવાદમાં સૂર્યગ્રહણ દેખાયું છે, તો તેનું જ ગ્રહણ ૧૮ વર્ષ અને ૧૧ૃ દિવસ પછી એ ગ્રહણ વખતે અમદાવાદમાં બપોર નહિ હોય, પરંતુ બપોર પછી ૄ દિવસ વીતી ગયો હશે, અને તેથી ઉક્ત ગ્રહણ અમદાવાદથી આઠ કલાક જેટલે છેટના—એટલે કે ૧૨૦ રેખાંશ દૂરના પશ્ચિમ ભાગના સ્થળે દેખાશે. એક સરોઝ ચક્ર દરમિયાન કુલ ૭૧ સૂર્યગ્રહણો થાય છે, જે પૈકીનાં અર્ધા જેટલાં ખંડગ્રાસ અને બાકીનાં ખગ્રાસ તથા કંકણાકૃતિ હોય છે.

સૂર્યનું પૂર્ણ ગ્રહણ એ કુદરતનું એક ભવ્ય-સુંદર દર્શન છે. અને અભ્યાસની દષ્ટિએ પણ ખગોળશાસ્ત્રીઓને ખગ્રાસ સૂર્યગ્રહણમાં જ રસ હોય છે. ગ્રહણનો સમય અગાઉથી જાણી શકાતો હોઈ દૂરબીન ઇત્યાદિ ખગોલીય સાધનોથી સજ્જ થઈ તેઓ એ દેખાવાનાં સ્થળોએ અભ્યાસાર્થે પહોંચી જાય છે. આવતા ફેબ્રુઆરીની ૧૬મી તારીખે (મહા માસની અમાસે) શનિવારે ભારતમાં દેખાનારા ખગ્રાસ સૂર્યગ્રહણનાં નિરીક્ષણો અંગેની તૈયારીઓ અમેરિકામાં તેમ જ અન્યત્ર ક્યારની શરૂ થઈ ગઈ છે. આ ગ્રહણ દક્ષિણ ભારતના કારવાર, હુબળી, રાયચુર, રંગપુર, કુર્નૂલ, ગડગ, પુરી, ભુવનેશ્વર વગેરે સ્થળોએ ખગ્રાસ રૂપમાં દેખાશે, જ્યારે તેની ઉપરનીચેનાં અન્ય સ્થળોએ તે ખંડગ્રાસ રૂપે દેખાશે. પૃથ્વી પર દક્ષિણ અક્ષાંશ ૧ અને પશ્ચિમ રેખાંશ ૧૫ પરના સ્થળેથી આરંભાઈને ઉત્તર અક્ષાંશ ૨૭ અને પૂર્વ રેખાંશ ૧૦૮ વાળાં સ્થળે તે દેખાતું બંધ થશે. આ રીતે તે આટલાંટિક મહાસાગરમાંથી આરંભાઇને મધ્ય આફ્રિકા, અરબી સમુદ્ર, ભારત, બ્રહ્મદેશ અને મધ્ય ચીન સુધીના પ્રદેશોમાં જોવા મળશે. પૂર્ણ સૂર્યગ્રહણનું દર્શન એક બહુ પ્રભાવક ને ઉત્તેજનાપૂર્ણ અનુભવ છે. ઘણા લોકો તેનાથી વંચિત હશે, એટલે સૂર્યના પૂર્ણ ગ્રહણ સમયે શું શું દેખાય છે તેનું વર્ણન ઈષ્ટ રહેશે.

ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે ચંદ્રબિંબ સૂર્યના ઝળહળતા બિંબને ઢાંકી દેવાનું શરૂ કરે ત્યારથી માંડી તે તેને પૂરેપૂરું આવરી લે ત્યાં સુધીમાં સૂર્યપ્રકાશ ઉત્તરોત્તર વધુ ને વધુ મંદ પડતો જાય છે. સૂર્યતેજની પ્રખરતાને કારણે આ મંદતા એકદમ પારખી શકાતી નથી. સૂર્યતેજ મંદ પડવા સાથે પૃથ્વીની હવા પણ ધીરેધીરે ઠંડી પડવા લાગે છે. સૂર્ય જેમજેમ વધુ ગ્રસાતો જાય તેમતેમ આકાશ ને જમીન પર કસમયનું ધૂંધળાપણું પ્રસરતું જાય છે, અને હવે થોડા સમયમાં જ રાત પડશે એવા ભ્રમમાં પડી પક્ષીઓ અને પશુઓ પોતાના રેનબસેરા તરફ પાછાં વળવા માંડે છે. ખીલે બાંધેલાં પશુઓ પણ અશાંતિ અનુભવે છે. દર્શકોનાં મનમાં પણ આતુર ચંચળતા પ્રવેશે છે. ગ્રહણના નિરીક્ષણાર્થે એકઠા થએલા ખગોળશાસ્ત્રીઓને આ સમયે ભડક રહ્યા કરે છે કે બરાબર ખગ્રાસ ટાણે જ જો વાદળ ચડી આવે કે ઉલ્કા ઝબકી ઊઠીને બધો ખેલ બગાડી તો નહિ નાખે ? પૂર્ણ ગ્રહણ દેખાય તે પહેલાં પોતાની આસપાસના પલટાતા ઢંગથી દર્શકો વધુ અભિભૂત બનતા જાય છે.

ઘટનાચક્ર હવે ઝડપથી આકાર લેવા માંડે છે. ચંદ્ર વડે ઢંકાએલા સૂર્યબિંબની પાતળી કોર જ ઢંકાવાની બાકી રહે ત્યારે પૃથ્વી પર નિસ્તેજ કાલિમા છવાઈ જતી દેખાય છે. થોડી જ વારમાં અનેક કિલોમીટર પહોળો એક શ્યામપટ આકાશમાં ઉદ્ભવી અવની પર ઊતરી આવવા સાથે એની





△ સૂર્યગ્રહણ સમયે સૂર્યનો પૂર્ણ ગ્રાસ થવાની ઘડીએ જોવા મળતાં અદ્ભુત દશ્યો. (ડાબી બાજુથી) ચંદ્ર સૂર્યને પૂર્ણતઃ ઢાંકી દે તેની છેલ્લી ઘડીએ ચંદ્રના કાળા બિંબની આસપાસ, ચંદ્રની ખડકાળ સપાટી વચ્ચેના ખીણ સમા ખાંચાઓમાંથી આવતાં સૂર્યકિરણોના કારણે દેખાતી 'બેઈલીની મુક્તામાળા' અને (વચ્ચે) રત્નજડિત વીંટી જેવો દેખાવ. આ પછી તુરત જ સૂર્યબિંબ સંપૂર્ણતઃ ઢંકાઈ જતાં ચંદ્રબિંબની આસપાસ સૂર્યના કિરીટાવરણની તેજસ્વી આભા દેખાય છે. ભાગ્યે જ એકાદ-બે મિનિટથી વધુ એ દેખાય છે.

આગળ આગળ પંદરેક સેન્ટીમીટર પહોળા અને એકબીજાથી થોડા વધુ દૂર એવા શ્યામ પટ્ટાઓ (Shadow-bands) પાણીનાં મોજાંની પેઠે વૃક્ષો અને દીવાલો કૂદતાં આગળ ધસતાં દેખાવા લાગે છે. જમીન પર જો સફેદ ચાદર બિછાવી રાખી હોય તો આ શ્યામ પટ્ટા વધુ સ્પષ્ટતાથી જોઈ શકાય છે. આ પટ્ટાઓની પાછળ પાછળ જ ચંદ્રનો ખરો પડછાયો—પ્રચ્છાયા—ધસી આવતો દેખાય છે. લગભગ પચાસેક સેકંડનું આ દશ્ય એક પ્રકારની ભયમિશ્રિત ઉત્તેજના પ્રકટાવે તેવું હોય છે.

ચંદ્ર દ્વારા સૂર્યબિંબ પૂરેપૂરું ઢંકાઈ જવાની ક્ષણે તેની ચારે બાજુ ચળકતાં મોતીની માળા જેવું એક અદ્ભુત દશ્ય સર્જાય છે. ક્યારેક આ ક્ષણે હીરાજડિત વીંટી જેવો દેખાવ પણ સર્જાય છે. સૂર્ય સંપૂર્ણ ઢંકાઈ જવાની એ પળે ચંદ્રના પહાડોની વચ્ચેના ખીણપ્રદેશોની વચ્ચેવચ્ચે ઝબકતા સૂર્યપ્રકાશની આ કરામત છે. નિમિષ માત્રમાં એ વિલુપ્ત થઈ જાય છે અને સૂર્ય સંપૂર્ણ ઢંકાઈ જતાં સર્વત્ર અંધકાર ફેલાઈ જાય છે. અત્યાર સુધી આસમાની દેખાતું આકાશ એકાએક ઘેરા નીલ વર્ણનું બની જાય છે. સૂર્યના અદશ્ય થવા સાથે એ સમયે આકાશમાં તારા પણ દેખાવા લાગે છે. એક નીરવ સ્તબ્ધતા જાણે ચોપાસ પસરી જાય છે. હવામાં ઠંડીનું હળવું મોજું પ્રસરવા લાગે છે. નિશાચર પશુપક્ષી રાત પડયાના ભ્રમમાં પોતાની રાત્રિચર્યા આરંભવા પ્રવૃત્ત થાય છે. શંકુછાયાની બહારના પૃથ્વી-વિસ્તારમાંના પહાડ, વૃક્ષ, વાદળ વગેરે છાયામૂર્તિઓનું રૂપ દાખવતાં લાગે છે. દિવસ છતાં અંધકારમાં ઝબોળાએલી સૃષ્ટિનું ભયોત્પાદક વિચિત્ર ભૂતિયું દર્શન છે. રાહુની ચૂડમાં ફસાએલા સૂર્યને તેમાંથી મુક્ત કરાવવા ભાવિક લોકો જાપ જપવા માંડે છે.

પણ થોડી જ ક્ષણોના આ ખેલ દરમિયાન સૂર્ય તરફ દષ્ટિ કરતાં ત્યાં કાળા ચંદ્રબિંબની આસપાસ પાછળ ઢંકાએલા સૂર્યના વાતાવરણની તેજસ્વી આભા જોવા મળે છે. સૂર્યના કિરીટાવરણ (corona)નું એ દશ્ય છે. ખગ્રાસ સૂર્યગ્રહણ સિવાય દેખાવું અસંભવ છે. આકાશમાં દૂર





બાજુમાં આપેલા ભારતના નકશામાં બતાવેલી બે ત્રાંસી સમાન્તર રેખાઓની વચ્ચેનો ભાગ એ આવતી ૧૬મી ફેબ્રુઆરીએ થનારા ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે પૃથ્વી ઉપર પડતા ચંદ્રના છાયાપટનો માર્ગ છે. આ માર્ગ પરના પ્રદેશમાં સૂર્યનો પૂર્ણ ગ્રાસ થતો દેખાશે. આમાં હૈદરાબાદની દક્ષિણે રંગપુરની બરાબર ઉપરથી આ છાયાપટ પસાર થાય છે, અને રંગપુરમાં ઓસ્માનિયા યુનિવર્સિટીની વેધશાળા છે, જ્યાં ભારતનું મોટામાં મોટું—૧૨૦ સે. મી. વ્યાસવાળું દૂરબીન હોઈ ત્યાં આ ખગ્રાસ ગ્રહણનું વિગતે નિરીક્ષણ કરવાનો એક બહુ સારો યોગ થાય છે. આ છાયાપટની બહારના પ્રદેશોમાં આ ગ્રહણ ખંડગ્રાસ રૂપે દેખાશે. અમદાવાદમાં બપોરે ૨-૨૦ થી ૪-૫૦ સુધી દેખાનારા આ ગ્રહણમાં સૂર્યબિંબનો પોણા ભાગ જેટલો ગ્રાસ થતો જોઈ શકાશે. આ સૂર્યગ્રહણ છેક ઍટલાંટિક મહાસાગરથી આરંભાઇને આફ્રિકા, અરબી સમુદ્ર, ભારત અને મધ્ય ચીન સુધીના પ્રદેશમાં દેખાશે, જે ઉપરના નાના નકશામાં કાળી પહોળી રેખા દ્વારા દર્શાવ્યો છે. આ જ રીતે હવે પછીનાં આવાં જ બે બીજાં ખગ્રાસ સૂર્યગ્રહણો દેખાવાનો વિસ્તાર તથા તેની તારીખો પણ નકશામાં બતાવી છે.

ઊંડે સુધી પહોંચતી અંધારી સુરંગના ગોળ મુખ સમા દેખાતા કાળા ચંદ્રબિંબની આસપાસ ફેલાએલા નિસ્તેજ સાંધ્યતેજ સમા દેખાતા સૂર્યના આ કિરીટાવરણના હલકા ઝાંખા રંગની તેજપતાકાઓની વચ્ચે-વચ્ચે સૂર્યના જ્વાળાપિંડો (prominences) પણ જોવા મળે છે. વિવિધ સ્થળેથી ફૂટી નીકળતા આ જ્વાળાપિંડો ભિન્નભિન્ન સ્વરૂપો દાખવવા ઉપરાંત એમનાં ઉત્પત્તિસ્થાનનાં રંગાવરણ (chromosphere) અને પ્રતિવર્તી (યા પલટાતા) આવરણ (reversing layer)નાં પણ દર્શન કરાવી દે છે. માત્ર થોડી જ ક્ષણો પર્યંત દેખાનારાં આ બધાં દૃશ્યોને દર્શકો કેટલાં પચાવી શકે છે તેનો આધાર એમની નિરીક્ષણશક્તિ પર રહે છે. ખગોળશાસ્ત્રીઓને ખગ્રાસ સૂર્યગ્રહણમાં જે રસ છે તે આ થોડી પળોનાં દૃશ્યોમાં જ છે.

કુદરતનો આ અદ્‌ભુત ખેલ થોડા જ સમયમાં પૂરો થઈ જાય છે. એ પછી તુરત ગ્રહણમુક્તિનો આરંભ થાય છે. ઓચિંતા એક તેજ ઝબકાર સાથે પેલી મુક્તામાળા ને હીરકમુદ્રિકા ફરી પ્રકટ થાય છે. એ દેખાય ન દેખાય તેટલામાં તો ચંદ્રબિંબની આસપાસ દેખાતું સૂર્યનું કિરીટાવરણ અલોપ થઈ જાય છે અને ત્યારે પૃથ્વીપટ પર દૂર સરકતા શંકુછાયા-પટના ઊર્ધ્વગમન સાથે તેજછાયાના ક્ષયોત્પાદક પટ્ટા નાચતાકૂદતા દેખાવા લાગે છે. અને તે પછી તુરત જ સૂર્યની જરાક ખુલ્લી થએલી કિનાર પરથી સૂર્યના તેજનો ઝગઝગાટ પ્રકટી ઊઠે છે. ૫૦ થી ૬૦ સેકંડમાં જ આ પૂર્ણગ્રહણ પહેલાંની બધી ઘટના એથી ઊલટા ક્રમમાં પૂરી થઈ જઈ ધીરેધીરે દિવસનું અજવાળું પાછું ફરે છે.

કુદરતનો આ સમગ્ર ખેલ એક મિનિટથી માંડી વધુમાં વધુ સાતેક મિનિટમાં પૂરો થાય છે. આ દર્શન સૂર્યના પૂર્ણતઃ ઢંકાએલા રહેવાના સમય પૂરતું—સામાન્યતઃ ત્રણેક મિનિટ જેટલું (યા સહેજ વધુ-ઓછું) હોય છે. ઈ. ૧૯૫૫ની ૨૨મી જૂને થયેલું ખગ્રાસ સૂર્યગ્રહણ અસામાન્ય રીતે લાંબા—સાત મિનિટથી પણ સહેજ વધુ સમય ટકી રહેલું. જ્યારે હવે પછી થનારાં ગ્રહણો પૈકી ૩૧ જુલાઈ ઈ. ૧૯૮૧ તેમ જ ૩ ઑક્ટોબર ૧૯૮૬ના રોજ થનારાં સૂર્યગ્રહણોની ખગ્રાસ-અવધિ ૧ મિનિટની છે, જ્યારે આ ૧૬મી ફેબ્રુઆરી (૧૯૮૦) અને ૧૧ જુલાઈ-૧૯૯૧નાં ગ્રહણોની અવધિ અનુક્રમે ૪ મિનિટ અને ૬ મિનિટની છે.


આટલા ટૂંકા સમયમાં તો વિજ્ઞાનીઓ અનેક નિરીક્ષણો-પરીક્ષણો કરી લે છે. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદની સત્યતા ચકાસવામાં ખગ્રાસ સૂર્યગ્રહણનાં નિરીક્ષણોનો પણ ઉત્તમ ફાળો હતો. સૂર્ય ઉપરનાં રેડિયો ઉદ્‌ગમનાં ચોકસ સ્થાન જાણવામાં, પૃથ્વીના વાતાવરણ દ્વારા થતા પ્રકાશ-ઉત્સર્જન, મેરુ જ્યોતિનાં દિવસે અને રાતે દેખાતાં સ્વરૂપોનો તફાવત, ગ્રહણ સમયે આયનાવરણમાં થતા ફેરફારો, ચંદ્રકક્ષા અંગેની સૂક્ષ્મ વિગતો વગેરે અંગેનાં નિર્ણયો ખગ્રાસ સૂર્યગ્રહણ સમયે જ થઈ શકે છે. ક્વચિત વણપેખ્યા રહેલા નિસ્તેજ ધૂમકેતુનું અસ્તિત્વ પણ ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે જાણવા મળે છે. પણ હજી ગ્રહણ સમયે દેખાતા પેલા તેજતિમિરના પટ્ટાનું રહસ્ય છતું થયું નથી.

ખગ્રાસ સૂર્યગ્રહણ નિતાન્ત સુંદર પ્રાકૃતિક દૃશ્ય હોવા છતાં, ગ્રહણ સમયે સૂર્ય સામે નરી આંખે કદી જોવું નહિ, અને તેની સામે દૂરબીન તો હરગીઝ તાકવું નહિ. ઘેરા રંગનાં ફિલ્ટર, ગૉગલ્સ કે સનગ્લાસનો પણ ઉપયોગ કરવો નહિ. માત્ર તેલિયા દીવાની મેશ વડે અત્યંત કાળો કરેલો કાચ અથવા એક્સપોઝ થઈ ગએલી ફોટોગ્રાફીની કાળી ફિલ્મને ત્રેવડી-ચોવડી કરીને તેની આરપાર સૂર્ય સમક્ષ દૃષ્ટિ માંડવી કંઈક સલામત છે, અને તે પણ બહુ થોડા સમય માટે જ. અન્યથા આંખને ખૂબ નુકસાન પહોંચે છે.

('સુગણિતમ'માંના ડૉ. છોટુભાઈ સુથારના લેખમાંથી તારવીને)

ધાણાજીરું

ધાણા અને જીરું બંનેમાં ઘણાં સારાં પોષક તત્ત્વો રહ્યાં છે, પ્રોટીન, ચરબી, ચૂનો, લોહ, કેરોટીન રૂપે વિટામિન એ, વિટામિન બી$_1$ બી$_2$—બધાંનું પ્રમાણ ઘણું સારું છે. પ્રોટીન તો ધાન્યો કરતાં પણ વધુ છે. વળી ચરબી (તેલ) તો બાજરી, મકાઈ અને ચણા કરતાં પણ ત્રણ-



આકાશદર્શન માસમાસમાં દેખાતા પ્રથમ નજરે જ ધ્યાન ખેંચે તેવા મુખ્ય મુખ્ય તેજસ્વી તારાઓ અને મોટા ભાગનાં તારામંડળોનો પરિચય આપણે કર્યો. હવે થોડા વધુ આગળ વધીએ. આ નકશામાં ડિસેમ્બરથી મે માસ દરમિયાન મધ્યાકાશમાં દેખાતાં તારામંડળો અને તેમાંના મુખ્ય મુખ્ય તારાઓ દર્શાવ્યાં છે. આકાશદર્શનમાં સૌપ્રથમ ધ્યાન ખેંચે છે તેમની ઓછીવધતી તેજસ્વિતા. નકશાઓમાં તે તારાઓના નાનામોટા કદથી દર્શાવાય છે. અલબત્ત, આ નકશામાં તેમને તેમની તેજસ્વિતાના ચોક્કસ પ્રમાણમાં નથી આપ્યા. પણ તેમાંના સૌથી વધુ તેજસ્વી તારાઓ—જેમને પ્રથમ વર્ગના તારા કહે છે તેમને પંચકોણ તારાના આકારમાં બતાવ્યા છે. તારાની આ તેજસ્વિતા એ માત્ર પૃથ્વી પરથી આપણને નરી આંખે દેખાતી તેજસ્વિતા છે, જે તારાના પોતાના તેજ તથા પૃથ્વી અને તેના સ્થાનની વચ્ચેના અંતર પર આધારિત છે. નકશામાં એક જ સપાટીએ દેખાતા તારાઓ હકીકતે તો એકબીજા આગળપાછળ હોય છે એની પણ આપણને ખબર છે. તારાની તેજસ્વિતા ને વર્ગ વગેરે વિષે હવે આપણે આગળ ઉપર જોઈશું. આકાશદર્શનમાં બીજો મુદ્દો ધ્યાન ખેંચે છે તે એ છે કે તેઓ બધા પૂર્વમાંથી પશ્ચિમ તરફ આકાશના (નકશામાં પૂર્વ હમેશાં ડાબી તરફ ને પશ્ચિમ જમણી તરફ દર્શાવાય છે.) સતત ખસતા દેખાય છે. આ રીતે કોઈ પણ ચોક્કસ સ્થળેથી આજે ઉદિત થતા દેખાતા તારા બીજી રાતે ચાર મિનિટ વહેલા ઊગતા દેખાય છે, અને પૂરા એક વર્ષના અંતે એ પોતાની આ પરકમ્માનું એક ચક્ર પૂરું કરે છે. એટલે જ તો આકાશના માસવાર નકશા દર વર્ષે એક સરખા જ હોય છે. આ બધાંનાં કારણો તથા અન્ય કેટલીક નવી વિગતો હવે પછીના મહિનાઓમાં આપણે જોતા જઈશું. આ નકશામાં તારામંડળો ઉપરાંત તીરકસ દિશામાં નદી જેવો જે પટ બતાવ્યો છે તે આકાશગંગાનો પટ છે. —બિ. ઠાંક

ગણી છે. ધાણામાં ચૂનો ધાન્યો કરતાં સોળ ગણો અને જીરામાં લગભગ પચીસ ગણો છે. આયુર્વેદ પ્રમાણે ધાણા દીપક, પાચક અને કફપિત્ત-નાશક છે અને જીરું પણ દીપક, પાચક ઉપરાંત વાયુપિત્તહર, બલપ્રદ, કૃમિઘ્ન અને મૂત્રલ છે. તાવમાં શરીરે બળતરા અને ગળામાં શોષ પડતો હોય ત્યારે પાણીમાં છ સાત કલાક પલાળી રાખેલા ધાણા મસળીને પાણી ગાળીને ચમચી ચમચી પાવાથી બળતરા અને શોષ મટે છે. પેટમાં કૃમિ-થયા હોય તો દિવસમાં ત્રણ વખત બે-ત્રણ વાલ જેટલો જીરાનો ભૂકો પાણી સાથે ફાકવાથી મોટાંના, અને જીરું ખાંડી પાણીમાં મસળી તેનું ગાળેલું પાણી ચમચી ચમચી પાવાથી બાળકોના પેટના કૃમિ ઝાડા વાટે નીકળી જાય છે. લીલા ધાણા એટલે કોથમીર. તેમાં આંખને હિતકર કેરોટીન રૂપે વિટામિન એ અને સી સારા પ્રમાણમાં છે. આદુ, ફુદીનો વગેરે સાથે તેની ચટણી કરીને રોજ ખાવાથી આ વિટામિનોનો લાભ મળે. કોથમીરમાં ચૂનો અને લોહ સારા પ્રમાણમાં છે.

(સ્વસ્થ માનવ) —ચંદુલાલ દવે

આગામી માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૩/૧૯૪૮ શ્રીલંકા (સીલોન)ને ૪૩૨ વર્ષે સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. ઈ. પૂર્વે ૫૦૦માં દક્ષિણ ભારતીય રાજાઓએ ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપેલું. ઈ. ૧૮૧૫ સુધી તેમના વંશજોએ ઓછા-વધતા પ્રમાણમાં ત્યાં રાજ કર્યું. ૧૨૯૪માં પહેલો યુરોપવાસી માર્કોપોલો ત્યાં પહોંચ્યો. ૧૫૦૫માં ફિરંગીઓ. ૧૬૫૮માં વલંદા અને ૧૭૯૬માં અંગ્રેજો ત્યાં પહોંચ્યા. આ બધાએ થોડોથોડો સમય ત્યાં રાજસત્તા ભોગવ્યા બાદ અંતે અંગ્રેજો ત્યાં સ્થિર થયા અને એ ૨૫,૩૩૨ ચો. માઈલના એ વિશાળ ટાપુને પોતાના કબજામાં રાખ્યો હતો.

તા. ૪/૧૬૭૦ આત્મબલિદાન આપીને તાનાજી માલુસરેએ સિંહગઢ પર વિજય મેળવ્યો. એ અતિ દુષ્કર (સિંહ)ગઢ પામ્યા છતાં સિંહ(તાનાજી) ગુમાવ્યા બદલ અફસોસ કરનાર એના મહારાજા અને મરાઠા રાજ્યના સ્થાપક શિવાજીનો શિવનેરીમાં જન્મ પણ આ ફેબ્રુઆરી માસની ૧૯મી તારીખે ઈ. ૧૬૩૦માં થયેલો.

તા. ૧૩/૧૮૬૬ 'મારે તેની તલવાર'ના ન્યાયે 'વાઈલ્ડ વેસ્ટ'ના નામે અમેરિકાનો કેટલોક વિસ્તાર કુખ્યાત હતો. એ જમાનામાં આ તારીખે મિસુરીમાં લિબર્ટી મુકામે એક બૅન્ક પર ધાડ પાડી દોઢ લાખ ડૉલરની જંગી લૂંટ કરીને જેસ્સી જેમ્સની ટોળીએ પોતાની બદનામ કારકિર્દિનો આરંભ કર્યો. એને જીવતો કે મરેલો પકડવા એ જમાનામાં બહુ મોટું એવું ૧૦,૦૦૦ ડૉલરનું ઈનામ જાહેર થયેલું. 'જેસ્સી જેમ્સ' નામની ફિલ્મમાં એના આ બહારવટી જીવનનો અચ્છો ચિતાર રજૂ થયેલો છે.

૧૪/૧૪૮૩ ઈબ્રાહીમ લોદીના અસંતુષ્ટ ઉમરાવોના આમંત્રણથી તેના પર ચઢાઈ કરીને હિંદુસ્તાનમાં મુઘલ સલ્તનતનું બીજ રોપનાર, પિતૃપક્ષે તેમૂર અને માતૃપક્ષે ચંગીઝખાનનો વંશજ ઝહીરૂદીન મહંમદ-બાબરનો ફરઘાનના બાદશાહ ઉમર શેખને ત્યાં જન્મ. હિંદુસ્તાનમાં ચાલતી અવ્યવસ્થા સામે સેનાપતિ વરીકેની કુનેહ અને લશ્કરી કાર્યદક્ષતાથી એણે ઉત્તર હિંદનો ઘણો ભાગ જીતી લીધેલો. પણ એના રાજ્યને હિંદવ્યાપી બનાવ્યું એના પૌત્ર જલાલુદ્દીન અકબરે. આ અકબર પણ ઈ. ૧૫૫૬ના ફેબ્રુઆરીમાં ૧૪મી તારીખે તેર વર્ષની વયે તખ્તનશીન થયેલો. પિતા હુમાયુંના અવસાન સમયે શેરશાહ, મહમદશાહ આદિલ, સિકંદર સૂર અને મહમદશાહનો કર્તાહર્તા વજીર હેમુ પણ એ ગાદીના ઉમેદવારો હતા, અને એટલે જ હુમાયુંના મૃત્યુના સમાચાર દબાવી રાખીને પંજાબના ગુરુદાસપુર તાલુકામાં કલાનોર ગામે અકબરનો રાજ્યાભિષેક કરવામાં આવેલો. પ્રતિસ્પર્ધીઓને હટાવીને, અને છેલ્લે ૧૫૬૦માં ખુદ બહેરામખાંને પણ રાજકાજમાંથી છૂટો કરી સ્વતંત્ર સ્વભાવના મહત્ત્વાકાંક્ષી અકબરે સઘળો કારભાર પોતાને હસ્તક લઈ ધીરેધીરે મુઘલ સલ્તનતને ચરમ ટોચે પહોંચાડી. અકબરના પૌત્ર શાહજહાંનો કાળ એ મુઘલાઈનો મધ્યાહ્ન હતો. શાહજહાંએ અનેક ભવ્ય સુંદર સ્થાપત્યો રચ્યાં, પણ તેની લશ્કરી અને તંત્રવિષયક અક્ષમતાના કારણે મુઘલાઈના અસ્તનાં બીજ પણ એના સમયમાં જ રોપાયાં. એના પુત્ર ઔરંગઝેબે પોતાની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવા એને આગ્રાના કિલ્લામાં બંદીવાન બનાવ્યો, ને એ અવસ્થામાં જ ઈ. ૧૬૬૬માં એનું મૃત્યુ થયું તે પણ ફેબ્રુઆરીમાં જ ૨૭ તારીખે. અને ઔરંગઝેબનું પોતાનું મૃત્યુ પણ ઈ. ૧૭૦૭ની ૨૧મી ફેબ્રુઆરીએ થયેલું. પોતાના વસીયતનામામાં એણે સૂચવેલું કે પોતે જાતે બનાવેલી ટોપીઓના વેચાણમાંથી ઉપજેલા ચાર રૂપિયા અને બે આનાનું સાદું કફન ઓઢાડી, ઉઘાડે માથે અને મૌલવી પાસે ધાર્મિક વિધિ કરાવી તેને દફનાવવો, તથા પોતાની પાછળ પોતે ઉતારેલી કુરાનની નકલોની આવકના ૩૦૫ રૂપિયાની ખેરાત કરવી. પોતાની બેગમની કબર ઉપર એણે તાજમહાલની નકલ સમો ભવ્ય મકબરો બંધાવ્યો હતો, પણ એની ખુદની કબર તો તદ્દન સાદી જ રખાવી હતી. ઔરંગાબાદ જનાર પ્રવાસીઓ એ મકબરો અને આ કબર આજે પણ અચૂક જોવા જાય છે. પોતાની જાતની શુદ્ધતા માટે એણે જેટલી ચુસ્ત કાળજી રાખી એટલી પ્રજાની ને રાજ્યની રાખી હોત તો એક કાળની જાહોજલાલ મુઘલાઈ એના પછી ચૂંથાઈ ન જાત.

તા. ૧૭/૧૯૨૦ હિંદી પ્રજાએ પાંચ લાખ રૂપિયા આપીને જલિયાંવાલા બાગ ખરીદી લીધો.

તા. ૨૫/૧૮૨૬ યુનાઈટેડ સ્ટેટ્સમાં ચલણી નોટો વ્યવહારમાં દાખલ કરવામાં આવી.

તા. ૨૯/૧૮૯૬ ભારતના તાજેતરના ભૂતપૂર્વ વડા પ્રધાન મોરારજીભાઈ દેસાઈનો જન્મ.'



અંધારી રાત્રે સૂમસામ રસ્તા પર એક માણસ ચાલ્યો જતો હતો. એવામાં અચાનક એક ભાઈએ આવીને કહ્યું : 'મહેરબાન, એક દસ પૈસાનો સિક્કો આપશો ?'

'જરૂર; પણ આટલી રાત્રે દસ પૈસાને તમે શું કરશો ?'

'અમે બે જણા છીએ. સિક્કો ઉછાળીને નક્કી કરીશું કે કોણે તમારી ઘડિયાળ લેવી અને કોણે પાકીટ ?'

બે જણ ઝવેરીની દુકાન સામે ઊભા રહી શો કેસમાં રાખેલું ઝવેરાત ધ્યાનથી જોતા હતા. એકે તેમાંનો એક હીરો બતાવી પૂછ્યું : 'આ કેવો લાગે છે ?' પેલાએ કહ્યું : 'ખૂબ સુંદર.'

'એમાંથી આપણને કેટલું મળશે ?'

'પાંચથી માંડીને સાત વરસ. એ તો જજ પર આધાર રાખે છે.'

એક સભામાં એક સુંદર મહિલાએ જરા ઊંચા સ્વરે કહ્યું : 'પુરુષો પોશાકની બાબતમાં ઘણા બેપરવા હોય છે. જુઓને, આ જ સભામાં સૌથી સુંદર જવાને પોતાની ટાઈ બરોબર બાંધી નથી.' આ સાંભળીને બે ડઝન યુવકોના હાથ તેમની ટાઈ પર ગયા.

શિક્ષક : સંધિ એટલે શું ?

વિદ્યાર્થી : બે શબ્દોનું જોડાણ, જે વડે અર્થનો અનર્થ થઈ જાય છે. જેમ કે મહાન+આસ્તિક=મહાનાસ્તિક



(જનસત્તામાં સ્વ. 'શિવ')

બળું નનું તો યજ્ઞવેદીમાં જનક જબવતો વજ્ઞુઓ,
યા વજ્ઞુરોપી બલિદાનોની કુંડમાળનો મણકો.

—'શેખર'

મુંબાઈની એક વીમા કંપનીએ કામની અછતને લીધે સોળ માણસો કમી કર્યા ત્યારે, એ સોળમાં જેનું નામ ન હતું એવા એક યુવાને એ સોળમાંના એક વૃદ્ધને બદલે પોતાને છૂટો કરવાની મૅનેજરને વિનતિ કરી, ને કહ્યું કે હું તો ગમે ત્યાં કામ શોધી લઈશ પણ એ વૃદ્ધને નહિ મળે. અને આમ છૂટા થએલા એ યુવાનને ચાર જ દિવસમાં નોકરી મળી પણ ગઈ.

અંકસંદર્ભ-નવ : ભોજના દરબારનાં નવ (માનવ)રત્નો–ધન્વંતરી, ક્ષપણક, અમરસિંહ, શંખ, વેતાળભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર, વરરુચિ.

કહેવતોના અર્થ : 'વળીને માથે એક ખીલો પણ મોભના માથામાં સો ખીલા.'–અનેક વળીઓ જેને આધારે રહી છે એ મોભમાં એક એક વળીએ તો એક એક જ ખીલો જડેલો હોય છે, પણ મોભને તો બધી વળીઓના ખીલા સહન કરવાના હોય છે. એ હકીકત પર રચેલી આ કહેવતનો ભાવ સ્પષ્ટ છે કે નાનાની જવાબદારીઓ ઓછી હોય છે અને મોભી-અગ્રણી કે મોટાની જવાબદારીઓ જેટલી તેની ચિંતા હોય છે. એને મળતી બીજી કહેવતો : 'સંપત તેવી વિપત', 'મોટાનાં દુઃખ મોટાં' વગેરે.



'શૅઈમ સ્ટૅમ્પ' નામની મોંકે કાઢેલી નવતર શરમ ટિકિટ. સાઈપ્રસ ટાપુને ગ્રીસ સાથે ભેળવી દેવા સામે ઇંગ્લૅંડની આમસભામાં જે ચર્ચા ચાલી તેના અહેવાલ ઉપર શાહીનો મોટો ધબ્બો (શરમસૂચક) પાડીને રચી છે.

क्षुधातुराणां न बलं न बुद्धिः
तृषातुराणां न च पात्र-शुद्धिः ।
कामातुराणां न भयं न लज्जा
निद्रातुराणां न च भूमि-शय्या ॥

ભૂખથી વ્યાકુલ વ્યક્તિમાં બળ ને બુદ્ધિ નથી રહેતી; તરસ્યા માણસને પાત્રની સ્વચ્છતાનો વિવેક રહેતો નથી; કામી પુરુષોને કોઈ જાતનો ડર કે શરમ હોતાં નથી; ને નિદ્રાળુને એ ખબર નથી હોતી કે હું ધરતી પર છું કે પથારીમાં.

ગણિતગમ્મત

$૨^{૩}\times(૦)$ ... ... $+૧=૧^{૨}$
$૨^{૩}\times(૧)$ ... ... $+૧=૩^{૨}$
$૨^{૩}\times(૧+૨)$ ... ... $+૧=૫^{૨}$
$૨^{૩}\times(૧+૨+૩)$ ... ... $+૧=૭^{૨}$
$૨^{૩}\times(૧+૨+૩+૪)$ ... ... $+૧=૯^{૨}$
$૨^{૩}\times(૧+૨+૩+૪+૫)$ ... ... $+૧=૧૧^{૨}$
$૨^{૩}\times(૧+૨+૩+૪+૫+૬)$ ... $+૧=૧૩^{૨}$
$૨^{૩}\times(૧+૨+૩+૪+૫+૬+૭)$ ... $+૧=૧૫^{૨}$

(મ. ના. ખત્રી)

મૂળાનાં પાંદડાંનો રસ ૧૦૦ ગ્રામ અને લસણની કળી ૫૦ ગ્રામને લસોટી તે લોશન ખરજવા પર ૮ થી ૧૦ દિવસ લગાડી જોજો.

તમે કેટલી વસ્તુઓ ધરાવો છો, કેટલા ભોગ ભોગવો છો તેના કરતાં તમે કેટલી વસ્તુઓ વિના ચલાવી શકો છો એમાં તમારું આત્મગૌરવ છે.

અનેકાર્થી શબ્દ : રાગ=અવાજ, કંઠ; આસક્તિ; ગુસ્સો કે રીસ; તકલીફ; મેળ કે અનુકૂળતા; ચંદ્ર; સૂર્ય; પરાગ; શાન, વર્ણન; વાર્તા; સંધ્યા સમયનો આકાશનો રંગ; સુરીલો, મધુર અવાજ; એક છંદનું નામ.

પ્રાણીઓનાં સરેરાશ આયુષ્ય

પ્રાણી	વર્ષ
માણસ	૧૧૫
હાથી	૭૦
વ્હેલ માછલી	૩૭
ઘોડો	૬૨
ચિમ્પાન્ઝી વાંદરો	૨૬
સિંહ	૧૮
કૂતરો	૩૪
ઉંદર	૨ થી ૩
ગીધ	૬૮ થી ૧૧૮
પોપટ	૮૨
કબૂતર	૩૦
મોરેશ્યસનો વિરાટ કાચબો	૧૪૦
સામાન્ય કાચબો	૧૨૫
દેડકું	૬
કરચલો	૨૦
અળસિયું	૧૦

(સમર્પણ) —દિગંબર સ્વાદિયા



કલાકણિકા : ગઈ સદીના કચ્છી ભરતકામનો એક નમૂનો. રંગરંગીન રેશમી દોરાથી ભરેલી ફૂલપાનની આ શોભનભાત કચ્છના વેરાન પ્રદેશમાં આંખને તૃપ્ત કરવામાં કેટલો ભાગ ભજવતો હશે ! અને આની પાછળની મહેનતમાં કચ્છી નારીની ગૃહસજાવટની લગન પણ ખરીને ?